शेठ वसनजी त्रीकमजी तरफथी भेट.

સંસારમાં સુખ

ક્યહાં છે ?

अंदर जोनारने ते मळशे.

આવૃત્તિ બીજી—પ્રત ૨૦૦૦.

वा. मो. शाह.

સંસારમાં સુખ ક્યહાં છે ?

ભાગ ૧ લો.

લખનાર,

વાડીલાલ મોતીલાલ શાહ

અધિપતિ 'જૈનસમાચાર,' 'જૈનહિતેચ્છુ' તથા

'હિંદી જૈન હિતેચ્છુ.'

અમદાવાદ.

આવૃત્તિ ૨ જી–પ્રત ૨૦૦૦.

જગતમાં સુખનો પ્રકાશ ફેલાતો જોવાની ઇચ્છાથી

વિના મૂલ્યે ફેલાવવા માટે

પ્રસિદ્ધકર્ત્તા,

વસનજી ત્રિકમજી જે. પી.

મુંબઈ.

ઈ. સ. ૧૯૧૦

અમદાવાદ: શ્રી "ભારતબંધુ પ્રીન્ટીંગ વર્કસ" માં
શાહ વાડીલાલ મોતીલાલે છાપ્યું.

અર્પણ પત્રિકા.

વિશ્વમાં સુખ છાકમછોળ હોવા છતાં સ્વાર્થી વિચારો
અને 'અશ્રદ્ધા'ના જે રાહુઓ પોતાનો પડછાયો
મનુષ્યના હૃદયપર પાડીને તે છાકમછોળ
સુખના પ્રકાશને તે હૃદયનો સ્પર્શ જ થવા
દેતા નથી; તે રાહુના શિરને છેદીને
અખીલ વિશ્વમાં પ્રકાશને રેલછેલ

કરનાર

તે

મહાન્ આત્માઓને

ત્હેમની કૃપાનું આ એક ન્હાનકડું ફળ

અર્પણ હો !

૩૨૪૦.

પ્રસ્તાવના.

દુનીઆ એટલી બધી દુઃખી જણાય છે કે એને સુખનો બતાવવાનું વચન આપીને પ્રસ્તાવનાનું પુરાણ ગાવામાં વખત ડવો એ કદાપિ 'દાઝયા ઉપર ડામ' દીધા જેવું વર્તન ગણ એવા ડરથી હું પ્રસ્તાવનાનું પિંજણ કરવા જ ઇચ્છતો નથી. તે વળી આ પુસ્તક કાંઇ પૈસા ઉપજાવવા માટે કહાડવામાં આવતું ન કે જેથી એના દરેકે દરેક પ્રકરણમાં શું શું મહાન ઉપદેશ આપવા છે તે અત્રે કહી બતાવી આત્મશ્લાઘા કરવાની પણ જરૂર હોય ?

જે છે તે આ છે. દુઃખ અને સુખ ઓળખાવનાર ચસ્માં કહો કે સુખના ગુપ્ત ભોંયરાની ચાવી કહો, જીવતાંજીવત ભોગવાતા નરકમાંથી ખેંચી કહાડનાર 'બીલાડી' કહો કે 'હું તો દુઃખી થવાજ નિર્માયલો છું' એવા વહેમમાં ભરાઇ બેઠેલા કથીરને સ્પર્શ માત્રથ 'હું પોતેજ આનંદરૂપ છું' એવો સાક્ષાત્કાર કરાવનાર—સુવર્ણ બનાવી દેનાર જડીબુટ્ટી કહો—જે કહો તે એવું કાંઇક 'તત્વ' છે—એવું કાંઇક સત્ છે અને તે તત્વને—સતને ઝાંખારૂપમાં પણ જો હું અહ ઓળખી શકું તો આહા ! હું કેવો ભાગ્યશાળી ?

આ પુસ્તકની પહેલી આવૃત્તિ મ્હારા સાપ્તાહિક પત્ર 'જૈનસમાચાર'ના ગ્રાહકોને આધ્યાત્મિક રમકડાના રૂપમાં, ભેટ તરીકે આપ પ્રગટ કરી હતી.

વા. મો. શાહ.

સંસારમાં સુખ ક્યહાં છે?

પ્રકરણ ૧ લું.

દુઃખ.

આધિ, વ્યાધિ અને ઉપાધિ (અથવા એક જ શબ્દમાં કહીએ તો ‘ દુઃખ ’) એ **જીંદગીનો પડછાયો** છે. જ્યહાં જીંદગી છે ત્યહાં તે હોય **જ.** એવું એક પણ હૃદય નહિ હોય કે જ્હેને દુઃખનો ડંશ નહિ થયો હોય; એવું એક પણ મગજ નહિ હોય કે જ્હેણે ચિંતાના કાળા પાણીમાં ગોથાં ખાધાં નહિ હોય; એવી એક પણ આંખ નહિ હોય કે જ્હેણે ખળખળતાં આંસું ઢાળ્યાં નહિ હોય. એક પણ એવું ઘર નહિ હોય કે જ્યહાં **આધિ, વ્યાધિ** અને ઉપાધિ રૂપી શસ્ત્રોથી પોતાનું કામ કરતો **મૃત્યુદેવ** પ્રવેશ નહિ પામ્યો હોય. દરેક પ્રાણી થોડો યા વત્તો એ દુઃખની બેડીમાં સપડાયેલો છે; માણસ માત્રને માથે દુઃખો ઝઝુમી રહેલાં છે.

એ ઝઝુમી રહેલાં સંકટોમાંથી તદ્દન બચવા ખાતર કે એની અસર ઓછી કરવા ખાતર પુરૂષો અને સ્ત્રીઓ અસંખ્ય યુક્તિઓ યોજવા લાગી જાય છે અને આંધળાની પેઠે એ યુક્તિઓ પાછળ દોડે છે. તેઓ ધારે છે કે, એ રસ્તો ત્હેમને એવા સુખમાં દોરી જશે કે જે કદી નાશ પામશે નહિ. દારૂડીઓ અને ગણિકા કે જે શારીરિક મજાહમાં રમ્યાં કરે છે તેઓ પણ **સુખને માટે** જ તે કૃત્યો કરે છે; પૈસા કે કીર્ત્તિ માટે મરી પડતો માણસ કે જે દરેક ચીજ કરતાં એ ચીજને વધારે કીમતી ગણે છે તે પણ **સુખને જ માટે** તેમ કરે છે; અન ધાર્મિક ક્રિયામાં દિલાસો શોધનાર પણ **સુખને જ માટે** તે ક્રિયા કરે છે.

એ સર્વ મનુષ્યોને, જે સુખ તેઓ શોધતા હતા તે સુખ આવતું **જણાય છે.** અને ત્હેમનો આત્મા ઘડીભર, જેમ દારૂના ઘેનથી માણસ દુઃખ ભુલી પોતાને બાદશાહી સુખમાં પડ્યો માને છે તેમ, મધુર આનંદમાં રમતો હોય એમ **દેખાય છે.** પણ અફસોસ! વ્યાધિ આખરે આવી પહોંચે છે; અગર કોઇ મહાન ચિંતા કે લાલચ કે સંકટ ગઢ વિનાના ત્હેના આત્મા ઉપર એકાએક તુટી પડે છે અને એનું માની લીધેલું સુખનું **'ચીર'** છેદનભેદન થઇ **'ગાભો'** બને છે.

એવીજ રીતે, શારીરિક આનંદ ઉપર દુઃખની ભારે તરવાર લટકી રહી છે, કે જે કોઈ પળે જ્ઞાનના રક્ષણ વગરના આત્મા ઉપર પડીને ત્હેને ચીરી નાખે છે.

બાળક મરદ થવા ઝંખે છે; મરદ બાલ્યાવસ્થાનાં સુખો જતાં રહ્યાં તે માટે નિશાસા નાખે છે. ગરીબ માણસ નિર્ધનતાની બેડીથી હાથ છોલાતા હોવાથી રડે છે અને શ્રીમંત રખેને ગરીબ થઇ જઇશ

એ ડરમાં દુઃખી થાય છે અગર 'સુખ' ના ભ્રમણા રૂપ પડછાયાની શોધમાં આખી પૃથ્વી ઢુંઢે છે. કેટલીકવાર આત્માને એમ લાગે છે કે અમુક ધર્મ પાળવાથી, કે અમુક શીલસુશીને ભેટવાથી કે અમુક વિચાર સૂઝવાથી **નિર્ભય** સુખ અને શાન્તિ ત્હેને મળી ચુકી; પણ બીજીજ પળે કોઇ મહાન લાલચ આવી પડે છે, જે એમ સમજાવે છે કે એ ધર્મ લાલચો સામે ટક્કર ઝીલવાની હિમત આપવા માટે પુરતો નથી; બીજીજ પળે તે શીલસુશી સરખટના ટેકા જેવી જણાય છે; અને બીજીજ પળે તે અમુક વિચાર કે જ્હેમાં તે વર્ષો સુધી આનંદમાં રમ્યો હોય છે તે વિચારની સાંકળના અંકોડા ત્હેના પગ આગળ છુટા પડી જાય છે અને એ વિચાર ત્હેને કોડી કિમતનો લાગે છે.

શું ત્યારે દુઃખ અને ચિંતાથી બચવાનો કોઇ રસ્તો **નથીજ?** શું એવાં કાંઇ સાધનો **છે જ** નહિ કે જેથી દુઃખના પાટા તુટી જાય? શું સ્થાયી સુખ, નિર્ભય આબાદી અને કાયમની શાન્તિ એ સર્વ માત્ર મૂર્ખ સ્વપ્ન જ છે? ના, એમ નથી. રસ્તો છે; દુઃખને હમેશને માટે કાપી નાખવાનો રસ્તો છે; દરદ, નિર્ધનતા અથવા અપ્રિય બનાવો એવી રીતે દૂર કરી **શકાય** કે **જેથી** તે ફરીથી આવી શકેજ નહિ, એવો ઉપાય છે; જાથુની આબાદી પ્રાપ્ત થાય એવી શૈલી છે; અખંડીત અને અંત વગરની સુખશાન્તિ મળે એવી યુક્તિ છે; અને જે રસ્તો આ સુખ આગળ આપણને દોરી જાય છે તે રસ્તાની શરૂઆત **દુઃખની કુદરત ખરી રીતે સમજવાની શક્તિ** આગળ છે.

દુઃખ **છે જ નહિ** એમ કહેવું અગર દુઃખ સામે આંખો બંધ કરવી એ પુરતું નથી; દુઃખને **સમજવું** જોઇએ. દુઃખ દૂર કરવા

પરમાત્માને પ્રાર્થના કરવી તે પુરતું નથી; તે દુઃખ શાથી આવ્યું અને તે ત્હમને શું પાઠ શીખવે છે એ ત્હમારે શોધી કહાડવું જોઇએ. હાથ બેડીથી બંધાયેલા જોઇ ગુસ્સો કરવા, દાંતીઆં કરવાં અને બુમો પાડવી એ કશા કામનું નથી; **શાથી** અને **કેવી રીતે** બેડીઓ પડી તે ત્હમારે જાણવા દરકાર કરવી જોઇએ. એટલા માટે, હે ભાઇ ! તું ત્હારી પોતાની પરીક્ષા કરતાં અને ત્હને પોતાને ઓળખતાં શીખ. **પ્રયોગશાળા** રૂપી આ સંસારમાં **આડા બાળક** જેવા ન થતાં શીખવાની દરકારવાળા બનવું જોઇએ. **શું** શીખવાની દરકાર ? જે જે બનાવો બને છે તે તે બનાવો ત્હને આસ્તે આસ્તે અનુભવ આપી ઉચ્ચ દશાએ લાવવા માટે અને આખરે સંપૂર્ણતાએ પહોંચાડવા માટે છે એમ સમજી, તે તે બનાવો શું પાઠ ત્હને શીખવે છે તે વિચારવાની–જાણવાની દરકાર કર; કારણ કે દુઃખને બરાબર સમજવામાં આવે છે ત્હારે **તે એક હદ વગરની શક્તિ કે તત્વ છે એમ જણાશે નહિ,** પણ **માણસના અનુભવનું ક્ષણિક રૂપ** જણાય છે: એટલે કે અનુભવ પામવા માટે આપણું અમુક રૂપાંતર થઇ જાય છે કે જે રૂપાંતર અમુક કાળ પછી બદલાઇ જાય છે. જેઓ શીખવાની ઇચ્છાવાળા હોય છે ત્હેમને તો એ ક્ષણિક રૂપ શિક્ષક રૂપ થઈ પડે છે. **દુઃખ એ કાંઇ ત્હમારી બહારનો દૃશ્ય પદાર્થ નથી; એ તો ત્હમારા પોતાના અંતઃકરણમાંનો અનુભવ છે.** અને ધીમે ધીમે તથા **રૂઢપણે** ત્હમારૂં અંતઃકરણ તપાસવાની અને સુધારવાની ટેવથી ત્હમે દુઃખના **મૂળ** અને દુઃખના **સ્વભાવને** પીછાની શકશો અને એમ થશે એટલે પછી જે દુઃખનું **મૂળ** અને **સ્વભાવ** ત્હમે જાણી શક્યા તે દુઃખની **દવા** પણ ત્હમે જાણી શકશો.

સઘળાં દુઃખો **સાધ્ય** છે; મતલબ કે દરેક દુઃખ માટે ઉપાયો છે; અને એ કારણથી કોઇ દુઃખ સ્થાયી નથી. દુઃખનું મૂળ અજ્ઞાનતામાં છે; **જૂદા જૂદા પદાર્થોનો સ્વભાવ અને ત્હેમનો અરસ્પરસનો સંબંધઃ એ બેના જાણપણાની ખામીને લીધેજ દુઃખ** ઉત્પન્ન **થાય** છે અને જ્યહાં સુધી એ જાણપણાની ખામી કાયમ રહે છે ત્યહાં સુધી દુઃખ પણ કાયમ રહે છે. વિશ્વમાં એક પણ દુઃખ એવું નથી કે જે અજ્ઞાનતાનું પરિણામ ન હોય અને જે, જો આપણે ત્હેનાથી મળતો પાઠ શીખવા ખુશી હોઇએ તો, આપણને વધારે ડહાપણ ન આપે અને પછી પોતે અદ્રશ્ય ન થાય. માણસ દુઃખમાં સડયાંજ કરે છે ત્હેનું કારણ એ છે કે, દુઃખ જે પાઠ શીખવવા આવે છે તે પાઠ શીખવા તે દરકાર કરતો નથી.

'દુઃખ' એ અંધકાર છે, અને 'સુખ' એ પ્રકાશ છે. આ મુકાબલો તદ્દન સાચો છે. કારણ કે, પ્રકાશ **હમેશાં** વિશ્વ ઉપર **છાકમછોળ** પડે છે; જ્યહારે અંધકાર તો માત્ર એક ન્હાના પદાર્થથી નખાયલો **પડછાયો** છે. પ્રકાશ હદ **વગરનો** છે, અંધકાર **હદવાળો** છે; અથવા અંધકાર તે તો હદ વગરના પ્રકાશમાં ક્ષુદ્ર ચીજનો પડછાયો છે. એજ પ્રમાણે 'પરમ સુખ' એ એક એવું તત્વ છે કે જે વિશ્વમાં **રેલમછેલ** છે અને 'દુઃખ' તો એ **હદ વગરના સુખ ઉપર અહંપદથી નખાયલો ક્ષુદ્ર પડછાયો છે.** જ્યહારે આપણે **'રાત પડી'** એમ કહીએ છીએ ત્યહારે જો કે ગમે તેટલું ઘોર અંધારૂં હોય છે તો પણ તે અંધકારનો **વિસ્તાર** કેટલો? આ આપણા 'ગ્રહ'નો માત્ર અડધો ભાગજ તે અંધકારથી ઘેરાય છે; જ્યહારે બીજો અડધો ભાગ અને એ ઉપરાંત આપણી

પૃથ્વી જેવા સંખ્યાબંધ બીજા ગ્રહો પ્રકાશથી જળહળી રહ્યા હોય છે; અને આપણી પૃથ્વીનો અડધો ભાગ કે જે અંધકારમાં હોય છે તે પણ થોડા કલાક પછી પ્રકાશમય થશે, એમ દરેક પ્રાણીને વિશ્વાસ હોય છે.

આ ઉપરથી, હે મનુષ્ય! જ્યહારે દીલગીરી, દરદ, સંકટ કે કોઇ પણ જાતનું દુઃખનું વાદળું ત્હારા શિર ઉપર આવી ચ્હડે અને તું થાકેલા પગલાથી ગોથાં ખાતો ખાતો ચાલે ત્યહારે સમજજે કે આનંદ **અને સુખનો અસીમ પ્રકાશ અને ત્હારો પંડઃ એ બે વચ્ચે રાહુ રૂપે ત્હારી 'સ્વાર્થી ઇચ્છાઓ' અથવા મનોકામનાઓ આડી આવે છે**; મતલબ કે સુખનો અસીમ પ્રવાહ ત્હારા ઉપર સીધો અને આપોઆપ પડે છે, પણ ત્હેની વચ્ચે ત્હારી વાસનાઓ–સ્વાર્થી ઇચ્છાઓ **રાહુ** રૂપે આવીને **અમુક મુદત** સુધી પોતાનો પડછાયો ત્હારા ઉપર પાડે છે, કે જ્હેને તું 'દુઃખ' એ નામથી ઓળખે છે. જેમ પડછાયો પાડનાર પદાર્થ દૂર થઈ શકે છે, તેમ 'દુઃખ' રૂપી પડછાયો પાડનાર વાસનાઓ પણ દૂર થઈ શકે; અને એમ થાય તો આપોઆપ આનંદ અને સુખનો પ્રકાશ ત્હારા આત્મા ઉપર સ્વાભાવિક રિતેજ પડ્યા કરે. જે અંધારામય પડછાયો ત્હારા ઉપર પડે છે તે પડછાયો પાડનાર પણ તું પોતેજ છે; ત્હારા સિવાય બીજું કોઇ જ નથી. અને પડછાયો એ કોઈ **વસ્તુ** નથી, ત્હેને કોઇ **સ્થળ** નથી, કોઇ જગાએથી તે **આવતો** નથી અને કોઈ જગાએ **જતો** નથી; **તે** માત્ર મૂળ ચીજના દેખાવા સાથે દેખા દે છે અને એના અદ્રશ્ય થવા સાથે રૂખસદ લે છે. તેમજ ત્હારાં 'દુઃખો' કે જે ત્હારી 'સ્વાર્થી ઇચ્છાઓ' માંથી પડછાયા રૂપે નીકળે છે તે, તે ઇચ્છાઓ અદ્રશ્ય થયે આપોઆપ દૂર થશે.

પણ અહીં એક સવાલ થાય છે કે, દુઃખના પડછાયામાં જવુંજ શા માટે જોઇએ ? એનું કારણ માત્ર એકજ છે અને તે “ **અજ્ઞાનતા** ” છે. **અજ્ઞાન**તાને લીધે બાળક દેવતાને હાથમાં લેવા દોડે છે અગર સાપને પકડવા હાથ લાંબો કરે છે; પણ જ્યારે દેવતાથી ત્હેનો હાથ બળે છે અગર સાપ ત્હેના હાથ ઉપર ડંશ મારે છે ત્યહારે ફરીથી તે એવું કૃત્ય કરવા આગળ પડતો નથી. તેમ માણુસ અજ્ઞાનતાને લીધે દુઃખ ઉપજાવનાર કૃત્ય તરફ ગતિમાન થાય છે; કેટલીકવારે તે કૃત્યનું કડવું ફળ તે ચાખે છે અને એ ફળ તે અમૂક કૃત્યનું છે એમ કેટલાકો શિખામણ મેળવે છે અને કેટલાક તો એવો સાર ખેંચી શકતાજ નથી. જેઓ કૃત્ય અને ફળનો સંબંધ સમજી શક્યા છે તેઓ તો કડવું ફળ ભોગવવા છતાં ખેદીત થતા નથી એટલે દુઃખી પણ થતા નથી; અને જેઓ કૃત્ય અને ત્હેનું ફળ: એ બેનો સંબંધ સમજી શકતા નથી તેઓ ફરી ફરીને એવાં કૃત્યો કર્યાંજ જાય છે અને દુઃખો ભોગવ્યાંજ કરે છે. સંસાર દુઃખી જ છે, એમ માનનારા આવા લોકોજ છે. તેઓ એકજ દરવાજાવાળા ગઢની આસપાસ ફરનારા આંધળા પુરૂષ જેવા છે. બાર ગાઉના ઘેરાવાવાળા ગઢને હાથ દઇને ચાલનારા અંધને, દરવાજો આવવાની વખત થાય ત્યહારેજ ખુજલી આવે એટલે દરવાજો પસાર થાય અને ફરી બાર ગાઉ ફરવું પડે; તેમ, કરેલાં કૃત્યોનું ફળ જે દુઃખ દ્વારા મળે તે દુઃખ ભોગવતી વખતે–ખુદ તે કડવા પ્રસંગે પણ જ્હેને સૂઝ ન પડે કે આ દુઃખ તે અમુક કૃત્યનું પરિણામ છે–અમુક ચીજનો આ પડછાયો છે, તે માણુસ ફરી ફરીથી દુઃખી થાય એમાં શું નવાઇ !

એક આડો નિશાળીઓ નિશાળના પાઠ કરે નહિ અને પછી માર ખાધાંજ કરે તેમ કુદરતની આ **અનુભવશાળામાં** આપણાથી થતા પ્રયોગો અને ત્હેનાં પરિણામો સમજવા આપણે દરકાર ન કરીયે તો પછી માર ખાધાજ કરીએ, હમેશ અંધકારમાં અને પડછાયામાં—દુઃખમાં અને દારિદ્રયમાં સડયાં કરીએ એમાં શું આશ્ચર્ય છે? માટે, પોતાને ઘેરીને બેઠેલા દુઃખને ખંચેરી નાખવા જે પુરૂષ ઈંતેજાર હોય તેણે સઘળા પ્રયોગો જે કાંઇ શીખવે તે શીખવા તૈયાર રહેવું જોઇએ અને શિક્ષણ આપનારા પ્રયોગોની વિધિ (process) માં જે કાંઈ અપ્રિય કે કઠણ જણાય ત્હેની દરકાર નહિ કરતાં તે જે અનુભવ આપે તે મેળવવા તરફ વધારે કાળજી રાખવી જોઇએ. આ સિવાય ડહાપણ કે સુખ કે આનંદની એક રતી પણ મળવાની આશા રાખી શકાય નહિ.

એક માણસ અંધારા ભોંયરામાં જઇને ભરાય અને કહે કે 'પ્રકાશ' નામની ચીજ હયાતી જ ધરાવતી નથી, તો તેથી શું 'પ્રકાશ' નથી એમ સાબીત થશે? ભોંયરા બહાર **ચોતરફ** પ્રકાશ છે; **અંધકાર માત્ર ત્હેના બે'તસુના ભોંયરામાં** છે. એજ પ્રમાણે, હમે કાં તો 'પ્રકાશ' છેજ નહિ એમ કહીને, 'સત્યના પ્રકાશ'-થી દૂર અંધકાર અને દુઃખના ભોંયરામાં ભરાઓ અર્થાત્ વહેમ, સ્વાર્થ અને ભૂલથી બનેલા ભોંયરામાં ગોંધાઇ રહી ત્હમારા દુઃખ ઉપરથી કુદરત દુઃખથી જ ભરેલી છે એમ કહો; **અગર** વહેમ સ્વાર્થ અને ભૂલનાં ભોંયરાને તોડી સર્વવ્યાપ્ત અને તેજસ્વી પ્રકાશમાં રમ્યાં કરો; **એમાંથી ગમે તે પસંદ કરો**. પસંદગી ત્હમારા હાથમાં છે.

પ્રકરણના અંત્યે સંક્ષેપમાં આખા પ્રકરણનો સાર કહીએ તો તે આ પ્રમાણે છેઃ—દુઃખ એ માત્ર ક્ષણિક પડછાયો છે, કે જે આપણામાંથી જ ઉભો થાય છે; અને કોઈ દુઃખો **અકસ્માત તરીકે** કે **કોપ તરીકે** કે **કોઇની સતાવણી તરીકે** આવતાં નથી, પણ **કુદરતના અમુક અમુક કાયદા મુજબ** જ આવ્યાં કરે છે અને **ત્હેના કારણભૂત આપણે પોતેજ છીએ;** વળી તે દુઃખોને **લાયક** જ આપણે છીએ અને આપણને ત્હેની **જરૂર** છે માટેજ તે આવે છે; તથા તે દુઃખો સહન કરવાથી અને પછી ત્હેમનું તત્વ સમજવાથી આપણે વધારે મજબુત, વધારે ડાહ્યા, વધારે ઉત્તમ બનીએ છીએ. આ માન્યતા જે માણસના **મગજમાં** બરાબર ઠસાશે અને જે માણસનાં **કૃત્યોમાં** દેખા દેશે તે માણસ દુઃખનું સુખમાં રૂપાંતર કરશે અને નસીબને પોતાના હાથમાં રમાડશે.



પ્રકરણ ૨ જું.

બનાવોને આપણી કલ્પનાએ પહેરાવેલાં કપડાંઃ એનું નામ સુખ—દુઃખ !

બનાવ પોતેજ દુઃખદ નથી; આપણે ત્હેને પોશાક પહેરાવીને દુઃખદ **બનાવીએ** છીએ. આ સિદ્ધાંતના ટેકામાં એક દાખલો લઇએ. ધારો કે બે સગ્ગા ભાઇઓએ એક શાહુકારને ત્હાં નાણાં મુક્યાં છે અને તે શાહુકાર ભાગે છે–દેવાળું કહાડે છે. મ્હોટો ભાઇ આ ખબર સાંભળી નિરાસા, દીલગીરી અને કંટાળામાં ગુમ થઈ જાય છે; જ્હારે ન્હાનો ભાઇ પેલા શાહુકારના દેવાળાના ખબર સાંભળતાં જ બોલી ઉઠે છે કે, “વારૂ, પૈસો ગયો. ગયો તો ગયો પણ હવે ઉદાસી કાંઇ ત્હેને પાછો નહિ લાવી આપેઃ ઉદ્યમ અને ખંત કદાપિ લાવી શકશે.” એણે બેવડા ઉત્સાહથી કામ કરવા માંડયું અને કેટલેક વખતે અસલી સ્થિતિ કરતાં વધારે સુખી સ્થિતિ પ્રાપ્ત કરી. એ વખતે પેલો મ્હોટો ભાઇ તો દુઃખોને રોતો–દારીદ્રયમાં જ સડયા કરતો હતો. તે ‘નશીબ’ નો દોષ કહાડતો જ રહ્યો અને દેવાળાના માઠા બનાવને ગાળો ભાંડતો જ રહ્યો! જે માઠા બનાવથી ન્હાનો ભાઈ વધારે સુખી બની શક્યો તેજ **માઠા બનાવનું** રમકડું મ્હોટો ભાઇ બન્યો! ખરેખર, એ **બનાવમાં** સુખ કે દુઃખ આપવાની શક્તિ ન હોતી; પણ એના ઉપર **સુખદ કે દુઃખદ કપ-**

રૂં **પહેરાવનાર** પોતાની માન્યતા જ ત્હેમનાં સુખ–દુઃખના કારણ રૂપે હતી. જો ખરેખર બનાવમાં જ સુખ કે દુઃખ આપવાની શક્તિ હોય તો દેવાળાનો બનાવ બન્ને ભાઇઓના સંબંધમાં એક સરખો સામાન્ય જ હતો તેથી **બન્નેને** સુખ કે **બન્નેને** દુઃખ થવું જોઇતું હતું. પણ જૂદા જૂદા જીવોને એકજ બનાવ જૂદાં જૂદાં પરિણામ આપનારો નીવડે છે **એટલાજ** ઉપરથી સિદ્ધ થાય છે કે, **બનાવો**માં સારા નરસાપણું નથી, પણ જ્હેમના ઉપર બનાવો બને છે ત્હેમના પોતામાં જ એટલે ત્હેમની કલ્પના શક્તિમાં જ તે છે. તે તરંગી મનોરાજી બનાવને દીલપસંદ પોશાક પહેરાવે છે અને પછી ત્હેને સુખ કે દુઃખ એવું નામ આપે છે.

અમુક માણસે મ્હારા વિરૂદ્ધ અમુક આચરણ કર્યું. મ્હને લાગ્યું કે તેથી મ્હારી આબરૂને હીનપદ લાગશે, હું પાયમાલ થઇશ, રીબાઇશ, દુઃખી થઇશ. એ વિચારે–એ માન્યતાએ મ્હને રાત્રી દિવસ દુઃખમાં દાબી મૂક્યો અને મ્હારૂં શરીર તપાવી દીધું. અને એ માન્યતા પ્રમાણે જ **બનવા માંડતું હોય** એમ મ્હેં જોયું! પરન્તુ એટલામાં સુભાગ્યે એક સ્હવારમાં પ્રાર્થના વખતે '**મહાવીરનો હું અંશ છું**' એમ સ્ફુરણ થતાં એમજ સુઝી આવ્યું કે, "મ્હને મ્હારા સિવાય દુઃખી કરનાર છે જ કોણ? બનાવોની શી તાકાદ છે કે તે મ્હને–**મહાવીરના અંશને સતાવે?**" **ત્યહારથી** "શત્રુ મ્હને પાયમાલ કરશે" એ ખ્યાલ મ્હારા મગજમાંથી ચાલ્યો ગયો અને ધીમે ધીમે મ્હને જણાવા લાગ્યું કે **શત્રુ તરીકે વર્તનારના પ્રયાસો ધૂળમાં લીંપણ સરખા નીવડે છે!**

એવી દ્રઢતાનું પરિણામ એ આવ્યું કે, મ્હારા વિચારો ઉપર દાબ બેસાડવાનું હું શીખવા લાગ્યો; મનને કાબુમાં રાખતાં શીખવા

લાગ્યો; અને આત્માની નિરર્થક અને નુકશાનકારક ચીજો ખસેડી ત્હેની જગાએ આનંદ અને શાન્તિ, પ્રેમ અને દયા, સૌંદર્ય અને અમરતા, ગાંભીર્ય અને સમતા ભરવાનું શરૂ કરવા લાગ્યો.

જેમ બનાવોના સંબંધમાં તેમજ પદાર્થોના સંબંધમાં સમજવું. એકજ પદાર્થ એક માણસને કંટાળા ભરેલો અને બીજાને આનંદ-દાયક લાગે છે તે ઉપરથી સમજાશે કે, પદાર્થ **પોતે** કંટાળા ભરેલો કે આનંદદાયક નથી **પણ** પદાર્થને જોનારાઓ ત્હેને કંટાળાનાં **ચીંથરાં** કે આનંદી **વાઘા** પહેરાવે છે, તેથી જ તે તેવો **દીસે છે.** જે ફુલને આપણે પગ તળે ચગદીએ છીએ તે એક કવિને સુંદરતાની મૂર્તિ જણાય છે. દરિયો જોતાં એક જણ કહે છે કે, "સેંકડો વહાણો ભાગે છે અને હજારો માણસો ડૂબે છે તે આ જગા!"; જ્હારે બીજો એક કહે છે કે, "અખંડ વાદ્ય કરતું આ વાજીંત્ર છે! મનને મહત્તા અને ગંભીરતા શીખવનારો આ મહાન શાન્ત ગુરૂ છે! રત્નોનો નિધિ છે અને અસંખ્ય ચમત્કારોની આ પોથી છે!"

જ્હાં એક સામાન્ય માણસ દુઃખ અને ધોટાળો જ જુએ છે, ત્હાં તત્વજ્ઞાની માત્ર કારણ અને કાર્યનો સંપૂર્ણ સંબંધ ભાળે છે.

જેમ આપણે બનાવો અને પદાર્થોને આપણા પોતીકા વિચારો-નાં કપડાં પહેરાવીએ છીએ તેમજ **બીજા માણસોના આત્માને** પણ આપણા પોતીકા વિચારોથી આચ્છાદિત કરીએ છીએ, એવું ઘણીકવાર બને છે. દરેક માણસને કપટી, દરેકને લુચ્ચા, દરેકને કજી-યાખોર, દરેકને સ્વાર્થી અને દરેકને વ્યભિચારી કહેનારો માણસ કદાચ પોતેજ એવો હોય છે અને પોતાના એવા ગુણો હોવાથી એ વિચારો બીજા ઉપર આરોપે છે. એની પાસે જેવાં કપડાં હોય તે જ બીજાને પહેરાવી શકે; બીજાં ક્યાંથી લાવી શકે? વ્યભિચારી હમેશ પોતાની સ્ત્રી માટે શંકાય છે; ખુની હમેશ પોતાના ઉપર ખુની તરવાર ઝઝુમી રહેલી ભાળે છે–હમેશ દગાનાં જ સ્વપ્ન જુએ છે!

એથી ઉલટું, પ્રેમી પુરૂષો સર્વત્ર પ્રેમ જ ભાળે છે; ધર્મીષ્ઠ સજ્જનો સર્વને ધર્મીષ્ઠ સમજે છે; પ્રમાણીક પુરૂષો કોઇનો અણ-વિશ્વાસ રાખતા નથી. જ્હેમના હૃદયમાં પરમ તત્વ જળહળી રહ્યું હોય છે તેઓ **સર્વત્ર** તે પરમ તત્વ જુએ છે.

કુદરતનો કાયદો અથવા '**કારણ કાર્યના સંબંધનો કાયદો**' એવો છે કે, માણસ જે કાંઇ **બહાર** મોકલે છે તેવુંજ **અંદર** ખેંચે છે; તેથી પોતાના જેવા જ ગુણોવાળા માણસોના સંસર્ગમાં આવે છે. અંગ્રેજોમાં એક કહેવત છે કે, "Birds of a feather flock together" "એક સરખા પીંછાવાળા પક્ષીઓ સાથેજ ફરે છે." આ કહેવત તદ્દન સાચી છે, કારણ કે જડ પદાર્થો તેમજ વિચારો પોતાની જ જાતના પદાર્થો અને વિચારોને વળગે છે.

હે મનુષ્ય! **ત્હારી દુનિયા એ ત્હારી પ્રતિછાયા છે.** માટે જો તું દયા માગતો હોય તો દયાળુ થા; સત્ય જોવા ઇચ્છતો હોય તો સાચો થા; જે ગુણ **બહાર** જોવા-ઇચ્છતો હોય તે ગુણ **ત્હારામાં** ઉત્પન્ન કર. મૃત્યુ પછી સુખી દુનિયામાં દાખલ થવાની ઇચ્છા હોય તો સમજ કે અહીં—આ ભવમાં પણ એ સુખી દુનિયા છે-નથી તેમ નથી. એ સુખી દુનિયામાં તું હમણાંજ દાખલ થઇ શકે તેમ છે, એ માન્યતા તું ખરા જીગરથી માન;—કાંઇ પણ શંકા વગર સંપૂર્ણ શ્રદ્ધાથી માન કે ત્હારી દુનિયા સુખી બનાવવી એ ત્હારા હાથમાં જ છે. એવો **વિચાર** કર, એ વિચાર ઉપર **મનન** કર, **ધ્યાન** ધર અને પછી ત્હારો આત્મા એ પ્રમાણમાં શુદ્ધ અને શુદ્ધ થતો જશે અને તું બાહ્ય પદાર્થો તથા બનાવોનું પાંગળાપણું તથા આત્માનું અદ્ભૂત સામર્થ્ય જાણતો જશે.

પ્રકરણ ૩ જું.

અપ્રિય સંજોગોમાંથી બહાર કેમ નીકળાય ?

આપણે જોઇ ગયા કે, દુઃખ એ બીજું કાંઇ નહિ પણ આપણા **અહંપદનો ક્ષણિક પડછાયો** છે અને એ પણ જોઇ ગયા કે આ દુનિયા એ એવું દર્પણ છે કે જ્હેમાં દરેક માણસ **પોતાની પ્રતિછાયા** જ ભાળે છે. હવે આપણે આગળ ચાલીએ અને 'કારણ અને અસરનો કાયદો' જોઇએ. જે કાંઈ બને છે ત્હેને કાંઇ કારણ હોવું જ જોઇએ. અને દરેક કારણની અસર–પરિણામ પણ હોવું જ જોઇએ. કારણ અને અસરના કાયદાથી બહાર કાંઇ છે જ નહિ. નજીવામાં નજીવો વિચાર, કૃત્ય કે શબ્દ તેમજ આકાશી બનાવોઃ એ સર્વમાં આ કાયદો રાજ્ય કરે છે. માટે જીંદગીનો દરેક બનાવ, કારણ અને અસરના અનુક્રમે બને છે. "જેવું વાવો તેવું લણો" એવી સુપ્રસિદ્ધ કહેવત આ કાયદાને વધુ ટેકો આપે છે. અગ્નિમાં હાથ નાખનારે દાઝવુંજ જોઇએ; ત્હેમાં કોઈ આડું આવી શકશે જ નહિ. તેમજ તિરસ્કાર, ક્રોધ, દ્વેષ, લોભ, કામ એ સર્વ અગ્નિ છે અને એમાં હાથ ઘાલનારે દાઝવું જ જોઇએ.

મનની ઉપર કહેલી સ્થિતિઓને પણ 'વ્યાધિઓ' કહેવાય છે; કારણ કે કુદરતના કાયદાનું અપમાન કરવા આત્મા જ્હારે પ્રયત્ન

કરે છે ત્હારે **પરિણામ રૂપે** એ 'વ્યાધિઓ' ઉત્પન્ન થાય છે. એથી અંતરમાં સર્વત્ર અવ્યવસ્થા થઇ રહે છે અને એને લીધે બહાર પણ દરદ, નાસીપાસી વગેરે ઉત્પન્ન થાય છે. એથી ઉલટું પ્રેમ, નમ્રતા, પવિત્રતા એ એવી ઠંડી લહરીઓ છે, કે જ્હેમનો ખપ કરનાર ઉપર એ લહરીઓ શાન્તિનો શ્વાસ મોકલે છે અને પછી ત્હાં તંદુરસ્તી અને સુલેહશાન્તિ, વિજય અને સદ્ભાગ્ય આવી મળે છે.

કુદરતનો આ કાયદે સમજવો અને ત્હેને માન આપવું. એનું જ નામ 'સમતા.' સમતા એટલે ચાલુ સ્થિતિથી સંતોષ પામી તે સુધારવાની દરકાર જ ન કરવી, એમ નથી. પણ "**બહારના બનાવો** અંદરના **ભાવ**ના સરખા જ બને છે, માટે અનુકુળ બનાવોની ઇચ્છાવાળાએ અંદરના ભાવ એને બંધબેસ્તા જ બનાવવા" એવા કુદરતી કાયદાને સમજવો અને તે પ્રમાણે વર્તવું એ જ **સમતા.**

શક્તિ તેમજ નિર્બળતાઃ બન્નેનું કારણ **અંદર** જ છે. વિજય અને પરાજયઃ એ બન્નેનું રહસ્ય પણ **અંદર** જ છે. અંદરના પડદા છુટયા સિવાય બહાર આબાદી નથી; અને શાન્તિ, કદી જ્ઞાનમાં આગળ વધવા સિવાય થવી નથી.

ત્હમે કહો છો કે ત્હમને સંજોગોએ બાંધી લીધા છે, ત્હમે વધારે સારા પ્રસંગો માટે બુમ પાડો છો, વધારે સારી તંદુરસ્તી માટે માગણી કરો છો અને કદાચ નસીબ દેવીએ આવા સંજોગોમાં ત્હમને મુક્યા એમ કહી તેણીને શ્રાપ દો છો, તો ત્હમારે માટે જ આ લખું છું; ત્હમારે માટે જ ખાસ આ શબ્દો છે; સાંભળો અને એ શબ્દો ત્હમારા અંતઃકરણમાં સોનેરી હરફથી કોતરોઃ—

"ત્હમે ત્હમારી ઈચ્છા મુજબ બાહ્ય સ્થિતિ સુધારવા સમર્થ છો—માત્ર એટલી જ સરતે કે ત્હમારી આંતરિક જીંદગી સુધારવા ત્હમારે દ્રઢ ઠરાવ કરવો."

આ રસ્તો પ્રથમ દ્રષ્ટિએ ત્હમને ઉજજડ જણાશે, એમ હુ જાણું છુ. પણ ત્હેનો ઉપાય નથી. ભ્રમણા અને ભૂલ એ બેજ પહેલી દ્રષ્ટિએ મનહર લાગે છે; બાકી **સત્ય તો પહેલી દ્રષ્ટિએ આવકારદાયક નથી જ દેખાતુ**. તેમ છતાં જેઓ ત્હેના ખપી થાય છે, જેઓ હિમત ધરીને ત્હેનો હુકમ ઉઠાવે છે તેઓ સુખી જ થાય છે. કવિઓ સત્યના પુતળાની આસપાસ કાંટાની વાડ કલ્પે છે, કે જ્હેને લીધે ત્હેની પાસે જવા કોઇ ઇચ્છે જ નહિ, પણ જેઓ હિમત ધરીને તે કાંટા ઉપર પગ દે છે ત્હેમને તે વાગતા નથી; **તે માત્ર "ચિત્રામણના કાંટા" હોય છે.**

ત્હમે જો ખંતપૂર્વક ત્હમારા મનને શિક્ષણ આપો, માનસિક નબળાઇઓ ખેંચી કહાડો, અને આત્માની અગાધ શક્તિઓ છે એમ ખાત્રી રાખી એ શક્તિઓને જરા ખીલવા દો, તો ત્હમારી બાહ્ય જીંદગી કેવી સુખી સુખી થાય છે તે જોઇ લ્યો. ધીમે ધીમે સોનેરી તકો ત્હમને મળી આવશે, અને એ તકોને વિચારપૂર્વક વાપરશો તો અંતર્શક્તિ વધતી જવા ઉપરાંત સાચા મિત્રો વણનોંતર્યા આવી મળશે. બાહ્ય સઘળી મદદો, વગર માગી મળી આવશે,—જેમ લોખંડને નહિ બોલાવવા છતાં લોહચુંબક પાસે તે ખેંચાઇને જાય છે તેમ.

ધારો કે નિર્ધનતાની બેડીમાં ત્હમે સપડાયા છો, ત્હમે સગાં—સમ્બન્ધીઓ વગરના એકલા પડયા છો, અને ત્હમે ખરા જીગરથી ઇચ્છો છો કે ત્હમારો બોજો ઓછો થાય; પણ તે બોજો ચાલ્યાં જ

કરે છે અને વધતા જતા અંધારામાં ત્હમે આચ્છાદીત થતા જતા હો એમ ત્હમને લાગે છે. આથી ત્હમે બડબડો છો. ત્હમે ત્હમારા નશીબનો ખેદ કરો છો. ત્હમે ત્હમારા જન્મ, માબાપ કે શેઠને શિર દોષ મૂકો છો અને કહો છો કે ત્હેમનાં પાપે ત્હમારે દુઃખી થવું પડે છે ! પણ સબુર, ત્હમારો બડબડાટ અને આક્રંદ નિરર્થક છે; ત્હેમાંનું એક પણ કારણ ત્હમને દુઃખ આપનારૂં નથી. '**કારણ છે તે ત્હમારાં જ છે' અને 'જ્યહાં કારણ છે ત્યહાં જ ઈલાજ છે.'**

ત્હમે 'દુર્ભાગી' બન્યા તેજ કહે છે કે, ત્હમે આ દશાને **પાત્ર** છો. સઘળા પ્રયાસ અને સઘળી આબાદીમાં પાયા રૂપે ગણાતી એવી **'આસ્થા'** ત્હમારામાં નથી, **તેથી** તે દશાને ત્હમે **પાત્ર છો. કાનુન અનુસાર ચાલતાં** આ વિશ્વમાં દુર્ભાગ્યને માટે જગા જ રહેતી નથી.

કંટાળો ખાવો-ન્હીડીઆં કરવાં એ તો આત્મહત્યા કરવા બરાબર છે. ત્હમારા મનનું વળણ જ એવું છે કે, ત્હમારી આસપાસની સાંકળોને ત્હમે વધારે **મજબુત** બનાવતા જાઓ છો. જીવન સમ્બન્ધી વિચાર કરવાની ત્હમારી રીત બદલો; એટલે ત્હમારૂં **બાહ્ય** જીવન પણ બદલાશે. **શ્રદ્ધા અને જ્ઞાનમાં મજબુત થાઓ;** એટલે વધારે સારા સંજોગો તથા વધારે સારી તકો માટે ત્હમે **પોતાને લાયક બનાવશો.**

પહેલાં તો, જે કાંઇ ત્હમારી પાસે છે ત્હેનો સારામાં સારો ઉપયોગ કરતાં શિખો.

એક ક્ષણભર પણ એવી ખોટી કલ્પનામાં ન ફસાશો કે, **ન્હાના ન્હાના** લાભોને ઓળંગી જઇને **એકદમ મ્હોટા** લાભ ત્હમે મેળવી શકશો. જો કદાપિ એવી રીતે કૂદકા મારીને કોઇ મ્હોટા લાભ પ્રાપ્ત કરશો તો તે થોડાજ વખતમાં નાશ પામશે અને જે પાઠ ત્હમે

છોડી દીધો હતો તે પાઠ શિખવા ત્હમારે પાછા પડવું જોઇશે. જેમ નિશાળમાં ભણુતા છોકરાએ બીજા વર્ગમાં ચ્હડવા **પહેલાં** પહેલો વર્ગ 'પાસ' કરવો પડે છે તેમ, જે મ્હોટા લાભને ત્હમે ઘણુાજ ઇચ્છો છો તે લાભ ત્હમને મળી શકે તે **પહેલાં** જે કાંઇ ત્હમારી પાસે જ છે ત્હેનો સારામાં સારો ઉપયોગ ત્હમારે કરી બતાવવો જોઇએ છે. આપણી પાસે જે થોડામાં થોડું પણ હોય ત્હેનો જો આપણે ખોટો ઉપયોગ કરીએ અથવા ત્હેની દરકાર ન કરીએ તો તે પરથી **એટલા થોડાને માટે પણ આપણે લાયક નથી** એમ ફલિત થાય અને તે થોડું પણ આપણા હાથમાંથી ચાલ્યું જાય.

ધારો કે ત્હમે એક ન્હાના ઝુંપડામાં રહો છો અને ત્હમારી આસપાસ પડોશ એવો છે કે જે તંદુરસ્તીને તથા નીતિને પણ નુકશાન કરે. ત્હમે જરા મ્હોટી અને વધારે તંદુરસ્ત જગા ઇચ્છો છો, તો ત્હમારે એવી જગાને માટે **લાયક** થવા માટે પ્રથમ તો જુની જગાને જ જેમ બને તેમ સ્વચ્છ બનાવવી. ત્હમારાં ટુંક સાધનો વડે તે ઝુંપડી જેટલી સ્વચ્છ અને આકર્ષણીય બનાવી શકાય તેટલી બનાવો. ત્હમારો સાદો ખોરાક બનતી કાળજીપૂર્વક પકવો અને ભાણું જેમ બને તેમ આનંદદાયક બનાવો. જો એક સાદડીથી ઓરડો શણુગારવાની ત્હમારી શક્તિ ન હોય તો હસમુખાપણુા અને સત્કાર રૂપી સાદડી વડે તે ઓરડાને શણુગારો; તે સાદડીને માયાળુ શબ્દો રૂપી ખીલાથી જમીન સાથે બરાબર જડો; જડવામાં ધીરજ રૂપી હથોડીનો ઉપયોગ કરજો. આવી સાદડી કદી ઘસાશે જ નહિ !

આ પ્રમાણે ત્હમારા હાલના રહેઠાણુને ભવ્ય બનાવવાથી, ત્હમે તે રહેઠાણુથી **વધારે સારા** રહેઠાણ માટે લાયક બનશો અને પરિપક્વ વખત આવતાં વધારે સારા રહેઠાણુમાં આવી શકશો, કે જે રહેઠાણ **ત્હમારી રાહ જોઈ રહ્યાં** છે; વિલંબ માત્ર ત્હેને **લાયક** ત્હમે બની જાઓ એટલો જ હતો.

ધારો કે, મનન અને પ્રયાસ માટે વધુ **વખત**ની ત્હમે ઈચ્છા કરો છો. ત્હારે **પહેલાં** તો, ત્હમને જે થોડા પણ **ફાજલ** વખત મળે છે ત્હેનો **સારામાં સારો** ઉપયોગ કરો. **હાથમાંનો** વખત ગુમાવવો અને પછી **વધારે વખત** માટે બુમ પાડવી તે નકામું છે. "વખત નથી–વખત નથી," એમ બૂમ પાડવાથી કાંઇ ૨૫ મો કલાક થવાનો નથી; ઉલટો એક કલાક બૂમ પાડવામાં ચાલ્યો જશે અને એમ બૂમ પાડવાથી મગજની શાન્તિને ધક્કો લાગવાથી જે કામ ૪ કલાકમાં કરતા હતા તે ૬ કલાકે કરશો; એટલે કે બીજા ૨ કલાકનું નુકશાન થશે. માટે એમ નહિ કરતાં, ત્હમારૂં ટાઇમ ટેબલ તપાસો અને ગામગપાટા કે નકામા તરંગો કે નિર્માલ્ય કામોમાં જે વખત ગુમાવતા હો તે બંધ કરો. ત્હમારી પાસે જે વખત **શીલીક** છે ત્હેનો **સારામાં સારો** ઉપયોગ કરતાં ન શીખો અને **વધારે** વખતની બૂમ પાડો તે શા કામનું ?

ગરીબાઈ અને વખતની ન્યુનતા : એને ત્હમે દુઃખ ગણુતા હો તો તે દુઃખ નથી; અને જો ત્હેમનાથી ત્હમને કાંઇ આડખીલ થતી હોય તો ત્હેનું કારણ એ છે જે, ત્હમે ત્હેમને ત્હમારી નબળાઇઓનો પોશાક પહેરાવ્યો છે. **ગરીબાઇ અને ફુરસદની ન્યુનતામાં ત્હમે જે દુઃખ જુઓ છો તે ત્હેમાં નથી પણ ત્હમારામાં—ત્હમો પોતામાં** છે. આ વાત સમ્પૂર્ણપણે સમજવા કોશીશ કરજો કે, ત્હમારા **મનને જેવો આકાર આપશો તેવું ત્હમારૂં ભવિષ્ય બંધાશે;** અને એ હિસાબે **ત્હમેજ ત્હમારા નશીબના કડીઆ છો.** આ બરાબર સમજતા થશો અને એ પ્રમાણે આત્મસુધારણાનું કામ કરશો તો ત્હમારાં દુઃખનાં કારણો જ સુખ આપનાર થઈ પડશે. કારણ કે, એમ થશે ત્હારે ત્હમે **ગરીબાઇનો ઉપયોગ સહનશીલતા, હિમત અને શ્રદ્ધાના**

સદ્ગુણો ખેડતાં શિખવામાં કરશો; અને ફુરસદના અભાવ નામના દુઃખનો ઉપયોગ ત્વરાથી કામ કરતાં શિખવામાં—નિશ્ચય તાકીદે બાંધતા શિખવામાં તથા જૂદે જૂદે વખતે જૂદાં જૂદાં કામોમાંથી થોડીક મીનીટો બચાવી લેવાનું શિખવામાં કરશો. જેમ કેટલીક ખડગની જગામાં સુંદરમાં સુંદર પુષ્પો ઉગે છે તેમ ગરીબાઇની કાળી જમીનમાં ઉત્તમોત્તમ મનુષ્ય રૂપી પુષ્પો ઉગે છે અને ખીલે છે. જ્હાં મુશીબતો સામે ટક્કર ઝીલવાની હોય છે અને નહિ ઇચ્છવા યોગ્ય સંજોગો પર જય મેળવવાનો હોય છે ત્હાં સદ્ગુણ સૌથી વધારે આબાદ સ્થિતિમાં હોય છે અને પોતાનું પાણી દેખાડે છે.

કદાચ એમ બને કે ત્હમે કોઇ જુલમી—અમૂઝ માણસની નોકરીમાં છો અને ત્હમને લાગે છે કે ત્હમારા પર જુલમ થાય છે, તો પણ નક્કી માનજો કે આ જુલમ પણ ત્હમને શિક્ષણ મળે એટલા માટે આવશ્યકીય છે. ત્હમારા શેઠની નિર્દયતાના બદલામાં ક્ષમા અને નમ્રતા બતાવો, ધૈર્ય અને આત્મનિગ્રહનાં હથીઆર અહોનિશ સજ્યાં રાખો, તે ખરાબ સંજોગોનો લાભ લઇ ત્હેમાંથી માનસિક અને આત્મિક બળ કેળવો. આમ કરવાથી ત્હમે ત્હમારા શેઠને માટે શિક્ષકની ગરજ સારશો, ત્હેને પોતાની ચાલચલગત માટે શરમાતાં શિખવશો; અને તે સાથે વળી આત્મિક ગુણ ત્હમે પ્રાપ્ત કરી શકશો, કે જે ગુણ ત્હમારે માટે વધારે અનુકુળ સંજોગો ખુલ્લા કરશે અને તેવા સંજોગો માટે ત્હમને લાયક બનાવશે.

“ હાય રે, આ ગુલામીમાંથી ક્યારે મુક્ત થાઉં ! ” એમ બડબડશો નહિ; પણ ઉમદા વર્તણુક વડે ગુલામીની સપાટીથી

ઉંચે નજર કરો. બીજાના ગુલામ બનવું પડયું છે એમ ફર્યાદ કરવા **પહેલાં** એટલી તો જરૂર ખાત્રી કરજો કે ત્હમે **ત્હમારા પોતાના** તો ગુલામ નથી? એટલી તે જરૂર ખાત્રી કરજો કે **વિકારમય આત્માની ગુલામીમાં તો ત્હમે નથી? અંદર જુઓ;** એટલે ત્હમને જણાશે કે ત્હમે ત્હમારા પોતાપર જ દયાહીન છો. ત્હમારા જ ગુલામી જેવા વિચારો—ગુલામ જેવી ઈચ્છાઓ અને ગુલામ જેવી ટેવો અને વર્ત્તણુક છે, આ બધા પર વિજય મેળવો; દુરાત્માના ગુલામ થતાં અટકો; એટલે પછી કોઇ માણસની તાકાદ નથી કે ત્હમને ગુલામ બનાવે. ત્હમે આત્માને જીતશો એટલે આડા સંજોગોને પણ જીતશો અને દરેક મુશ્કેલી અદૃશ્ય થશે.

શ્રીમંતો ત્હમારા પર જુલમ કરે છે, એવી પણ બુમ ન પાડશો. શું ત્હમે ખાત્રીપૂર્વક કહી શકશો કે જો ત્હમે **પોતે** જ શ્રીમંત થયા હોત તો જુલમ ન કરત? બરાબર યાદ રાખજો કે કદી ન બદલાય એવો કુદરતનો કાયદો એવો છે કે '**જે આજે જુલમ ગુજારે છે તે કાલે જુલમ સહશે.**' અને એ કાયદાની ચુંગાલમાંથી બચવાનો કોઇ રસ્તો જ નથી.

" **कड्डाण कम्माण न मोक्ख अथ्थी.** "

માટે હિમત અને શ્રદ્ધામાં મજબુત બનો. શાશ્વત ન્યાય અને શાશ્વત સુખની ભાવના ભાવો.

હું–તું–તે એવા રૂપવિષયક અથવા કાયિક (Personal) અને નાશવંત વિચારોને છોડી આત્મિકઅને અમર વિચારોમાં ન્હ્હડો. "મ્હને કોઇ ઇજા કરેછે કે સતાવેછે" એવી ભ્રમણા જ ફેંકી દો. અને ત્હમારી આંતરિક જીંદગી બારીકાઇથી સમજીને તથા તે જીંદગીના કાનુન સમજીને તે પરથી આત્મશાક્ષીએ શિખો કે,

ત્હમને ખરેખર નુકશાન તો ત્હમારા પોતાની અંદર જે હોય તેથી જ થઈ શકે છે, બીજા કશાથી નહિ.

પોતાની દયા ન ખાતા; મતલબ કે બીજાનો દોષ કહાડી પોતાના આત્માનો બચાવ ન કરતા; કારણ કે તેથી જેમ એક પિતા કજીઆળા પુત્રનો પક્ષ કરી બીજા સાથે લડવાથી પોતાના પુત્રનું હિત બગાડે છે તેમ, ત્હમે ત્હમારા આત્માનું બગાડો છો.

બીજાનો દોષ કહાડવો છોડો; ત્હમારો પોતાનો જ દોષ કહાડો. નદ્દન ડાઘ વગરની પવિત્રતા ત્હમારા જે કૃત્યમાં ન હોય એ કૃત્યનું જરા પણ ઉપરાણું ન લેશો. આમ કરવાથી ત્હમે અક્ષય ખડક ઉપર મકાન બાંધશો, કે જે મકાનમાં દરેક સુખ અને સગવડ ત્હેના પરિપકવ વખતે આપોઆપ આવી પહોંચશે.

ગરીબાઇ અથવા અપ્રિય સંજોગોમાંથી કાયમને માટે મુક્ત થવાનો આ એક સિવાય બીજો ઇલાજ છે જ નહિ.—તે ઇલાજ અંદરના 'હું' પણાવાળા વિચારો દૂર કરવામાં જ સમાયલો છે; કારણ કે એવા વિચારોનો **પડછાયો—પ્રતિબીંબ** એનું નામ જ **દુઃખ અથવા અપ્રિય સંજોગો છે.** ખરી લક્ષ્મી પ્રાપ્ત કરવા ઇચ્છા હોય તો સદ્દગુણથી આત્માને ભરો. **હૃદયશુદ્ધિ વિના ખરી આબાદી કદી થની જ નથી.** કેટલીકવાર અનાતિમાન મનુષ્યો પૈસાદાર બની ગયેલા આપણે જોઇએ છીએ પણ તે પૈસો કાંઇ ખરી લક્ષ્મી તરીકે ગણાય નહિ; શું તે લક્ષ્મી છતાં તે મનુષ્ય 'આનંદ' —હૃદયનો આનંદ ભોગવી શકે છે? શું ત્હેનું શરીર અને મન હમેશ ગરમ (તંદુરસ્ત સ્થિતિથી જુદીજ સ્થિતિવાળું) નથી હોતું ? એવી જાતની લક્ષ્મી કે જે કદી ખરી લક્ષ્મી કહી શકાશે નહિ તે અને ત્હમારી **દેખીતી** ગરીબાઇ (પણ હૃદયની શ્રીમંતાઇ) વચ્ચે શો તફાવત છે તે જોવા હોય તો ત્હમારા અંતરાત્મા રૂપી મઠમાં–

અપાસરામાં–દેવળમાં–ગુફામાં–મસીદમાં પ્રવેશ કરો. "હું"મય વિચારો–નાશવંત વસ્તુઓ સંબંધી વિચારો સઘળા છોડી અમર અને સાર્વત્રીક વિચારોમાં પ્રવેશ કરો. એ પવિત્ર દેવળમાં પ્રવેશ કરવાથી ત્હમે મનુષ્યોના સારા અને નરતા વિચારો અને પ્રયત્નોનું પરિણામ જોઇ શકશો; ત્હમે જોશો કે અનીતિમાન શ્રીમંત મનુષ્યોને પુનઃ ગરીબાઇ અને અધમદશામાં આવવું પડશે. અને જો કે તે શ્રીમંતાઇ-માં જ મરણ પામશે તો પણ ત્હેની સઘળી અનીતિનાં કડવાં ફળો ખાવા માટે ત્હેને પુનર્જન્મ લેવાનો છે જ. ભલે ને તે ફરી લક્ષ્મી-વાન થાય પણ ત્હેને તેટલી જ વાર પાછા પડવું પડશે; એમ જ્હાં સુધી તે લાંબા અનુભવ અને દુઃખોમાં થઇને **'અંદરની લક્ષ્મી'** નહિ મેળવે ત્યહાં સુધી તે બિચારાને "ગારામાં ગોથાં" ખાવાં જ પડશે. બીજા શબ્દમાં કહીએ તો 'અંદરની લક્ષ્મી' જે અનુભવથી જ મળે છે તે અનુભવ મેળવવા માટે દુઃખો ભોગવવાં જ જોઇએ; અને તે દુઃખો તે **સીધી રીતે** ન ભોગવી શકતો હોવાથી કુદરત ત્હેને **બહારની લક્ષ્મી** આપે છે કે જે **બહારની લક્ષ્મીના પરિણામે** ત્હેને દુઃખમાં પડવુંજ પડે.

જે માંણસ દેખીતો ગરીબ છે પણ અંદરથી શ્રીમંત છે અર્થાત્ નીતિવાન છે તે ખરેખર શ્રીમંત છે, અને ગરીબાઇથી ઘેરાયલો છતાં પ્રતિદિન 'શ્રી' દેવીની તરફ તે કુચ કર્યા કરે છે અને **એક દિવસ તેણી ત્હેને વરશે જ.**

જેઓ આબાદ થવા ઇચ્છતા હોય ત્હેમણે **એકી ફલંગે** આ-બાદીને પકડવાની આશા કદી ન રાખવી. જ્હાં પોતે છે તે જગા અને આબાદી **એ બેના વચ્ચે એક સ્ટેશન કરવું જ જોઇએ.** નહિ તો મૂર્ખ વાનરની પેઠે કૂદવા જતાં વચ્ચે પડી મરવું પડશે. તે સ્ટેશન **નીતિનું** છે. ત્હેણે પ્રથમ નીતિના સ્ટેશનને લક્ષ્ય બિંદુ બના-

વવું જોઇએ અને ત્હાં પહોંચ્યા પછી આબાદીના સ્ટેશને પહોંચવુ ઘણુંજ સુગમ છે. **લક્ષ્મી માટે ઝંખવું એ મૂર્ખતા છે.** દુનીઆ-માં આટલાં બધાં પાપો થાય છે, તે આ એક સાદા કુદરતી નિ-યમને નહિ જાણવાથી જ થાય છે કે, **"નીતિ દેવી જ્યહાં સુધી લક્ષ્મી દેવીને સમજાવીને ત્હમારી પાસે લાવે નહિ ત્યહાં સુધી (ત્હમારાથી જોરજુલમથી લવાયલી) લક્ષ્મી દેવી ત્હમારી પાસે લાંબો વખત નહિજ રહેવાની."** ત્હેને ત્હ-મારી પાસે લાવવા માટે ત્હમારે અનેક જુલમ કરવા પડશે (અને એ જુલમ વડે ત્હમે ભવિષ્યમાં અનેક જુલમો **સહન** કરવાને પો-તાને જોખમદાર બનાવો છો.) ત્હમારે અનેક અનર્થ કરવા પડશે, એટલુંજ નહિ પણ તે મેળવ્યા **પછી પણ** ધુંધવાતી તે લક્ષ્મી ત્હમને અનેક રીતે સતાવશે. જેમ કોઈ બળાત્કારથી અણાયલી સ્ત્રી ત્હેના આશકને ક્ષણ માત્ર ઝંપવા દે નહિ અને વખત આવે છટકી જ જવાની અગર પ્રસંગ મળે તો ત્હેને વિષથી ઠાર કરવા ચુકે ન-હિ, તેમ તે ધુંધવાતી લક્ષ્મી–વિધિપૂર્વક જ્હેનું પાણિગ્રહણ કર્યું નથી એવી તે લક્ષ્મી ત્હમારા ઘરમાં આવ્યા છતાં પણ ત્હમને પાયમાલ કરશે. આ કાંઇ અતિશયોક્તિ નથી, પણ કુદરતના કાનુન-ની વાત છે.

ધારો કે ત્હમે કોઇ સુંદર કુમારિકા જોઇ મોહી પડો છો. ત્હમારે ત્હેને પરણવું છે; **શું** ત્હેને કાલાવાલા કરવાથી તે ત્હમારા પર ફીદા થશે ! કે ત્હમારે ત્હમારૂં રૂપ, લાવણ્ય, વાણી, રીતભાત વગેરે આકર્ષણીય બનાવી તેણીમાં આપોઆપ **ત્હમારા પ્રત્યે ઉચ્ચભાવ ઉત્પન્ન થાય** એવી યોજના કરવી પડશે ? ત્હમને તો ઘણીએ લગની લાગી હોય કે ઘરથી દોડી તેણીના ઘેર જઇ તેણીનો હાથ માગું ! પણ શું એમ કદી કામ બનશે ? નહિજ; ત્હમારે ત્હમારા ગુણો અને

ખુબીઓ, ત્હમારૂં રૂપ અને ત્હમારી રીતભાત ત્હેના જોવા-જાણવામાં આવે એવી યોજના કરવી પડશે, એટલે પછી તે કન્યા આપોઆપ ત્હમારી પાસે ચાલીચાલી આવશે, અને ત્હમને પાણિગ્રહણની દરેક સગવડ થશે. **એજ લગ્ન વધારે મજબુત થશે.** એજ લગ્ન હમેશ પ્રેમમય બન્નેને રાખશે. બાકી અંગ્રેજોમાં હાલ બને છે તેમ કરશો, અગર કન્યા પાસે (અર્થાત્ લક્ષ્મી પાસે) **યાચના** કરતા જશો,--ત્હેની પાસે ઘુંટણીએ પડી તેણીના પ્રેમની માગણી કરશો, તો કદાચ તે ત્હમને વરશે, તો પણ ત્હેનું પરિણામ એ આવવાનું કે એ દિવસ જ 'હેતના હેડકા' આવવાના અને પછી રોજ કકળાટ સાંભળવો પડવાનો! આપણા **આર્યાવર્ત**ની પૂર્વકાળની સતીઓ ગુણ જોઇ પતિને શોધી કહાડતી, નહિ કે પતિ પત્નીને શોધતો; તેથી તે કેવી શીલવતી રહી શકતી અને પતિ માટે જીવ પણ આપતી તે સર્વને સુવિદિત છે. લક્ષ્મીના સંબંધમાં પણ તેમ જ છે; લક્ષ્મીની ઇચ્છાવાળા પુરૂષે પ્રથમ પોતાને સદ્‌ગુણોથી અલંકૃત કરવાની કાળજી રાખવી, પછી તે **વિચીક્ષણ કન્યકા આપોઆપ પોતાના પાત્રને શોધી કહાડશે,** અને **કાયમને માટે ત્હેની સાથે રહેશે.** માટે આબાદીની ઇચ્છાવાળા મનુષ્યે ધનપ્રાપ્તિને પોતાનું લક્ષ્યબિંદુ ન બનાવતાં નિઃસ્વાર્થ પરોપકાર અને જગહિત કરવામાં મચ્યાં રહી આત્માને વિકસાવવા તરફજ દૃષ્ટિ રાખવી, કે જેથી **પરિપક્વ વખતે આબાદી આપોઆપ આવીને ભેટશે.**

ત્હમે કહોછો કે ત્હમે ત્હમારા **પોતા માટે નહિ** પણ પરોપકાર કરવા માટે લક્ષ્મી ઇચ્છો છો. જો લક્ષ્મીની ઇચ્છા કરવામાં ખરેખર એ જ આશય હશે તો લક્ષ્મી જરૂર આવશે જ. જો ત્હમે લક્ષ્મીવાન થવા છતાં પોતાને લક્ષ્મીના **માલેક** નહિ પણ લક્ષ્મીના **મુનીમ** તરીકે માનશો, તો તે અવશ્ય આવી જ મળશે; અર્થાત્

ત્હમારે એમ સમજવું જોઇએ કે, **લક્ષ્મીના** ત્હમે માલેક નથી કે જેથી મરજી મુજબ ત્હમારા **પોતીકા સ્વાર્થ** માટે તે વાપરી શકો; પરંતુ તે દેવીના ત્હમે એક **મુનીમ** છો, અને દેવી પોતાના દુઃખી પુત્રોના હિતાર્થે જે જે કામો કરવા ત્હમને ફરમાવે તે **તેણીના ખજાના-માંના પૈસા વડે** કરી ત્હેની નોંધ રાખનારા **મુનીમ** જ ત્હમે તો છો. ત્હમને **મુનીમ તરીકેનો પગાર** મળે તેટલું પણ કાંઇ ઓછું નથી. **શેઠ કરતાં મુનીમને વધારે સુખ છે;** શેઠ કાંઇ મુનીમ કરતાં વધારે ખાતો-પહેરતો ભોગવતો નથી, પણ મુનીમ કરતાં વધારે **ચિંતા** તો ભોગવે છે જ. મુનીમ શેઠ જેટલું જ ખાય છે-પહેરે છે-ભોગવે છે-માન પામે છે-શેઠની લક્ષ્મી પોતાના હાથે વાપરવાનો લ્હાવો લે છે અને વળી **ચિંતા** વગર રહી શકે છે ! માટે શ્રીમંતોએ પોતાના હિત માટે પણ આમ જ કરવું ઉચિત છે કે **“ લક્ષ્મીના માલેક ન બનવું; લક્ષ્મીના મુનીમ બનવું. ”**

પરોપકારાર્થ લક્ષ્મી ઇચ્છનારા માણસો પૈકી ઘણાક તો એવા હોય છે કે, જેઓનો ગુપ્ત આશય બડાઇ લેવાનો હોય છે. ત્હમારી પાસે જે થોડું પણ ધન હોય તે ત્હમે પરોપકારાર્થે ન વાપરો અને વધારે ધન પરોપકારાર્થે ઇચ્છવાની વાતો કરો એ કેવું હાસ્યજનક છે ! હાલ ત્હમારી પાસે જે થોડાં પણ સાધન હોય ત્હેનો ઉપયોગ ત્હમે પરોપકારાર્થે ન કરી શકતા હો તો, જરૂર માનજો કે, વધારે લક્ષ્મી મળતાં ત્હમે ઘણાજ સ્વાર્થી અને બડાઇખોર થશો. જો ત્હમારી ઇચ્છા જનસેવા બજાવવાની જ હોય તો લક્ષ્મી મળવાની **રાહ જોવી** જરૂરની નથી. ત્હમે તે સત્કાર્ય **આજે જ, હમણાંજ, આ જગાએ** જ કરી શકો તેમ છો. જો ત્હમે, ત્હમે પોતાને ધારોછો તેટલાજ નિઃસ્વાર્થી હો તો, ત્હમે તે નિઃસ્વાર્થતા ત્હમારી જાતને બીજાઓના હિતાર્થે હોમી દઇને બતાવી આપશો. માણસ ગમે તેવો

નિર્ધન હોય પણ આત્મભોગ તો આપી જ શકે. જે અંતઃકરણ કાંઇ સારૂં કરવા ઇચ્છે છે તે કોઇ દિવસ પૈસાની રાહ જોતું નથી; પણ તે યજ્ઞકુંડ પાસે જાય છે, ત્હેમાં 'હું*' પણાના ખરાબ તત્વને હોમે છે અને બહાર જઇને પડોશી તેમજ મુસાફર, મિત્ર તેમજ શત્રુ સર્વપર એક સરખી રીતે સુખનો શ્વાસ નાખે છે.

જેમ કારણ અને કાર્યને સંબંધ છે, તેવીજ રીતે આંતરીક ભલાઇ અને આબાદીને સંબંધ છે. અને તેવીજ રીતે આંતરીક બુરાઇ અને નિર્ધનતાને સંબંધ છે.

ખરી લક્ષ્મી કઇ ? **સદ્દગુણનો જે જથ્થો** ત્હમારી પાસે હોય તે.

ખરી **શક્તિ** કઈ ? ત્હમારી પાસે સદ્દગુણનો જે જથ્થો છે ત્હેનો જે ઉપયોગ ત્હમે કરો તે.

ત્હમારા **હૃદયને** શુદ્ધ કરો; એટલે ત્હમારૂં **જીવન** શુદ્ધ થશે. કામ, વિકાર, ધિક્કાર, ક્રોધ, માન, લોભ, દુરાગ્રહ, સ્વાર્થાંધતા એ સર્વ ગરીબાઇ અને નબળાઇનાં નામ છે. વિશુદ્ધ પ્રેમ, પવિત્રતા, નમ્રતા, શાન્ત સ્વભાવ, સહનશીલતા, દયા, ઉદારતા, નિઃસ્વાર્થતા, નિર્મમત્વ (હું હું એવા ભાવની ગેરહાજરી) આ સર્વ લક્ષ્મી અને શક્તિનાં (પર્યાયવાચક) નામ છે.

નિર્ધનતા અને નબળાઇનાં ઉપર કહેલાં તત્વો જેમજેમ દૂર કરાય

---

* ' હું ' પણું એટલે અભિમાન નહિ, પણ હું-હું અને મ્હારૂં-મ્હારૂં એવો મમત્વ. આ તો **મ્હારૂં** શરીર, આ **મ્હારા** લાભ માટે કરવાનું, આ **મ્હને** નુકસાન કરનાર માટે ત્હેને **મ્હારે** મારવાનોઃ એવો જે ' હું ' ભાવ તે.

છે તેમ તેમ આત્માની અંદરનાં સર્વશક્તિમાન તત્વો બહાર આવતાં જાય છે અને જે માણસ ઉપર કહેલાં તત્વોને પૂરેપૂરાં હરાવી શકે છે તે માણસ આખી દુનિઆને પોતાના પગે પાડે છે. મહાવીર આદિ પુરૂષોના જીવન આ સિદ્ધાંતના અચુક પુરાવા તરીકે આપણી સમક્ષ મોજુદ છે.

કહેવાતા શ્રીમંતો પણ શું અપ્રિય સંજોગોની ફર્યાદ કરતા આપણા જોવામાં નથી આવતા ? આ ઉપરથી જ આપણે સમજી લેવાનું છે કે, **સુખ બાહ્ય સંજોગો પર નહિ પણ આંતરિક સ્થિતિપર આધાર રાખે છે.**

ધારો કે ત્હમે એક પેઢીના કે કારખાનાના માલિક છો; ત્હમારે હમેશ ત્હમારા નોકરો માટે બુમ પાડવી જ પડે છે અને સારા નોકરો મળે છે તો તે ટકતા નથી. આ પરથી મનુષ્ય જાત પ્રત્યે ત્હમે કંટાળો ખાતાં શીખો છો. ત્હમે સારો પગાર આપવા જાઓ છો, ત્હમે નોકરોને અમુક પ્રકારની છુટ આપવા જાઓ છો. અને તેમ છતાં નોકરો સંબંધી હારક ત્હમને મળતી નથી. ત્હારે હવે આનું કારણ શું? આ દોષ કોનો ? આ સલાહ બરાબર લક્ષમાં લેજો કે, **ત્હમારી સઘળી ચિંતાનું** મુખ્ય કારણ **ત્હમે જ છો.** જો ત્હમે સાચી દાનતથી અંતર દૃષ્ટિ કરશો તો ત્હમારી ભૂલ તુરત દેખાશે અને વળી તુરત જ ચિંતાનું મૂળ નાબુદ કરવાનું બની શકશે. કદાચ કોઇ જાતનું ત્હમારૂં સ્વાર્થીપણું હશે, કદાચ ત્હમારા મનમાં નોકરો પ્રત્યે ખોટા વ્હેમો ભરાઈ ગયેલા હશે, કદાચ ત્હેમના તરફની ત્હમારી વર્તણુક અપ્રિય હશેઃ આને લીધે ત્હમારા હૃદયની ઝેરી હવા ત્હમારા નોકરના હૃદયને અસર કરે છે અને તે ત્હમને નુકશાન કરે છે. ત્હમારા નોકરો પ્રત્યે પ્રેમની ભાવના ભાવો. ત્હેમના સુખ માટે

વિચાર કરો. ત્હેમની પાસેથી હદ ઉપરાંતના કામની માગણી ન કરો. પોતાના શેઠના ભલા માટે પોતાના પંડને છેક જ વિસારી દે એવા નોકર મળવા એ મ્હોટામાં મ્હોટું ભાગ્ય છે; પણ પોતાના તાબાના માણસો (કુટુંબીઓ તેમજ નોકરો) ના હિત માટે જે પોતાના સુખને વિસારી દે એવા શેઠ મળવા તે તો એથી પણ વધારે મ્હોટું ભાગ્ય છે. આવા શેઠને બમણું સુખ મળે છે અને ત્હેના નોકરો પણ સુખી થાય છે. "ત્હમે નોકરની સ્થિતિમાં હો, તો જે કામ કરવા ન ઇચ્છો તે કામ નોકરો પાસેથી કદિ લેવા ન ઇચ્છશો."

ત્હમારી જીંદગીને બોજા રૂપ—કંટાળા રૂપ બનાવનારા સંજોગો ગમે તેવા હોય તો પણ એ સર્વ સંજોગોમાંથી બહાર નીકળવાનો એક રસ્તો છે; તે એ કે આત્મશુદ્ધિ અને આત્મનિગ્રહ વડે ત્હમે સર્વ અપ્રિય સંજોગોનું અનુકુળ સંજોગોમાં રૂપાંતર કરી શકો તેમ છે.

ત્હમે કહેશો કે, "પૂર્વ ભવોનાં કરેલાં સારાં નરતાં કામોનું ફળ ભોગવવું જ પડે એ કુદરતનો કાયદો છે; તો પછી આજે આત્મશુદ્ધિ ગમે તેટલી કરીએ તેથી શું વળે?" પણ ત્હમારે ધ્યાનમાં રાખવું કે તે જ કુદરતનો કાયદો એમ પણ કહે છે કે, "ત્હમારા પૂર્વ ભવોનાં કોઇ સારાં કૃત્યોના પ્રતાપે જ આજે ત્હમને આત્મશુદ્ધિની **અગત્ય સમજવાની** તક મળી છે; તો પછી **એનું** ફળ પણ ત્હમને કાં ન મળે?" ખરાબ પરિણામ આપનાર પૂર્વનાં કુકૃત્યને આજની આત્મિક શુદ્ધિથી આપણે નિર્બળ—સત્તાહીન કાં ન કરી શકીએ? શું ભગવાન મહાવીર સ્વામીએ "કર્મ" ની હીમાયત કરનાર કુમ્ભકારને "ઉદ્યમ" નો—પુરૂષાતનનો પાઠ નહોતો ઉપદેસ્યો?

જે માણસ 'અહં' પણાને વળગી રહે છે તે પોતાનો શત્રુ છે.

અને હેને બહારના શત્રુઓ પણ ઘણા આવી મળે છે. જે અહં-પણાને છોડે છે તે પોતાનો બચાવનાર—પોતાનો ઇશ્વર બને છે અને હેની આજુબાજુ પવિત્ર હૃદયનાં ઇશ્વરી કીરણ આગળ સઘળું અંધારૂં અદૃશ્ય થાય છે અને સઘળાં વાદળાં પીંગળી જાય છે. જ્હેણે આત્માને જીત્યો છે હેણે વિશ્વને જીત્યું છે. 'હું' પદમાંથી દૂર ખસો; એટલે ત્હમે નિર્ધનતામાંથી નીકળી જશો, દુઃખમાંથી નીકળી જશો, ચિંતામાંથી–નીસાસામાંથી–કકળાટમાંથી નીકળી જશો. અહંપદનું ઘણું પુરાણું—ફાટયુંતુટયું કપડું ત્હમારા આત્માપરથી ખસેડી નાખો અને હેની જગોએ સાર્વત્રીક પ્રેમનું નવું ચીર પહેરી લો; એમ થશે એટલે **ત્હમારા અંતરમાં ત્હમે સ્વર્ગ જોશો** અને એ **સ્વર્ગની પ્રતિછાયા બહાર (ત્હમારી જીંદગીના બનાવોમાં) પણ જોશો.**

દુનિયામાં જૂદી જૂદી શક્તિઓ છે; એ સઘળીમાં વધારે જોરાવર શક્તિઓ અવાજ વગરની–શાંત છે–ગુપ્ત છે. ૫૦૦ માણસ જેટલું જોર કરે છે તેટલું જોર કરનારૂં વરાળ યંત્ર એ ૫૦૦ માણસ જેટલો અવાજ કરતું નથી. અને વીજળીક બળ વળી એથી પણ ઓછો અવાજ કરે છે. આ નિયમ આત્માને પણ લાગુ પડે છે. જે માણસ વધારે જોરવાળો છે તે વધારે ચુપકીમાં રહેનારો–શાંત હોય છે. વિચારનું મહાન જોર શાંત મગજોમાં જ હોય છે. એ જોરને જેવે રસ્તે વાપરવામાં આવે એવું એનું પરિણામ આવે છે. મુક્તિ અને નિપાત બન્ને એ જ જોર વડે પ્રાપ્ત થાય છે.

આ જડ પૃથ્વીમાં વસતો માણસ જેટલું જ્ઞાન સંપાદન કરવાને લાયક છે તે **સર્વ જ્ઞાન માત્ર આત્મનિગ્રહ ('સંયમ') મારફત જ મળી શકે છે.** આત્મનિગ્રહથી મનોબળ વધતું જાય છે–

અહીંતહીં વપરાઇ જતું અટકી 'પૈસો પૈસાને મેળવે છે' એ નિયમાનુસાર ખીલતું જ જાય છે અને સંપૂર્ણતા–કૈવલ્યજ્ઞાન પણ એમજ ચ્હડતાં ચ્હડતાં મળી શકે છે. આત્મનિગ્રહનું છેલ્લું પગથીઉં ચ્હડનારને કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શત્રુ–મિત્ર સર્વ તરફ સમભાવ રાખવા, અજ્ઞાનો–દુષ્ટો અને પાપીઓને પણ ક્ષમા કરવા જ્ઞાની ફરમાવી ગયા ત્હેનું કારણ માત્ર એટલું જ કે, એમ કરવાથી મનને સૂર્ય સરખું સ્થિર રાખી શકાય –અહીં તહીં ભટકતું ન રાખતાં પોતાના પ્રકાશમાં વિરાજવાનું–તપવાનું ચાલતું રહે. અને એ પ્રમાણે સાચવી રાખેલી વિચાર શક્તિ, મનોબળ, આત્મબળ ખીલ્યાં કરે અને '**આગળ ને આગળ**' વધવાની ફરજ બજાવવામાં આપણે સમર્થ બની નવીન નવીન શક્તિઓ પ્રાપ્ત કરી આખરે સર્વ શક્તિના ભંડાર રૂપ કૈવલ્યજ્ઞાન મેળવી શકીએ.

આપણા લોકો કહેછે કે, દુકાળ કે મરકી અથવા એવાં મહા સંકટો પાપેઃ વધી પડવાથી જન્મ પામે છે. આને આપણે વહેમ ગણી હસી કહાડીએ છીએ; પણ છેકજ તે વહેમ નથી. [હ્યુ] ધર્મગુરૂઓ પણ કહેતા કે **બહારના** બનાવો, **અંદરના** ભાવને અનુસરતા બને છે. તેઓ પ્રજા માથે પડતી આફતનું કારણ તેમજ પ્રજાને મળતી ફતેહનું કારણ તે વખતની **પ્રજાના સારા ખોટા વિચારો અને વાસનાઓને જ** માનતા. આ ખોટી માન્યતા નથી. બે રાજ્યો વચ્ચે યુદ્ધ થાય એ કાંઇ રાજા કે એકાદ માણસને લીધે છે એમ માનવું એ મૂર્ખાઇ છે. **અહંપદ** માં મગ્ન થવું, સ્વાર્થી કે દુષ્ટ ઇરાદાઓમાં લાગ્યા રહેવું. ઇત્યાદિ ખોટે રસ્તે મનોબળ વાપરવા લાગેલી પ્રજાઃ એ બળના ફળ રૂપે લડાઇ પામે છે. મરકી, દુકાળ ઇત્યાદિનું પણ એમજ છે. વિચારોને ખોટે રસ્તે વહેવડાવવા, મનોબળને હીણે

રસ્તે વાપરવું: એથી એ **આંતરીક સ્થિતિના પડછાયા તરીકે** એજ બાહ્ય સ્થિતિ આવી મળે છે કે જ્હેને આપણે દુકાળ, મરકી, આગ, લડાઇ ઇત્યાદિ નામોથી ઓળખીએ છીએ.

સઘળી ચીજો અને બનાવોને હયાતીમાં લાવનાર અવાજ વગરનું પણ પ્રબલ શક્તિ ધરાવનાર '**વિચારબળ**' જ છે. જડ પદાર્થનું પૃથક્કરણ કરતાં એવું જણાયું છે કે તે પણ 'વિચાર'માંથી બનેલા છે. વિદ્યાલયો અને કૉન્ફરન્સો પ્રથમ 'વિચાર' સૃષ્ટિમાં બંધાઇ, પછી જમીન ઉપર ત્હેનાં મકાન—મંડપ અને મેદની જોવામાં આવે છે. ગ્રંથકાર, શોધક, ચિતારો અને શિલ્પી પ્રથમ 'વિચાર-ભૂમિ'માં પોતાના કામના દરેક ભાગ પુરા કરે છે અને પછી એ 'વિચારો'ને 'પદાર્થ'નું રૂપ આપે છે.

જ્યારે 'વિચારબળ' કુદરતના કાનુનને **અનુસરીને** કામ કરે છે ત્યારે તે 'બાંધવાનું' અને 'રક્ષણ કરવાનું' કામ કરે છે; અને જ્યારે તે કુદરતના કાનુન **વિરૂદ્ધ** કામ કરે છે ત્યારે 'વિખેરવાનું' અને 'નાશ કરવાનું' કામ કરે છે.

"વિશ્વમાં સૂર્યપ્રકાશ માફક સુખ ફેલાયલું છે, પણ દુઃખ તો આપણી વાસનાઓના પડછાયા રૂપે આવી પડે છે" એ માન્યતામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને વર્તવું એ, પરમેશ્વર સાથે વાતચીત કરવા બરાબર—પરમેશ્વરના હુકમ મુજબ વર્તવા બરાબર જ છે. જ્હાં બીક, ગભરાટ, કંટાળો, ચિંતા, સંશય, નિરાશા અને ખેદ છે, ત્હાં મોક્ષ નથી. મોક્ષની વ્યાખ્યા જ કહે છે કે, એ સ્થિતિઓથી કાંઇ જૂદી જાતની સ્થિતિ એનું નામ જ મોક્ષ. હવે જુઓ કે ઉપલી સર્વ સ્થિતિઓ માત્ર 'અહંપદ'ની છોકરીઓ છે અને જે સુખનો

સિદ્ધાંત ઉપર જણાવ્યો એમાં આસ્થા ન રાખવાનુંજ એ પરિણામ છે. **આસ્તિક નાસ્તિકની પરીક્ષાનું ધોરણ આ સિદ્ધાંત જ છે.** 'આસ્તિક'ની ગણતીમાં આવવા ઇચ્છનારી પ્રજાએ એ સિદ્ધાંતને પૂજવો જોઇએ અને બીક-ચિંતા-નિરાશા આદિ ઉપર કહેલી સ્થિતિઓને રાજીનામું આપવું જોઇએ. બ્હીનાર, ચિંતા કરનાર કે ખેદ કરનાર માણસ 'પાપી' છે,—એ ક્રિયાઓ 'પાપ'ની ક્રિયાઓ છે; કારણ કે 'નિશ્ચય નય'થી જોતાં આત્મા આનંદમય છે તો જ્યહાં સુધી ત્હેને બીક, દીલગીરી વગેરે વળગેલાં રહે ત્યહાં સુધી તે 'પાપ'માં જ છે. 'થવાનું મિથ્યા થવાનું નથી' એવું સર્વજ્ઞનું વચન ન માને ત્હેને આપણે 'નાસ્તિક' કહીએ છીએ. તો 'ચિંતા' કરનાર કેમ નાસ્તિક' નહિ ! તે કેમ 'મિથ્યાત્વી' નહિ ! આસ્તિકનો જે સિદ્ધાંત હરહમેશ આપણને સંપૂર્ણ દશાએ પહોંચાડવા ઉદ્યમ કરી રહ્યો છે ત્હેને હંફાવનાર—ત્હેની અસર ધોઈ નાખનાર અને તેથી આપણને આ દુઃખી સ્થિતિમાં હોમનાર બીજું કોઈ નહિ પણ ઉપર કહેલી બીક–સંશય–ગભરાટ વગેરે સ્થિતિઓ જ છે.

એ સ્થિતિઓને દૂર કરવી એનું નામ **સ્વતંત્ર દશા.** અને એ સ્વતંત્ર દશા પ્રાપ્ત કરવાનો એક જ રસ્તો છે તે એ છે કે **આત્મિક જ્ઞાનનો ધીમે પણ મક્કમ પગલે વધારો કરવો.**



પ્રકરણ ૪ થું.

ભાવના બળ.

આત્મનિગ્રહ કરવાનો **મહાવરો** વિવેકપૂર્વક પાડવાથી માણસને પોતાની અંદર રહેલી ભાવના શક્તિ અથવા વિચાર બળના **અસ્તિત્વનું** ભાન થાય છે. અને એમ મહાવરો વિવેકપૂર્વક–બુદ્ધિપૂર્વક પાડતાં પાડતાં જ્યહારે ત્હેનામાં આત્મનિગ્રહની શક્તિ ખરેજ આવી પુગે છે ત્યહારે તે સાથે જ પેલી ભાવનાશક્તિ અથવા વિચાર બળનો વ્યાજબી રસ્તે ઉપયોગ **કરવાની શક્તિ** પણ ત્હેનામાં આવી જાય છે. **જેટલા પ્રમાણમાં એક માણસ સંયમ પાળે છે અર્થાત્ આત્મનિગ્રહ કરે છે એટલા જ પ્રમાણમાં તે બાહ્ય સંજોગો પર કાબુ મેળવવાને સમર્થ બને છે.**

કેટલાક માણસો એવા હોય છે જેઓ સર્વ સુખોની **વચ્ચમાં** હોવા છતાં હમેશ દુઃખના જ ઉદ્ગાર કહાડે છે. તેઓના મનમાં અનેક તરેહની શંકાઓ, વ્હેમો, ધાસ્તીઓ ઉપજ્યાં જ કરે છે. આવાને આપણે દુઃખ વ્હોરી લેનારા માણસો જ કહીશું. શ્રદ્ધા અને આત્મનિગ્રહ વગરનો માણસ કોઇ દિવસ સુખી થવાનો નહિ; તે પ્રત્યેક સંજોગનો ગુલામ બનવાનો. એવા લોકો દુઃખ પડતાં પડતાં ઘડાય છે, અને **કડવો અનુભવ લઇને** છેવટે સીધે રસ્તે આવે છે.

શ્રદ્ધા અને નિશ્ચયઃ એ બે જ જીંદગીની મુખ્ય શક્તિઓ

છે. એવી એક પણ ચીજ નથી કે જે મજબુત શ્રદ્ધા અને દ્રઢ નિશ્ચય એ વડે સિદ્ધ ન થાય. પ્રતિદિન મૌનપણે શ્રદ્ધાનો મહાવરો કરવાથી આપણું વિચાર બળ **આગળ પાછળથી એકઠું થઇને એક જગાએ જમા થાય છે.** અને પ્રતિદિન મૌનપણે નિશ્ચયને દ્રઢ કરવાથી પેલું એકઠું થયેલું વિચાર બળ અથવા ભાવના શક્તિ **ઇચ્છિત પદાર્થ તરફ જ ગતિ કરે છે.** પહેલી શક્તિથી ખુણેખાંચરેથી બળ એકઠું થાય છે અને બીજી શક્તિથી તે અમુક લક્ષ્ય તરફ જ ગતિ કરે છે. આ પ્રમાણે ઇચ્છેલું કાર્ય પાર પાડવામાં આ બે શક્તિઓ અત્યંત ઉપયોગી છે.

ત્હમે ગમે તેવી સ્થિતિમાં હો, ત્હમારો ધંધો ગમે તે હોય, પરન્તુ **જો ત્હમારે બળ, ઉપયોગીપણું અને વિજયનો અંશ પણ જોઇતો હોય તો ત્હમારે સ્વસ્થપણું અને મનોશાન્તિ નામના ગુણોને કેળવી કેળવીને ત્હમારૂં વિચારબળ એક જગાએ એકઠું કરતાં શિખવું જોઇશે જ.** કદાચ ત્હમે ધંધાર્થી હો અને કોઇ સંકટમાં આવી પડયા હો; તેથી ત્હમે ગભરાઓ અને ચીડાઉ બનો, એ સંભવીત છે. પરંતુ એવી માનસિક સ્થિતિમાં કાયમ રહેવાથી જરૂર માઠું જ પરિણામ આવવાનું. કારણ કે જરૂર માનજો કે **જ્યહારે ચિંતા ન્હાની બારીએથી પ્રવેશ કરે છે ત્યહારે બુદ્ધિ મ્હોટે બારણેથી છટકી જાય છે.** ચિંતાને ચિતા સમાન ગણવામાં આવે છે તે યથાર્થ છે.

ત્હારે આવી ચિંતાના પાસમાંથી મુક્ત થવાનો રસ્તો કયો ? દુનીઆમાં બહાદુરમાં બહાદુર ગણાતો માણસ, અરે ખુદ દેવો અને દેવોના દેવ પણ કૃતકર્મ અને ભવિતવ્યતાને રોકવા શક્તિમાન નથી. અને તે જો રોકી શકાય તો કુદરતના કાયદા બધા ઉંધા વળે અને

જગતમાં અંધેર-અંધેર જ થઇ જાય. ખુદ તીર્થંકરો-પેગમ્બરો અને દેવોને પણ પૂર્વ કર્મનું કટુ ફળ ભોગવવું પડયું હતું. એટલે ચિંતાનાં કારણો જે દુઃખો અને સંકટો ત્હેને રોકવાની શક્તિ તો કોઇમાં છે જ નહિ; પણ જગતમાં એવા વિરલા તો જોવામાં આવશે ખરા કે જેઓ તે ચિંતાની **અસર** ન થવા દે. વરસાદને રોકી શકાશે નહિ, પણ વૉટરપ્રુફ ડગલો પહેરવાથી અને છત્રી ઓઢી લેવાથી શરીરને ભીંજાતું અટકાવી શકાશે. ધમધોકાર વરસાદનું પાણી આપણા શરીર પર પડવા છતાં માત્ર એક વૉટરપ્રુફ ડગલાની જાડાઇ જેટલો જ પ્રતિરોધ વચ્ચે આવે છે અને તે વરસાદની અસર થવા દેતો નથી; એવીજ રીતે દુઃખો અને ચિંતાઓ ધનધોકાર આપણા ઉપર મુશળધારાએ વરસે તો પણ આપણે એક 'ઓવરકોટ'-વૉટરપ્રુફ કોટ એવો પહેરી શકીએ કે જેથી તે સર્વ આપણાથી **જરા માત્ર** દૂર રહી જાય અને આપણને **અસર ન કરી શકે.** આપણી આસપાસનાઓ તો એમ જ જોઇ શકે કે આ દુઃખ આપણને વળગી ચૂકયું છે પણ આપણે ત્હેને કોટની જાડાઈ જેટલે છેટે જોઇ શકીએ. એવો વૉટરપ્રુફ કોટ કયો ? તે ક્યહાંથી લાવવો ? ત્હમે કે જેઓ એવા ડગલાની ગરજ ધરાવતા હો તેઓ લક્ષપૂર્વક સાંભળો.

પ્રાતઃકાળમાં અથવા મોડી રાત્રે કોઇ એકાંત જગામાં અથવા ત્હમારા ઘરમાંની એકાંત ઓરડીમાં જાઓ, કે જ્યહાં કોઈ જાતનો અવાજ કે ખલેલ નડે નહિ. પલાંઠી વાળીને હરકોઈ આસને બેસો કે જે આસન ત્હમને દુઃખકર્તા ન હોય. શરીર સ્થીર થયા પછી મગજમાંથી ચિંતાના બનાવને ધકકેલી કહાડવા માટે, ત્હમારી જીંદગીમાં કોઇ પણ વખત સુખનો, આનંદનો, ઉત્સાહનો, હર્ષનો, આલ્હાદનો આવી ગયો હોય તે વખતને યાદ કરો. એ આલ્હાદક

બનાવની છબી ત્હમારી કલ્પના શક્તિ આગળ ખડી કરો. એ આલ્હાદ જેમ જેમ ત્હમો યાદ કરતા જશો તેમ તેમ હમણાની ચિંતા આસ્તે આસ્તે ત્હમારા મગજમાંથી ખસતી જશે અને થોડા વખતમાં તો ત્હમો **આનંદમય** બની જશો. કદાચ ચિંતાનો મેલો વળગાટ પાછો ઉથલો નાખવા તૈયારીઓ કરે તો તુરતજ આલ્હાદક દેખાવ **ફરી યાદ કરો.** જેમ વિષયસુખ વખતે ભિક્ષુક કે દેવાદાર કે દેશનિકાલ થયેલા પુરૂષને પણ આનંદ સિવાય બીજો ખ્યાલ આવી શકતો જ નથી; જેમ ત્હેના મગજમાં અહોનીશ રમી રહેલું નિર્ધનતા, મુશીબત કે ચિંતાનું દુઃખ તે વખતને માટે અંતર્ધાન થાય છે; તેમ અગાઉના કોઇ આલ્હાદક બનાવને સ્મરણ શક્તિમાં પાછો બોલાવીને ત્હેનું ચિન્તવન કરવાથી તાત્કાલિક દુઃખ અને ચિંતાનું વિસ્મરણ થશે.

એવી રીતે જ્યહારે ચિત્તસ્વાસ્થ્ય અને મનોશાન્તિ પ્રાપ્ત થાય કે **તુરત જ ત્હેનો લાભ લેવો જોઇએ.** ત્હમારી હાલની મુસ્કેલી શું કરવાથી દૂર થાય એ બાબત પર પેલા શાન્ત ચિત્તની મદદથી વિચાર કરો. પ્રથમ જે નિરાકરણ ત્હમને ઘણું કઠીન લાગતું હતું તે હમણાં સુગમ લાગશે અને ત્હમને જે કાંઇ રસ્તો સુઝશે તે ખરેખરો સુઝશે.

ત્હમારા ચિત્તને તદ્દન શાન્ત કરતાં કદાચ દિવસ ઉપર દિવસ પણ ચાલ્યા જશે. પણ જો ત્હમે ખંતપૂર્વક લાગ્યા રહેશો તો જરૂર ચિત્તશાન્તિ પ્રાપ્ત કરશો જ. આ ચિન્તશાન્તિના વખતમાં ત્હમને જે રસ્તો સુઝી આવે તે અવશ્ય ગ્રહણ કરજો; એ રસ્તે જરૂર ચાલજો. આટલું ભાર દઇને કહેવાનું કારણ પૂછતા હો તો તે એ છે કે, બીજે દિવસ જ્યહારે ત્હમે ધંધા-

માં લાગશે ત્હારે પ્રથમ સૂઝેલો વિચાર હવાઇ અથવા કઠીન અથવા નિર્માલ્ય લાગશે. પણ ત્હમે દ્રઢ રહેજો. શાન્ત ચિત્તથી જે કાંઇ સત્ય જોયું હતું ત્હેનાથી જ દોરાજો; ચિંતાના પડછાયાથી દોરાતા ના. **ચિત્તશાન્તિના ટુંકા સમયમાં જે કાંઈ જોવામાં આવે છે તે દેવવાક્ય તુલ્ય માનજો.** એવી એક પણ મુંઝવણ નથી કે જ્હેનો રસ્તો, વિચારોને સ્થિર કરીને શાન્ત બનાવવાથી ન જડી આવે. એવો એક પણ ઇચ્છિવા યોગ્ય પદાર્થ નથી કે જે આત્મિક શક્તિને વ્યાજબી રીતે વાપરવાથી ન મળી શકે.

જ્હાં સુધી ત્હમે ત્હમારા આત્મામાં ઉંડા ઉતરીને ત્હાં સંતાયલા છૂપા શત્રુઓને વશ ન કરો ત્હાં સુધી ત્હમને 'વિચારબળ' શું ચીજ છે, ત્હેનો બાહ્ય પદાર્થો સાથે શું સંબંધ છે, ત્હેની જાદુઇ અસર કેવી રીતે થાય છે અને તે અસરથી જીંદગીના બનાવો કેવી રીતે બદલાઇ જાય છેઃ એ સર્વનો ખ્યાલ ત્હમારા મગજમાં આવી શકશે જ નહિ.

ત્હમારા મગજમાં થતો દરેક 'વિચાર' એક force છે–'શક્તિ' છે. તે વિચારના જેવાજ વિચારો કરનારા માણસ તરફ ત્હમારો તે વિચાર દોડશે અને ત્હાંથી પાછો ત્હમારા તરફ ફરીથી આવશે અને તે વિચાર ઉત્તમ હશે તો ત્હમને હિત કરશે અને કનિષ્ટ હશે તો ત્હમને નુકશાન કરશે. વિચારબળની આપ—લે અહોનિશ ચાલ્યાં જ કરે છે. સ્વાર્થી અને નુકશાન કરવાના વિચારો તે વિનાશકારક શક્તિઓ છે એમ સમજો. તે શક્તિઓ **એવા** બીજા પુરૂષોને પહોંચી વળે છે, ત્હેમને નુકશાન કરે છે અને ત્હાંથી **બેવડા જોર સાથે** પાછી ફરીને ત્હમારા ચિત્તને ભ્રષ્ટ કરે છે. એથી ઉલટું,

શાન્ત-પવિત્ર-નિઃસ્વાર્થી વિચારો તે એટલા **દેવદૂત** છે, કે જે દેવદૂતો પોતાની પાંખોપર તંદુરસ્તી, સુખશાન્તિ અને આબાદી લઇને આ દુનીઆ પર ઉતરી આવે છે અને દુષ્ટ શક્તિઓને નકામી કરે છે. તેઓ ચિંતા અને ગમગીનીના ખળભળેલા સમુદ્રમાં આનંદરૂપી તેલ નાખે છે અને ભાગેલા હૃદયને અમૃતવડે સાજું અને યુવાન કરી આપે છે.

ભલા વિચારો કરો, ભલી ભાવનાઓ ભાવો, એટલે તે વડે ત્હમારી બાહ્ય જીંદગી પણ સુખી થશે. આત્મિક શક્તિ જેવે રસ્તે વાપરશો ત્હેના પ્રમાણમાં સુખી કે દુઃખી થઇ શકશો. પાપાત્મા અને તીર્થંકર કે પેગમ્બર કે સિદ્ધ પુરૂષો વચ્ચે તફાવત એટલો જ છે કે, આ જીવો પોતાની અંદરની શક્તિ પર સંપૂર્ણ કાબુ ધરાવે છે; જ્યહારે પેલા, તે શક્તિના સંપૂર્ણ કબજામાં છે.

ખરા સુખ અને જાથુની શાન્તિ માટે જો કોઇ પણ ઇલાજ હોય તો તે માત્ર આત્મનિગ્રહ અને આત્મશુદ્ધિ જ છે. ઘડી ઘડીમાં પ્રેમના ઉભરા, તિરસ્કારના દાંતીયા, ઇર્ષા, અભિમાન વગેરે તરંગો આવે અને જાય ત્યહાં ચિત્તની શાન્તિ કેવી રીતે જળવાય અને માણસને સુખ ક્યહાંથી મળે? **આ ક્ષણિક તરંગો પર જય મેળવો એટલે જીંદગીના થાનમાં સુખની સોનેરી દોરી વણી કહેવાશે.** ત્હમારે હમેશ એકાંતમાં બેશી શાન્તિનો અનુભવ લેવાનો મહાવરો કરવો જોઇએ. વિખરાઇ ગયેલી શક્તિઓને એકઠી કરીને એકજ આશય તરફ તે શક્તિઓને વ્હેવડાવવાનો આ જ રસ્તો છે.

જેમ જેમ ત્હમે ત્હમારા ક્ષણિક તરંગો અને વિચારો પર પુરતો અંકુશ ધરાવતા જશો તેમ તેમ ત્હમારા પોતામાં એવી એક નવીજ જાતની શાંત શક્તિ ઉત્પન્ન થતી જતી ત્હમે જોઇ શકશો, કે જે વડે ત્હમારો ચહેરો શાંત, ઠરેલ

પણુ મક્કમ બનશે અને ત્હમારામાં નબળાઇની જગાએ કૌવત આવી દરેક કામમાં ફતેહ જ ત્હમારી રાહ જુએ છે એવું ભાન ત્હમને થશે. આ શકિત સાથે ત્હમારા હ્રદયમાં એક વિચિત્ર પ્રકારનો પ્રકાશ પણુ થશે કે જે પ્રકાશ ત્હમારી ભ્રમણુાઓ, વ્હેમો, અજ્ઞાનતાને દૂર કરી ત્હમને આનંદના અજવાળામાં લાવી મુકશે; મતલબ કે વિચાર શક્તિ પણુ ખીલશે. આ શક્તિ કેટલાકોમાં એટલી હદ સુધી ખીલે છે કે, ભવિષ્યમાં શું થશે તે પણુ તેઓ જોઇ શકે છે. આ શક્તિના પ્રતાપે, તેઓ કાંઇ પણુ પ્રયાસ ન કરે તો પણુ સમર્થ પુરૂષોનું ત્હેમના તરફ આકર્ષણુ આપોઆપ થાય છે. લાગવગ, લક્ષ્મી, યશ વગેરે ખેંચાઇને ત્હેમની પાસે આવે છે.

માણુસનું સુખ–દુઃખ પોતાના હાથમાં જ છે. જે માણુસને સુખી, જગહિતકારી, મજબુત થવું હોય ત્હેણે દુઃખી વિચારો–નિરાશાના વિચારો—કોઇનું અહિત કરવાના વિચારોના પાસમાં પડવું જ નહિ અને એવા વિચારો પર અંકુશ રાખીને સારા વિચારો પોતાના મગજરૂપી મકાનમાં દાખલ કરવા. આવી રીતે સારા યા ખોટા વિચારોને પોતામાં દાખલ કરવામાં જોઇતું શાણુપણુ અને મક્કમપણું જેટલા પ્રમાણુમાં ત્હમે ધરાવશો તેટલા જ પ્રમાણુમાં સુખ કે દુઃખ કુદરતી રીતે જ આવ્યાં કરશે.



પ્રકરણ ૫ મું.

તંદુરસ્તી, વિજય અને શક્તિનું રહસ્ય.

આપણે જ્યહારે ન્હાના બાળક હતા ત્યહારે પરીઓ અને દેવીઓની ઘણી વાતો સાંભળી હતી અને તેથી આપણને ઘણો આનંદ થતો હતો. કોઈ ભલા માણસને એ પરીઓ અને દેવીઓ મદદ આપતી અને અણીના વખતે રાક્ષસો, દુષ્ટ રાજાઓ, શત્રુઓ વગેરેથી ત્હેમનું રક્ષણ કરતી. આવી વાતોને આજે આપણે 'ગપ્પ' માનીએ છીએ. પરંતુ એ ગપ્પ નથી. આપણે જો પવિત્રતાના રાજ્યમાં ફરીથી ન્હાના બાળક બનીશું તો તે 'ગપ્પ'ને તદ્દન ખરી જ માની શકીશું. એ પરીઓ અને દેવીઓ, પવિત્ર પુરૂષની આસપાસ **વિચારના** રૂપમાં હયાતી ધરાવે છે. 'વિચાર' એ જીવતું પ્રાણી છે અને સદ્‌વિચાર એ **સુખ આપનાર જીવતા પ્રાણી** તરીકે અહીંતહીં ફરે છે. 'પવિત્ર' એ શબ્દ અત્રે માત્ર 'નીતિમાન' એવા રૂપમાં વપરાયો નથી; પણ એ શબ્દમાં નિર્મળ વિચાર, ઉચ્ચ આશય, નિઃસ્વાર્થી પ્રેમ અને નિરભિમાન એટલા ગુણોનો સમાવેશ સમજવાનો છે. આવા ગુણોમાં નિરંતર રહેવાથી આપણી આસપાસ એવું અદૃશ્ય વાતાવરણ બંધાય છે, કે જે મધુરતા અને શક્તિથી ભરપુર હોઇ, ત્હેની નજીકમાં આવતા હરેક પ્રાણી પર તેવી અસર કરે છે.

જ્યહારે સૂર્ય સંપૂર્ણ રીતે પ્રકાશે છે, ત્યહારે છાયા કે અંધકાર અદૃશ્ય થઇ જાય છે; તેવીજ રીતે શ્રદ્ધા અને પવિત્રતાથી રંગાઇ ગયેલા મનની દૃઢતા રૂપી ચારે બાજુએ ફેલાતાં કિરણો આગળ પાપની દુર્બળ શક્તિઓ નાશ પામે છે,—હતી ન હતી થઇ જાય છે.

જ્યહાં ખરી શ્રદ્ધા અને નિષ્કલંક પવિત્રતા હૃદયમાં જામી રહેલાં હોય છે ત્યહાં તંદુરસ્તી છે, ત્યહાં વિજય છે, ત્યહાં સામર્થ્ય અથવા શક્તિ છે. **આવા હૃદયમાં રોગ, પરાભવ કે દુર્ભાગ્ય પ્રવેશ કરી શકે નહિ;** કારણ કે ત્યહાં ત્હેના ખોરાક કે પાલનને વાસ્તે કાંઇ પણ જગ્યા નથી.

શારીરિક સ્થિતિનો ઘણો આધાર માનસિક સ્થિતિપર રહેલો છે એ વાતને ધર્મ શાસ્ત્રો કબુલ રાખે છે, એટલુંજ નહિ પણ પાશ્ચાત્ય સાયન્સ પણ ત્હેને સંપૂર્ણ ટેકો આપે છે. જડવાદીઓ એમ માનતા આવ્યા છે કે મનુષ્યના મનનો આધાર ત્હેના શરીરપર રહેલો છે; પણ આ બાબતની અસત્યતા હવે લોકોને જણાતી થઇ છે અને હવે લોકો એમ માનવા લાગ્યા છે કે **મન** એ શરીર કરતાં વધારે ઉચ્ચ તત્વ છે અને **શરીરની સ્થિતિનો ઘણો આધાર મનુષ્યના વિચારો પર રહેલો છે.**

મનુષ્યને અજીર્ણ થયું છે **માટે** તે ચિંતાતુર થાય છે, એવી જે માન્યતા લોકોમાં ફેલાયેલી હતી તે હવે ઘટતી જાય છે. ત્હેને બદલે લોકો એમ માનતા થયા છે કે, મનુષ્યને **પ્રથમ** ચિંતા થાય છે અને તે ચિંતાના **ફળ રૂપે** અજીર્ણ થાય છે. સર્વ રોગોનો આધાર માનસિક સ્થિતિ પર છે, એ બાબતનું જ્ઞાન વખત જતાં સર્વસામાન્ય થશે, એમ આશા રાખીએ તો તે ઉચિત જ ગણાશે.

આ જગતમાં એવું એક પણ દુઃખ નથી કે જેનું મૂળ, **મનમાં** ન હોય. જગતમાં જે દુઃખ, પાપ, રોગ, દિલગીરી કે કષ્ટ આપણે

જોઇએ છીએ તે વિશ્વવ્યવસ્થાના પરિણામરૂપ નથી, તેમજ કોઇ વસ્તુમાં સમાયેલાં નથી, પણ **વસ્તુઓના પરસ્પરના સંબંધના અજ્ઞાનથી** તે ઉદ્ભવે છે.

પરંપરાથી એવી વાત ચાલી આવે છે કે, પૂર્વે હિંદુસ્થાનમાં તત્વજ્ઞાનીઓનો એક વર્ગ વસતો હતો, જેઓ એટલી પવિત્રતાથી અને સરળતાથી પોતાની જીંદગી પસાર કરતા હતા કે તેઓ દોઢસો વર્ષ સુધી જીવી શકતા હતા, અને તે દરમ્યાન માંદા પડવું તે એક નહિ માફ કરી શકાય એવા દોષ તરીકે ગણવામાં આવતું હતું અને લોકો માંદા પડનારના ઉપર તિરસ્કારની દૃષ્ટિથી જોતા હતા; કારણ કે તે મનુષ્યે બરાબર નિયમ પાળ્યા નથી, એ ત્હેની માંદગી ઉપરથી સિદ્ધ થતું મનાતું હતું. આપણે જેટલી જલદીથી આ સત્ય સ્વીકારીએ અને માનીએ કે, **માંદગી કે એ ગુસ્સે થયેલા ઇશ્વર તરફનો દંડ નથી અથવા તો કોઇ અવિચારી વિધાતાની કસોટી નથી, પણ આપણા દુષ્કૃત્ય કે પાપના પરિણામ રૂપ છે,**– તેટલી જલ્દીથી આપણે આરોગ્ય અથવા તંદુરસ્તીના માર્ગની સમીપ આવેલા છીએ એમ જરૂર માનજો.

જે, રોગનું આકર્ષણ કરે છે, ત્હેને જ રોગ પ્રાપ્ત થાય છે. જેનું મન તથા શરીર રોગ ગ્રહણ કરવાને લાયક બને છે ત્હેનાજ શરીરમાં રોગ દાખલ થઇ શકે છે; પણ **જેઓનું મજબુત, શુદ્ધ અને પવિત્ર મનોબળ ચારે બાજુએ તંદુરસ્તીના અને બળના વિચારો ફેલાવે છે તેઓના શરીરથી રોગ દૂર નાસે છે.**

જો ત્હમારા મનમાં ક્રોધ, ચિંતા, ઇર્ષ્યા, લોભ અથવા એવી કોઇ હલકા પ્રકારની વિચારશ્રેણી રમતી હોય અને ત્હમે જો પૂર્ણ

તંદુરસ્તીની આશા રાખતા હો, તો જરૂર ત્હમે **અશક્ય** બાબતની આશા સખો છો; કારણ કે ત્હમે દરેક ક્ષણે ત્હમારા વિચારોથી શરીરમાં રોગનાં બીજ વાવો છો. જેઓ ખરેખરા ડાહ્યા છે તેઓ તો આવી મનની સ્થિતિનો સર્વથા ત્યાગ કરે છે; કારણ કે ખરાબ ગટરવાળા કે ચેપી રોગવાળા ઘરમાં વસવા કરતાં પણ આવી મનની સ્થિતિ વધારે હાનિકારક છે.

જો સંપૂર્ણ શારીરિક રોગથી બચવાનું ત્હમે ઇચ્છતા હો અને પુરેપુરી તંદુરસ્તી મેળવવા માગતા હો તો ત્હમારા મનને બરાબર નિયમમાં લાવો અને ત્હમારા વિચારોને પરસ્પર સંગત બનાવો, પ્રસન્નતા અથવા પ્રેમના વિચારોને મનમાં દાખલ કરો અને ત્હમારી રગેરગમાં શુભેચ્છાનો પ્રવાહ વહેવા દો; એટલે પછી ત્હમને બિલકુલ દવાની જરૂર પડશે નહિ. **ત્હમારી ઇર્ષ્યા દૂર કરો, વ્હેમનો ત્યાગ કરો, ચિંતાને દેશવટો દો, ધિક્કારને તિલાંજલી આપો, સ્વાર્થપરાયણતાને મનમાંથી ધક્કેલી કાઢો અને ત્હેની સાથે જ ત્હમારા શરીરમાં રહેલી અજીર્ણતા, પિત્તપ્રકૃતિ, દુર્બળતા, અંગભંગાદિ સકળ દુઃખ જડમૂળથી ચાલ્યાં જશે.** જો ત્હમે નિર્બળ અને અધમ બનાવનાર અશુભ માનસિક આદતોને વળગી રહો તો પછી ત્હમને માંદગી ભેટે તેવે વખતે "હું માંદો છું" એમ બીજા આગળ ત્હમારૂં દુઃખ રડતા નહિ. મનની ટેવ અને શારીરિક સ્થિતિને કેટલો બધો નિકટનો સંબંધ છે તે બરાબર સમજવું હોય તો નીચે જણાવેલી વાર્તા ધ્યાન દેઇને વાંચો.

એક બીમાર એક ભયંકર દરદથી પીડાતો હતો. વૈદ્યો, હકીમો અને ડૉકટરો ત્હેનું દરદ મટાડી શક્યા નહિ. કામણુ-દુમણુ અને

મંત્રજંત્રના પ્રોફેસરો ત્હેનું દુઃખ ઓછું કરી શક્યા નહિ. છેવટે પવિત્ર કહેવાતા ઝરાઓ, નદીઓ અને કુંડોમાં સ્નાન કરવાથી પોતાનું તે ત્રાસદાયક દુઃખ નાબુદ થશે એમ સમજી તે પણ કરી ચૂકયો પણ કશા-કશાથી તે દુઃખમુક્ત થયો નહિ. એક રાત્રીએ સ્વપ્નમાં ત્હેને કોઇ સાધુ પુરૂષ દેખાયો ત્હેણે કહ્યું: "બંધુ! શું તું બધા ઇલાજ કરી ચૂક્યો?" બીમારે કહ્યું: "અફશોસ! હું બધા નિષ્ફળ ઇલાજ કરી ચૂક્યો છું," તે સાધુ પુરૂષ બોલ્યો: "ડર નહિ; ચાલ મ્હારી સાથે. હું ત્હને એક કુંડ બતાવીશ, જેમાં સ્નાન કરવાની સાથેજ ત્હને આરામ થશે." તે બીમાર તે સાધુ પુરૂષની પાછળ પાછળ ચાલ્યો અને એક સ્વચ્છ જલના કુંડ આગળ તેઓ બંને થોભ્યા. "બચ્ચા, ઝીપલાવ આમાં અને થઇ જા તન્દુરસ્ત!" એમ કહીને તે સાધુ પુરૂષ અદ્દશ્ય થઇ ગયો. તે બીમારે તેમ કર્યું અને સ્નાન કરીને બહાર નીકળતાં જ તે તદ્દન નીરોગી બની ગયો! એ વખતે ત્હેની આંખ તે કુંડ ઉપરના એક પાટીયા ઉપર પડી, કે જે પાટીયામાં

ત્યાગ કર.

એવા સોનેરી શબ્દો કાતરેલા હતા.

બીમાર જાગી ઉઠયો તે વખતે ત્હેના મગજમાં આખું સ્વપ્ન રમી રહ્યું. તે સ્વપ્નના ઉંડા અર્થ ઉપર મનન કરતાં કરતાં ત્હેને જણાઇ આવ્યું કે, આહાર-વિહારમાં અને દરેક બાબતમાં હું ઉદ

ઓળંગુ છું તેથી જ મ્હારે દરદના ભોગ થવું પડ્યું છે. મ્હારે માટે "ત્યાગ કર" એ સોનેરી શબ્દો તદ્દન બંધબેસતા છે. અને ત્હેણે એજ પળથી સ્વપ્નની તે સોનેરી સલાહ અમલમાં મુકવાનો નિશ્ચય કર્યો. તેજ પળથી ખાધાપીધામાં તે મિતાહારી થયો. શરીરની અને આત્માની શક્તિઓનો વ્યય કરવામાં પણ મિતવ્યયી થયો અને લોભ, ક્રોધ, કામ અને માનના ઉછાળામાં જે આજ સુધી રમતો તે હવે તે તે વિકારોનો બહિષ્કાર કરવા લાગ્યો. પરિણામે ત્હેના મગજમાં તે શાન્તિ અનુભવવા લાગ્યો અને અંતરની એ શાન્ત સ્થિતિનો પડછાયો બહાર પડવાથી શરીર પણ શાન્ત-નિરોગી બન્યું.

ઘણા માણસો વિષયતૃપ્તિમાં શ્વાન તુલ્ય બની, ખાવાપીવામાં ગ્રદ્ધ બની, ક્રોધાદિ આવેશોને સહજ સહજમાં તાબે થઈ, અસાધ્ય દરદો ઉત્પન્ન કરે છે અને પછી બૂમ પાડે છે કે "અરેરે કામના બોજાથી અમે તો મરી ગયા!" અગર "કર્મ દેવના જુલમથી રીબાઇ મુઆ!" આવા આત્મઘાતીઓ માટે પેલા બીમારના સ્વપ્નમાંના "ત્યાગ કર" એ શબ્દ અમૂલ્ય સલાહરૂપ થઇ પડશે. માણસ પોતે જ પોતામાં દરદ ઉત્પન્ન કરે છે અને પોતાનું દરદ જેવો પોતે મટાડી શકે તેવો બીજો કોઇ મટાડી શકે નહિ.

જો આપણે બરાબર તપાસીશું તો આપણા જાણવામાં આવશે કે, આ શરીરની નિર્બળતા એ, શક્તિનો મૂર્ખાઇથી ઉપયોગ કરવાનું પરિણામ છે. જો તમે ખરી રીતે તંદુરસ્તી મેળવવા માગતા હો તો નિશ્ચિંતપણે કાર્ય કરતાં શીખો. ચિંતાતુર થવું અથવા ઉદ્વેગ ધરવો અથવા તો બીનજરૂરી પર-

ચુરણ બાબતો સંબંધમાં ઉચાટ કર્યા કરવો એજ શારીરિક નિર્બળતાનું મુખ્ય કારણ છે. શારીરિક ને માનસિક દરેક કામ તંદુરસ્તી આપનારૂં અને ઉપયોગી છે. જે મનુષ્ય ચિંતાને–ઉદ્વેગને મનમાંથી દૂર કરી ખંતથી અને ધૈર્યથી કામ કરે છે અને કામ કરતી વખતે તે કામ શિવાયના બીજા બધા વિચારોને મનથી દૂર રાખે છે તે મનુષ્ય ઉદ્વેગ અને ચિંતાથી કાર્ય કરનારા મનુષ્યો કરતાં વધારે સારૂં કામ કરે છે, એટલુંજ નહિ પણ સારી તંદુરસ્તી પણ જાળવી શકે છે. ઉતાવળીયા અને ચિંતાતુર મનુષ્યને આ લાભ કદાપિ મળતો નથી.

જ્હાં આરોગ્ય છે, ત્હાં વિજય છે. વિચારના વાતાવરણમાં નહિ છુટાય તેવી રીતે તે બન્ને સંકળાયેલાં છે. જેવી રીતે મનની ઉત્તમતાથી શારીરિક તંદુરસ્તી ઉદ્‌ભવે છે, તેવીજ રીતે પોતાનાં ધારેલાં કાર્યો સિદ્ધ કરવામાં પણ ઉત્તમ અને સુવ્યવસ્થિત મનઃશક્તિ બહુજ કામ લાગે છે. **ત્હમારા વિચારોને પ્રથમ વ્યવસ્થાપૂર્વક ગોઠવતાં શીખો,** એટલે જરૂર ત્હમારો જીવનવ્યવહાર પણ સુવ્યવસ્થિત થશે. જો ત્હમે ત્હમારા મનોવિકારો અને પક્ષપાતી વિચારો રૂપી જલના તરંગો ઉપર શાન્તિનું તેલ રેડતા રહો તો દુઃખ અને દૌર્ભાગ્યનું તોફાન ગમે તેવું ભારી હશે તો પણ તે તોફાન ત્હમારી જીવનનૌકાને ચકડોળે ચ્હડાવવા કે નાશ કરવા સમર્થ થશે નહિ. અને જો ત્હમારામાં આનંદ અને અડગ શ્રદ્ધા હશે અને આ સંસાર રૂપી સમુદ્રમાં જો ત્હમે ત્હમારી જીવનનૌકા તે આનંદ અને શ્રદ્ધા સાથે ચલાવતા રહેશો તો ત્હમારો માર્ગ તદ્દન નિર્ભય રહેશે અને ઘણાંક દુઃખો તો ત્હમે સહેલાઇથી દૂર કરશો. શ્રદ્ધાબળથી મ્હોટી મહેનતનું દરેક કામ સિદ્ધ થાય છે. જો ત્હમારા આત્મામાં ત્હમને

શ્રદ્ધા હોય, જો કુદરતના મહાન્ અને અચળ નિયમમાં ત્હમને વિશ્વાસ હોય જો ત્હમારા કાર્ય અને તે કરવાની ત્હમારી શક્તિમાં ત્હમને દૃઢ પ્રતીતિ હોય તો, એ એક એવી મજબુત ટેકરી છે કે જેના ઉપર ઉભા રહેવાથી ત્હમે ત્હમારા કાર્યમાં ફતેહમંદ થશો અને આ જીવનના દારૂણ યુદ્ધમાં બહુ સારી રીતે ટકી શકશો.

આ શ્રદ્ધા, વિશ્વાસ કે પ્રતીતિની ટુંકમાં એટલીજ વ્યાખ્યા છે કેઃ—

દરેક સ્થિતિમાં મનની ઉત્તમ ભાવનાઓ પ્રમાણે વર્તન રાખવું; આત્મા ઉપર સંપૂર્ણ ભરોસો રાખવો; આભ્યંતર અથવા અંતઃકરણ ઉપર પરિપૂર્ણ વિશ્વાસ રાખવો; નિશ્ચિંત અને નિર્ભય મનથી પોતાતાનું કાર્ય કર્યા કરવું; ત્હમારા દરેક વિચાર અને કાર્યનું ભવિષ્યમાં ત્હમને બરાબર ફળ મળશે જ એવી અચળ માન્યતા રાખવી; કુદરતના કાયદા અચળ અને સનાતન છે, તેમાં કદાપિ ફેરફાર થઇ શકે નહિ અને જે વસ્તુ ત્હમારી છે—ત્હેની દરેક પાઇ પણ ત્હમને મળશે એવું જ્ઞાન મેળવવું; આ સર્વ બાબતનો એક ‘ શ્રદ્ધા ’ શબ્દમાં સમાવેશ થાય છે.

આવી શ્રદ્ધાના બળથી દરેક પ્રકારના સંશય ટળી જાય છે, દુઃખરૂપી પર્વતો ઓળંગી જવાય છે અને શ્રદ્ધાળુ આત્મા નિર્ભય રીતે પોતાની ઉન્નતિ સાધ્યાં કરે છે.

પ્રિય વાચક! દરેક વસ્તુ કરતાં અમૂલ્ય શ્રદ્ધા મેળવવા માટે તું વધારે પ્રયત્ન કરજે; કારણ કે આ શ્રદ્ધા સુખ, વિજય, શાન્તિ. સત્તા અને જેથી જીવન ઉચ્ચ થાય અને દુઃખ દૂર થઇ શકે તેવી દરેક ચીજ મેળવવાનું ઉત્તમ તાવીજ—માદળીયું છે. જો ત્હમે આવી

શ્રદ્ધા ઉપર ત્હમારા વિજયનું મકાન બાંધશો તો ખરેખર ત્હમે નિત્ય પદાર્થો વડે નિત્યતાના ખડક ઉપર પાયો નાખશો અને ત્હમે જે મકાન ચણશો તે કદાપિ નાશ પામશે નહિ; કારણ કે સઘળો વૈભવ અને ધન જે અંતે તો નાશવંત છે, તે સર્વ કરતાં વધારે સ્થાયી અને અચળ વસ્તુ ત્હમે પ્રાપ્ત કરી શકશો. ત્હમે દુઃખની ખીણમાં પડેલા હો કે આનંદના પર્વત ઉપર મ્હાલતા હો તો પણ આ શ્રદ્ધા ઉપરનો ત્હમારો કાબુ ખોતા નહિ. ત્હમારૂં આશ્રયસ્થાન હોય તેવી રીતે આ શ્રદ્ધારૂપી ખડક ઉપર આરામ લેજો. અને તે અચળ અને નિત્ય પાયા ઉપર ત્હમારા પગ સ્થિર રાખજો. જો ત્હમારામાં આ શ્રદ્ધા અવિચળ હશે તો એથી એવું આધ્યાત્મિક બળ આવશે કે જેના વડે ત્હમે ત્હમારા તરફ ધસડાઇ આવતાં દુઃખનાં વાદળને રમકડાની માફક ચુરેચુરા કરી શકશો; ને દુનિયાના મોજશોખના વિષયો મેળવવા પાછળ લાગેલા મનુષ્યો જાણી શકે અથવા કલ્પી શકે ત્હેના કરતાં વધારે ઉચ્ચ વિજય ત્હમે પ્રાપ્ત કરી શકશો.

એક મહાન્ પુરૂષે કહ્યું છે કેઃ—

"If ye have faith and doubt not, ye shall not do only this......but if ye shall say unto this Mountain, be thou removed and be thou cast into the Sea, it shall be done."

"જો ત્હમારામાં શ્રદ્ધા હશે અને શંકા નહિ હોય તો ઉપર જણાવેલું બધું ત્હમે કરી શકશો એટલુંજ નહિ પણ જો ત્હમે પર્વતને કહેશો કે આંહીથી ચાલ્યો જા અને દરિયામાં પડ, તો તેમ પણ થશે."

આ જગતમાં દેહધારી જીવતા મનુષ્યો અને સ્ત્રીઓ એવા પ્રકારના વસે છે કે જેઓએ આ પ્રકારની શ્રદ્ધાનો સાક્ષાત્કર કર્યો છે અને દિનપ્રતિદિન પોતાનો જીવનવ્યવહાર તેવીજ શ્રદ્ધાથી ચલાવે છે. તેઓએ તે શ્રદ્ધાની બરાબર કસોટી કરીને કીર્તિ અને શાન્તિ પ્રાપ્ત કરી છે. તેઓએ જ્યહારે જ્યહારે આજ્ઞા કરી છે ત્યહારે ત્યહારે દુઃખ, દિલગીરી, માનસિક ચિંતા અને શારીરિક વ્યાધિના પર્વતો ત્હેમની નજર આગળથી ઉડીને વિસ્મૃતિના સમુદ્રમાં ડુબી ગયા છે.

જો ત્હમારામાં આ શ્રદ્ધા પરિપૂર્ણ હશે તો પછી ત્હમારે ભવિષ્યમાં ત્હમારા કાર્યને મળનાર વિજય કે પરાભવ સંબંધી દરકાર કરવી પડશે નહિ, છતાં ત્હમે અવશ્ય વિજય પ્રાપ્ત કરી શકશો. ત્હમારે ત્હમારા કાર્યના પરિણામ સંબંધી જરા પણ ઉચાટ કરવા નહિ; પણ આનંદથી અને શાન્તિથી ત્હમારૂં કામ કર્યા કરવું; કારણ કે **સદ્‌વિચારો અને સત્પ્રયત્નોના પરિણામ રૂપે ત્હમને અવશ્ય શુભ ફળ મળશે;** એવું જ્ઞાન ત્હમને તે શ્રદ્ધાથી થશે.

આ લખનાર એક એવી સ્ત્રીને સારી રીતે ઓળખે છે, કે જે સ્ત્રી પોતાના દરેક કાર્યમાં ફતેહમંદ નીવડેલી છે. એક વખતે ત્હેના એક મિત્રે ત્હેને કહ્યુંઃ “ત્હમે કેવાં ભાગ્યશાળી છો। જેવી કોઇ વસ્તુની ઇચ્છા ત્હમે કરો છો તેવીજ તે ત્હમને મળી આવે છે” બહારથી જોનારને તો એમજ લાગે તેવા સંજોગો દેખાતા હતા પણ ખરી રીતે તો જે શુભ વસ્તુઓ ત્હેને મળતી હતી ત્હેનું ખરૂં કારણ તે સ્ત્રીની આનંદમય પ્રકૃતિ અને શુભ ભાવના હતા, જેમને તે દરેક ક્ષણે કેળવતી હતી અને પૂર્ણતાએ પહોંચાડતી હતી. કેવળ ઇચ્છા કરવાથી તો નિરાશા સિવાય બીજું કાંઈ લાગતું નથી.

ઉત્તમ જીવન પસાર કરવું એજ ઇચ્છીત વસ્તુ મેળવવા-

નું ઉત્તમ સાધન છે. મૂર્ખ માણસો ઇચ્છા કરે છે અને વસ્તુ મળતી નથી ત્યારે બડબડે છે; પણ સુજ્ઞ પુરૂષો પ્રથમ કામ કરે છે અને ત્હેના ફળ સુધી રાહ જુએ છે. આ સ્ત્રીએ પણ કામ કર્યું હતું; અંદરથી તેમજ બ્હારથી કામ કર્યું હતું. પણ મુખ્યત્વે કરીને અંદરથી આત્મા અને મનને સુધારવાનો પ્રયાસ કર્યો હતો. આત્માના અદૃશ્ય હાથ વતી શ્રદ્ધા, આશા, આનંદ, ભક્તિ અને પ્રેમરૂપી અમૂલ્ય હીરામાણેકવડે એક સુંદર મંદિર તેણે બનાવ્યું હતું'' જે મંદિરનો પ્રકાશ ચારે બાજુએ આનંદનાં કિરણો ફેલાવતો હતો. ત્હેની આંખમાં આનંદ ઝળકી રહ્યો હતો; ત્હેના ચહેરામાં તે પ્રકાશી રહ્યો હતો; ત્હેના અવાજમાં તે વ્યાપી રહ્યો હતો; અને જે જે મનુષ્યો તે સ્ત્રીના સંબંધમાં આવતાં હતાં તે સર્વને તે સર્વવ્યાપી આનંદની છાયાનો અનુભવ થતો હતો.

અને જેવું તે સ્ત્રીના સંબંધમાં બન્યું છે તેવું જ ત્હમારા સંબંધમાં પણ બની શકે. ત્હમારો વિજય કે ત્હમારો પ્રભાવ—રે ત્હમારૂં આખું જીવન ત્હમારા પોતાના પરજ આધાર રાખે છે. ત્હમારૂં ભવિષ્ય કેવું થશે, ત્હેનો આધાર ત્હમારા વિચારો કેવા પ્રકારના છે ત્હેનાપર રહેલો છે. જો ત્હમે પ્રેમભર્યા, નિષ્કલંક અને સુખમયી વિચારો ત્હમારી ચારે બાજુએ ફેલાવશો તો ત્હમારા હાથમાં સઘળી સારી વસ્તુઓ આવશે અને જ્હાં ત્હાં ત્હમે શાંતિ અનુભવશો. ત્હેને બદલે જો ત્હમે દ્વેષયુક્ત, અપવિત્ર અને દુઃખમય વિચારોનો પ્રવાહ ત્હમારા હૃદયમાંથી વહેવરાવશો તો ચારે બાજુએ લોકોના શ્રાપ ત્હમે સાંભળશો અને બેચેની ત્હમારા મગજ ઉપર પોતાનું રાજ્ય ચલાવશે. ત્હમારૂં નશીબ ગમે તેવું હો, પણ ત્હેના બનાવનાર ત્હમે

પોતેજ છો: ત્હમારૂં ભવિષ્ય સુધરશે કે બગડશે ત્હેનો મુખ્ય આધાર ત્હમારા હૃદયમાંથી દરેક પળે નીકળતા સારા યા નરસા વિચારો જ છે. **જો ત્હમે ત્હમારા હૃદયને વિશાળ, નિઃસ્વાર્થી અને પ્રેમાળ બનાવતા રહો તો કદાચ ત્હમને ધન થોડું મળે તો પણ ત્હમારો પ્રભાવ અને વિજય ખરેખર મહાન અને ચિરસ્થાયી થશે;** ત્હેને બદલે જો ત્હમે સ્વાર્થના વિચારોમાંજ ગરકાવ થઇ જાઓ તો કદાચ ત્હમે ક્રોડાધિપતિ બનો તોપણ છેવટે તો ત્હમારો પ્રભાવ અને વિજય બહુજ નજીવો થશે.

જો આ બાબતની સત્યતા ત્હમારા સમજવામાં બરાબર આવતી હોય તો નિઃસ્વાર્થતાને ત્હમારા હૃદયમાં ખીલવો. ત્હેની સાથે શ્રદ્ધા, પવિત્રતા અને એકાગ્રતાને હૃદયમાં યોગ્ય સ્થાન આપો. આ રીતે ત્હમે સંપૂર્ણ તંદુરસ્તીનાં બીજ રોપશો, એટલુંજ નહિ પણ ચિરસ્થાયી વિજય અને અનંત સામર્થ્યનાં બીજ પણ તે સાથેજ રોપાશે.

ત્હમારી હાલની સ્થિતિ ત્હમને રૂચતી ન હોય અને ત્હમારે કરવાના કામમાં ત્હમારૂં મન ચોંટતું ન હોય તો પણ બરાબર કાળજીપૂર્વક ત્હમારી દરેક ફરજ બજાવો અને તે સાથે મનમાં શ્રદ્ધા રાખો કે સારી સ્થિતિ અને સારા સંજોગો ત્હમને **થોડા સમયમાં જરૂર મળશે.**

નવા સ્ફુરી આવતા સંજોગોની રાહ હમેશ જોતા રહો, કે જેથી કરીને જ્યહારે યોગ્ય અવસર આવી પહોંચે અને નવો માર્ગ જણાઇ આવે ત્યહારે ત્હમે તે જલ્દીથી ગ્રહણ કરી શકો અને સાવધાનતાથી અને દીર્ઘદર્શિપણાથી ત્હમે તે કામમાં ત્હમારૂં મન રોકી પૂર્ણ વિજય મેળવી શકો.

ત્હમારે ગમે તે કામ કરવાનું હોય, તો પણ તેમાં ત્હમારા મનને એકાગ્ર કરો. ત્હમારામાં જેટલું મનોબળ હોય તે તેમાં વાપરો.

જો ન્હાનાં કામો ત્હમે નિર્દોષ રીતે કરી શકશો તો **મ્હોટાં** કામો કરવાને ત્હમે ત્હમારી મેળે યોગ્ય થતા જશો. ધીમે ધીમે અને દઢતાથી મ્હડવાનો અભ્યાસ પાડશો તો જરૂર ત્હમે પડશો નહિ.

અને ખરા સામર્થ્યનું રહસ્ય અહીંજ રહેલું છે. નિરંતર અભ્યાસ પાડીને **ત્હમારા મનોબળને એકત્ર કરતાં અને યોગ્ય સમયે એકજ બાબત ઉપર ત્હેને વાપરતાં શિખો. મૂર્ખ મનુષ્યો પોતાની સંપૂર્ણ માનસિક વા આધ્યાત્મિક શક્તિઓ ઉદ્ધતાઈમાં, નકામાં ગપ્પાં મારવામાં કે સ્વાર્થી દલીલો કરવામાં વાપરે છે,** એટલુંજ નહિ પણ હદ બ્હાર વિષય સુખમાં રચ્યાપચ્યા રહી પોતાની શારીરિક શક્તિઓનો પણ નાશ કરે છે.

જો મહાન્ શક્તિ મેળવવાની ત્હમારી ઇચ્છા જ થાય તો જાણજો કે,

મૌન, ગંભીરતા અને ધૈર્ય

ધારણ કરવાની સૌ કરતાં વિશેષ જરૂર છે.

એકલા અને અડગ ઉભા રહેવાનું ત્હમારે શિખવું જોઇએ. સઘળું બળ સ્થિરતાપર—અડગપણાપર આધાર રાખે છે. પર્વત તરફ, મ્હોટા ખડક તરફ કે ઓક નામના વૃક્ષ તરફ નજર કરો; અને તેઓની **એકાંત ભવ્યતા** તેમજ **અચળ દઢતાથી** શક્તિ કેવી રીતે પ્રકટ થાય છે, તે ત્હમારા સમજવામાં બરાબર આવશે. સરી જતી રેતી, વળી જતી ડાળી અને પવનથી હાલતા બરૂ તરફ નજર કરો; અને ત્હમને ત્હેમની નિર્બળતાનું કારણ સમજાઇ આવશે.

આ બધી ચીજો ચંચળ અને **સહન કરવાની શક્તિ વગરની** છે; અને જ્યહારે તેમના જેવીજ બીજી વસ્તુઓથી તેઓ જુદી પડે છે ત્યહારે તેઓ નિરૂપયોગી થઈ જાય છે. **જે સમયે પોતાના**

સઘળા જાતીભાઇઓને વિકારો તથા લાગણીઓની અસર થાય છે, તે વખતે પણ જે શાંત અને અડગ રહી શકે છે, તે જ ખરો સામર્થ્યવાળો પુરૂષ છે.

જે મનુષ્ય **પોતાના** પંડને વશ કરતાં અને કાબુમાં રાખતાં શિખ્યો છે, તેજ પુરૂષ **બીજાને** વશ રાખી શકે અથવા આજ્ઞા કરી શકે. જે લોકો અસ્થિર મનના છે, બીકણુ છે, અવિચારી છે અને ચંચળ છે તેવા પુરૂષોએ તો બીજાની સોબતમાં રહેવું, અથવા બીજાનો આશ્રય શોધવો; નહિતર તેઓ આધાર વગર અધમ દશામાં આવી પડશે.

પણ જેઓ શાંત છે, ભયરહિત છે અને વિચારશીલ છે તેઓને માટે જંગલ, ઉદ્યાન કે પર્વતના શિખરનું એકાંત સ્થાન ઉત્તમ છે. તે સ્થળો, તેઓની જે હાલની શક્તિ છે તેમાં વિશેષ ઉમેરો કરશે. અને જે વિકારો રૂપી ચક્રી કે ભ્રમરીથી મનુષ્ય જાતિનો મ્હોટો ભાગ સંસારના દુઃખમય સમુદ્રમાં ઘુંચાઇ જાય છે, તે વિકારોપર જય મેળવી આ મનુષ્ય ફતેહમંદીથી પોતાના કાર્યમાં આગળ વધ્યાં કરશે.

હલકી વાસનાઓ એ **શક્તિ** નથી; તે તો **શક્તિનો દુરૂપયોગ** છે, અથવા તો શક્તિ વિખેરી નાખનાર સાધન છે. વાસનાઓ તે ભયંકર તોફાન રૂપ છે, જે જુસ્સાથી અને જોરથી ખડક સાથે અફળાય છે. પણ જે શક્તિ છે તે તો ખડક જેવી અચળ છે; અને સઘળાં તોફાનોમાં તે ખડક એકસરખી અડગતા રાખી શકે છે.

લ્યુથર નામનો મહાન ધર્મસુધારક જો **વર્મ્સ** નામના ગામમાં જાય તો ત્યહાંથી તે સહીસલામત પાછો આવી શકે કે કેમ એ બાબતની શંકાવાળા ત્હેના મિત્રોએ જ્યહારે ત્હેને (લ્યુથરને) સમજાવવા માંડયો, ત્યહારે ખરી આત્મશક્તિ પ્રકટ કરતો તે ધર્મસુધારક બોલી

ઉઠયો હતો કેઃ–"આપણા છાપરાપર જેટલાં નળીયાં છે, તેટલાજ રાક્ષસો જો તે ગામમાં વસતા હોય, **તોપણ હું ત્‍હાં જવાનો.**"

અને જે વખતે **બેન્જામીન ડીઝૂરેલાઈ** પ્રથમ પાર્લામેન્ટમાં ભાષણ કરવા ઉઠયો ત્‍હારે ત્‍હેનાથી બરાબર બોલી શકાયું નહિ તેથી આખી સભા ખડખડ હસી પડી; તે વખતે પોતાનું ધૈર્ય સાચવી તે બોલી ઉઠયો હતો કે "એક **એવો** પણ દિવસ આવશે કે જ્‍હારે મ્‍હારૂં ભાષણ સાંભળવું તે એક **મ્‍હોટા માનરૂપ** ત્‍હમે સમજશો." આ ત્‍હેના તે સમયે બોલાયેલા શબ્દો ત્‍હેની આત્મિક શક્તિમાં ત્‍હેનો કેટલો સંપૂર્ણ વિશ્વાસ હતો તે સૂચવે છે.

એક યુવાન ગૃહસ્થ ઘણીવાર પોતાના કામમાં નિષ્ફળ નીવડતો હતો અને જ્‍હાં ત્‍હાં તે હાર ખાતો હતો. હવે વધારે પ્રયત્ન કરવો મૂકી દે, એમ જ્‍હારે ત્‍હેના અનેક મિત્રો તરફથી ત્‍હેને સૂચવવામાં આવ્યું ત્‍હારે ત્‍હેણે જવાબ આપ્યોઃ–"મ્‍હારૂં ભાગ્ય અને સંપત્તિ જોઈ ત્‍હમે આશ્ચર્ય પામશો, **એવો સમય ઘણો દૂર નથી.**" આ શબ્દો બોલી તેણે સિદ્ધ કર્યું હતું કે ત્‍હેના હૃદયમાં એવી અપૂર્વ અને અજીત શક્તિ છે કે જેના બળ વડે તે અનેક સંકટોને તરી ગયો છે અને વિજય મેળવવાને લાયક થયો છે.

જો ત્‍હમારામાં આવું બળ–આવી શક્તિ ન હોય તો **ફીકર** નહિ; **અભ્યાસ પાડો;** તો **ત્‍હમે** પણ તે શક્તિ મેળવી શકશો. અને **જ્ઞાન મેળવવાનો આરંભ કરવો એ શક્તિ મેળવવાની શરૂઆત કરવા બરાબર છે.** પ્રથમ તો **જે હલકી અને નજીવી બાબતોના ત્‍હમે ગુલામ બનેલા છો, ત્‍હેનાપર સ્વામીપણું પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો.** નિષ્કારણ ખડખડાટ હસવું, કોઈની નિન્દા કરવી કે ગપ્પાં મારવાં, અને બીજાને હસાવવાને ખા-

તરજ લોકોની ઠઠ્ઠા મશ્કરી કરવી: આ બધી બાબતોનો પ્રથમ ત્યાગ કરો; કારણ કે ત્હમારો કીંમતી ઘણો વખત આવા નજીવા પ્રસંગોમાં ચાલ્યો જાય છે. આ કારણથીજ ઘણું ડહાપણ વાપરીને અને મનુષ્ય સ્વભાવનો પૂર્ણ અનુભવ મેળવીને **સેંટ પોલે** ઇફીશાયન લોકોને નકામાં ગપ્પાં મારવાની અને હાંશી કરવાની વિરૂદ્ધમાં સજ્જડ ઉપદેશ આપ્યો હતો.

કારણ કે આવી બાબતોમાં સમય ગુમાવવો તે આત્મિક શક્તિ અને જીવનનો નાશ કરવા સમાન છે. આવી આવી નજીવી બાબતો પર પ્રથમ ત્હમે જય મેળવશો અર્થાત્ તેવી બાબતોને ત્હમારા મન ઊપર જરા પણ અસર નહિ પાડવા દો, ત્હારે ખરી શક્તિ શું છે એનો ઝાંખો આભાસ ત્હમને પ્રથમજ થશે. અને ત્યાર પછી ત્હમે વધારે બલિષ્ટ વાસનાઓ અને વિકારો, જેઓ ત્હમારા આત્માને બંધનમાં રાખે છે અને ત્હમારી ઉન્નતિને વિઘ્નરૂપ થાય છે, ત્હેની સાથે યુદ્ધ કરવાને સમર્થ થશો; અને ત્હમારે આગળ ક્યહાં પગલાં ભરવાં એ (કહ્યા વિના પણ) સ્વયમેવ ત્હમારા સમજવામાં આવશે.

બધી બાબતો કરતાં અગત્યનો મુદ્દો એ છે કે, **એક જ ધારણા રાખો.** એકજ યોગ્ય અને ઉચ્ચ ધારણા મન આગળ રાખો; અને ત્હમારૂં સઘળું મનોબળ તે પાછળ રોકો. ગમે તેવા સંજોગોમાં આવી પડો, છતાં ત્હમારી નેમ મુકી દેતા નહિ. સંસ્કૃતમાં કહેવત છે કે: '**संशयात्मा विनश्यति**' જેના મનમાં આ કામ કરવું કે પેલું કરવું એમ સંશય રહ્યા કરે છે અને જેનું મન દૃઢ નથી તે મનુષ્ય નાશ પામે છે અર્થાત્ પોતાના કામમાં વિજયવંત નીવડતો નથી.

શીખવાને તત્પર રહો, પણ **ભીખવાને** ઉતાવળા થતા નહિ. ત્હમારૂં કામ બરાબર રીતે સમજો અને પછી તે ત્હમારા સઘળા

સામર્થ્યથી કરો. જેમ જેમ ત્હમે ત્હમારા અંતરાત્માના અવાજ પ્રમાણે ત્હમારા અંતઃકરણના હુકમ પ્રમાણે ચાલતા રહેશો તેમ તેમ ત્હમને વિજય પછી વિજય પ્રાપ્ત થયાજ કરશે અને ત્હમે ઉચ્ચ ને વધારે ઉચ્ચ સ્થાનો ધીમે ધીમે પ્રાપ્ત કરી શકશો અને ત્હમારી વિશાળ દૃષ્ટિથી ત્હમને આ જીવનનું સૌંદર્ય તથા હેતુ સ્વયમેવ ખુલ્લાં થઇ જશે. ત્હમારી જાતને પવિત્ર અને શુદ્ધ રાખવાથી ત્હમે જરૂર તંદુરસ્ત બનશો.

જો ત્હમારામાં પોતાનામાં શ્રદ્ધા હશે, તો જરૂર ત્હમારા કામમાં ત્હમને વિજય મળશે. જો ત્હમે ત્હમારી જાતને કાબુમાં રાખી શકશો તો સઘળી સત્તા પોતાની મેળે આવી મળશે. ત્હમને ત્હમારા દરેક કાર્યમાં સિદ્ધિ મળશે. કારણ કે હવે ત્હમે એક **જુદી વ્યક્તિ** તરીકે કામ કરતા નથી, તેમજ ત્હમે **તમારી જાતના દાસ** નથી; પણ **જગતના ભલાને વાસ્તે કાર્ય કરનારી શક્તિઓ સાથે એક થઇ ત્હમે કાર્ય કરો છો;** અને તેથી ત્હમારૂં જીવન સાર્વજનિક લાભાર્થે વપરાય છે. ત્હમને આ માર્ગે ચાલતાં જે તંદુરસ્તી મળશે તે સર્વદા ત્હમારી પાસેજ રહેશે. ત્હમને જે વિજય પ્રાપ્ત થશે તે, મનુષ્યોની ગણતરીની પેલીપારનો થશે અને કદાપિ અદૃશ્ય થશે નહિ. અને ત્હમારી શક્તિ અને પ્રભાવ, જમાના પસાર થશે તેમ તેમ વધતા જશે. કારણ કે **આ જગતને ધારણ કરનારાં જે નીત્ય તત્ત્વો છે, ત્હેના ત્હમે એક ભાગ રૂપે બનેલા છો.**

ત્હારે હવે ત્હમે સમજ્યા હશો કે તંદુરસ્તીનું રહસ્ય પવિત્ર હૃદય અને સુવ્યવસ્થિત મન છે. વિજયનું રહસ્ય અડગ શ્રદ્ધા અને સારી રીતે યોજેલું કાર્ય છે. અને ઇચ્છા રૂપી કાળી ઘોડીને પરિપૂર્ણ વિચારશક્તિથી વશ રાખવી એ પ્રભાવનું રહસ્ય છે.

પ્રકરણ ૬ હું.

પરમસુખ અથવા આનંદ ક્યહાં છે?

લોકો સુખ મેળવવાને બહુ આતુર જણાય છે; પણ એ આતુરતા જેટલી જ જગતમાં સુખની ખામી નજરે પડે છે! પૈસા મળવાથી પરમ અને સ્થાયી સુખ મળશે એવા વિચારથી ઘણા ગરીબ મનુષ્યો ધનનાંજ વળખાંમાર્યા કરે છે. ઘણા ધનવાન મનુષ્યો જેમની દરેક ઇચ્છા કે વાસના પરિપૂર્ણ થયેલી છે, તેઓ હદ કરતાં વધારે ધન હોવાથી દુઃખ ભોગવે છે; અને પથારીમાં પડયા પડયા કહે છે કે, "હાય! અમારાથી કાંઇ કામ બનતું નથી." અને સુખ કે પ્રસન્નતાનો વિચાર કરીએ તો ઘણા ગરીબ મનુષ્યો કરતાં પણ આ બાબતમાં ત્હેમની સ્થિતિ સારી નથી હોતી. આ બાબત ઉપર જો આપણે બારીક વિચાર કરીએ તો આપણે એવા મુદ્દા ઉપર આવીએ છીએ કે, **સુખ બાહ્ય વસ્તુઓની પ્રાપ્તિપર આધાર રાખતું નથી, તેમ દુઃખ તે વસ્તુઓના અભાવમાં રહેલું નથી.**

જો આથી ઉલટું હોત તો સઘળા ગરીબો તદ્દન દુઃખી હોત અને સઘળા ધનવાન્ પુરૂષો સુખમાં મ્હાલતા હોત. પણ જગત્ તરફ દૃષ્ટિ કરતાં ઘણીવાર આ કરતાં જૂદોજ દેખાવ આપણે જોઇએ છીએ. આ લખનારે દુઃખીમાં દુઃખી એવા પણ પુરૂષો જોયા છે; તેઓ સર્વ ધનવૈભવ **વાળા** હતા. અને જેમને ત્હેણે સૌથી સુખી જોયા છે તેઓ પોતાની આજીવિકા જેટલું ધન પણ મહામહેનતે પ્રાપ્ત કરતા હતા. ઘણા પુરૂષો જેઓએ પોતાની આખી જીંદગી ધન એકઠું કરવામાંજ પસાર કરી છે, તેઓ ખુલ્લી રીતે કબુલ કરે

છે કે **ધન મેળવ્યા પછી સ્વાર્થને ખાતર જ ત્હેનો ઉપભોગ કરવાથી આ જીંદગી કેવળ નિરસ બને છે,** અને જ્હારે તેઓ ગરીબ હતા ત્હારે તેઓ આ કરતાં વિશેષ સુખી હતા.

ત્હારે સુખ એ શું છે ? તે કેવી રીતે મળી શકે ? શું તે ફક્ત સ્વપ્ન છે કે ખોટી ભ્રમણા રૂપ છે.? અથવા તો દુઃખ શાશ્વત છે? બારીક તપાસ અને અવલોકન કર્યા પછી આપણે એવા નિશ્ચયપર આવીએ છીએ કે જેઓએ સદ્દજ્ઞાનના માર્ગમાં પગ મૂક્યો છે તે સિવાયના બીજા બધા મનુષ્યો એમ માને છે કે આપણી ઇચ્છાઓ તૃપ્ત કરવામાં સુખ રહેલું છે. **અજ્ઞાનથી ઉદ્‌ભવેલી** અને **સ્વાર્થી વિચારો તથા વાસનાઓથી બલિષ્ટ બનેલી** આવી **માન્યતા** એજ આ જગતમાં **દુઃખનું ખરૂં કારણ** છે. 'ઇચ્છા' એ શબ્દ અત્રે "હલકી વાસનાઓ"ના સંકુચિત પ્રદેશ સારૂ વપરાયો નથી, પણ ત્હેની સત્તા ઉચ્ચ પ્રદેશો ઉપર વર્તે છે, કે જ્હાં વધારે બલિષ્ટ, વધારે શક્તિમાન્ અને વધારે નાશ કરે તેવી વાસનાઓ બુદ્ધિમાન અને સભ્ય કહેવાતા લોકોપર પોતાનું રાજ્ય ચલાવે છે અને આત્માની પવિત્રતા તથા સુંદરતા (જે સુખનું પરમ કારણ છે) ત્હેનો નાશ કરે છે.

ઘણા લોકો એમ તો કબુલ કરે છે કે આ જગતમાં દુઃખનું મૂળ કારણ **સ્વાર્થ** છે, પણ ત્હેની સાથે તેઓ એમ માનવાની ભૂલ કરેછે કે આ દુઃખનું કારણ **પોતાની નહિ** પણ **બીજાની** સ્વાર્થ દૃષ્ટિ છે. જ્હારે ત્હમે એમ હૃદયથી કબુલ કરશો કે ત્હમારા દુઃખનું ખરૂં કારણ ત્હમારી પોતાનીજ સ્વાર્થ બુદ્ધિ છે, ત્હારે જરૂર ત્હમે સ્વર્ગનાં દ્વારમાં પેસવાને લાયક બનશો.

પણ જ્હાં સુધી ત્હમે એમ માનશો કે **બીજાની** સ્વાર્થી દૃષ્ટિ **ત્હમારા** આનંદનો નાશ કરનારી છે, ત્હાં સુધી ત્હમે જાતેજ બાં-

ઘેલા કેદખાનામાં ત્હમારા આત્માને કેદી બનાવો છો.

સુખ એ પૂર્ણ સંતોષની આંતર દશા છે. આ સુખ આનંદરૂપ છે; અને તે આનંદમાં કોઇ પણ પ્રકારની 'ઇચ્છા' રહેતી નથી. ઇચ્છા તૃપ્ત થવાથી જે સંતોષ મળે છે, તે બહુજ ટુંકો અને માયાવી હોય છે અને તેજ ઇચ્છા તૃપ્ત કરવાની વધારે લાલસા હૃદયમાં જાગૃત થાય છે. ઇચ્છા તે સમુદ્ર જેવી છે; જેમ સમુદ્ર આટલી બધી નદીઓ મળતાં છતાં ધરાતો નથી, તેમ ઇચ્છા અનેક પદાર્થો પ્રાપ્ત થવા છતાં કદાપિ તૃપ્ત થતી નથી. **ઈચ્છા પોતાના સેવકો પાસેથી અધિક અધિક સેવાની આશા રાખે છે.** જ્હાં સુધી શારીરિક કે માનસિક દુઃખ મનુષ્યને માથે ન આવી પડે ત્યહાં સુધી તે ઇચ્છાઓને તૃપ્ત કરવામાં મચ્યો રહે છે; પણ પછી દુઃખરૂપી અગ્નિમાં તે સપડાય છે, કે જે અગ્નિ ત્હેને કડવો અનુભવ આપી તે વાસનાઓના પાસમાંથી મુક્ત કરે છે અને પવિત્ર કરે છે.

ઈચ્છા એ નરકવાસીઓનો ધર્મ છે; અને સઘળાં દુઃખો તેમાં સમાયેલાં છે. **ઇચ્છાઓનો ત્યાગ કરવો એ સ્વર્ગનો સાક્ષાત્કાર કરવા રૂપ છે;** અને સ્વર્ગમાં સર્વ પ્રકારનો આનંદ નિઃસ્પૃહી મનુષ્યની રાહ જુએ છે.

એક કવિ લખે છે કેઃ—

I sent my soul through the invisible,
Some letter of that after-life to spell;
And by and by my soul returned to me,
And whispered '*I myself am heaven and hell.*'

"મરણોત્તર સ્થિતિનું રહસ્ય મેળવવાને મ્હેં મ્હારા આત્માને અદૃશ્ય ભુવનોમાં મોકલ્યો. ધીમે ધીમે મ્હારો આત્મા પાછો વળ્યો

અને મ્હારા કાનમાં શાન્તિથી બોલ્યોઃ **"હું મ્હારી જાતેજ સ્વર્ગ તેમજ નરક છું."**

સ્વર્ગ અને નરક એ બે મનની સ્થિતિઓ છે. સ્વાર્થમાં અને સ્વાર્થી તૃષ્ણાઓ સંતોષવામાં રચ્યામચ્યા રહો, ઃએટલે જરૂર ત્હમે નરકમાં ડૂબશો. અહંપણાનો વિચાર દૂર કરી તદ્દન નિઃસ્વાર્થતા અને જીતેંદ્રિયપણું શીખો; એટલે ત્હમે અહીં વસવા છતાં પણ સ્વર્ગીય આનંદ અનુભવશો. અહંતા આંધળી છે, અવિચારી છે, જ્ઞાનરહિત છે અને દુઃખના પરમ કારણભૂત છે. શુદ્ધ વિચાર શક્તિ, નિષ્પક્ષપાતી નિર્ણય અને સહજ્ઞાન આ સર્વ બાબતોને દીવ્ય ચૈતન્ય સાથે સંબંધ છે. આ દીવ્ય ચૈતન્યનો જે પ્રમાણમાં ત્હમે અનુભવ કરશો તે પ્રમાણમાં ખરૂં સુખ શું છે એનો ત્હમને ખ્યાલ આવશે.

જ્યહાં સુધી ત્હમે સ્વાર્થી વિચારથી પોતાની જાતને વાસ્તે સુખ યા સુખના પદાર્થો શોધશો ત્યહાં સુધી ખરૂં સુખ ત્હમારાથી દૂર નાસશે અને દુઃખ અને દુર્ભાગ્યનાં બીજ રોપાશે. જેટલે અંશે બીજાનું ભલું કરવામાં–પરોપકારમાં અહંતાનો ત્હમે ત્યાગ કરી શકો છો, તેટલે જ અંશે ત્હમે સુખ મેળવવાને લાયક બનો છે. અને આનંદના ભોક્તા થઇ શકો છો. એક કવિ કહે છે કેઃ–

It is in **loving,** not in **being loved,**
The heart is blessed;
It is in **giving,** not in **seeking** gifts,
We find our quest.

"બીજા **આપણને** ચ્હાય તેથી નહિ પણ આપણે **બીજાને** ચાહીએ તેથી હૃદય આનંદિત થાય છે. દાન **લેવામાં** નહિ પણ દાન **દેવામાં** આપણી આંતર શોધનો અંત આવે છે."

Whatever be thy loving or thy need,
That do thou give;
So shall thy soul be fed, and thou indeed,
Shalt truly live.

"ત્હારે જે વસ્તુની ઈચ્છા કે જરૂર હોય તે વસ્તુ તું આપ: આથી ત્હારા આત્માને ખરો ખોરાક મળશે અને તું ખરી રીતે જીવ્યો ગણાઇશ."

સ્વાર્થનો વિચાર કરવાથી ત્હમે દુઃખને આવકાર આપો છો; સ્વાર્થનો વિચાર છોડો એટલે ત્હમે શાંતિને બોલાવો છો. સ્વાર્થનો વિચાર કરવાથી ત્હમે સુખ ખુઓછો એટલુંજ નથી પણ જેને આપણે સુખનું મૂળ માનીએ છીએ તે પણ જતું રહે છે. જીભનો લોલુપી મનુષ્ય દિન પ્રતિદિન નવા નવા સ્વાદીષ્ટ ખોરાકોને સારૂ તલસે છે અને મરી ગયેલી ભૂખને સજીવન કરવા જીભને રૂચતા વિવિધ પદાર્થો ખાય છે, પણ થોડા દિવસમાં તો ત્હેને અજીર્ણ થાય છે કે અનેક રોગ થાય છે; અને તેથી પ્રથમ જેટલું ખાઇ શકતો હતો તેટલું ખાવાનું પણ ત્હેને સુખ મળતું નથી. પણ જેણે પોતાની જીવ્હા ઇંદ્રિયને વશ કરી છે અને જે જીભને સ્વાદિષ્ટ લાગતા પદાર્થોને શોધતો નથી, એટલુંજ નહિ પણ ત્હેનો વિચાર સરખો પણ કરતો નથી, તે સાદા ખોરાકમાં પણ પરમ સુખ માને છે. **સ્વાર્થી મનુષ્યો ધારે છે કે ઈચ્છાઓની તૃપ્તિમાં સુખના દેવની આકૃતિ રહેલી છે; પણ જેવા તેઓ તે આકાર પકડવા જાય છે કે તરતજ ત્હેમના હાથમાં દુઃખનું હાડપિંજર આવે છે!** ધર્મશાસ્ત્ર સત્ય જ કહે છે કે "જે મનુષ્ય સ્વાર્થને લીધે પોતાનાજ વિચારમાં મશગુલ રહે છે, ત્હેનું જીવન નિરર્થક જાય છે; પણ બીજાને લાભ કરવાનો આશય

દષ્ટિ સમીપ રાખી જે પોતાની જાતને સર્વથા ભૂલી જાય છે, તે પરમાર્થ કરતાં ખરો સ્વાર્થ સાધે છે, અર્થાત્ તે પરમ આનંદનો ભોક્તા બને છે. ”

જ્યારે ત્હમે સ્વાર્થપરાયણતાથી કોઇ પણ વસ્તુની ઇચ્છા કરવાનું છોડી દેશો અને સ્વાર્થત્યાગવૃત્તિ ગ્રહણ કરશો ત્યારે શાશ્વત સુખ મેળવવાને ત્હમે લાયક બનશો. જે ક્ષણિક વસ્તુને ત્હમે ચ્હાતા હો, અને ત્હમે તે વસ્તુને વળગી રહો કે નહિ છતાં જે વસ્તુ એક દિવસ ત્હમારા હાથમાંથી જવાની તો છેજ તે વસ્તુનો સર્વથા ત્યાગ કરવા ત્હમે ખુશી હો તો ત્હમને જણાશે કે, જે ત્હમને હાનિકારક અને દુઃખરૂપ લાગતું હતું તે એક મોટા લાભરૂપ નીવડશે.

આપણને મળે તે સારૂ આપવું::આના કરતાં વધારે મ્હોટા ભ્રમ અથવા દુઃખનું કારણ આ જગતમાં બીજું એક પણ નથી. પણ વસ્તુનો ત્યાગ કરવાને અને દુઃખ સહન કરવાને તૈયાર રહેવું, એજ શાશ્વત જીવન અનુભવવાનો ઉત્તમ માર્ગ છે. જે વસ્તુઓ સ્વભાવથી ક્ષણિક છે, તે વસ્તુઓ ઉપર ચિત્ત લગાડવાથી સુખ મેળવવાની આશા શી રીતે રાખી શકાય ? જે નિત્ય છે, સ્થાયી છે, તે વસ્તુનું મનન કરવાથી અથવા: તે ઉપર આપણું ચિત્ત ચોંટાડવાથી જ પરમ અને શાશ્વત સુખ મેળવી શકાય. માટે ક્ષણિક વસ્તુઓ ઉપર રાગ ધરવાનું અને ત્હેને સારૂ તલસવાનું છોડી દો, તો જરૂર ત્હમે શાશ્વત વસ્તુનું જ્ઞાન મેળવી શકશો. અને જેમ જેમ ત્હમે સ્વાર્થનો ત્યાગ કરતા થશો અને પવિત્રતા, નિઃસ્વાર્થ અને મૈત્રીભાવના સદ્દગુણો ખીલવતા જશો તેમ તેમ ત્હમે આત્મપ્રકાશ મેળવવા સમર્થ થશો. અને ત્હેની સાથે ત્હમને એવો આનંદ મળશે કે જે આનંદ કદાપિ નાશ પામે નહિ.

જે હૃદય બીજા મનુષ્યો તરફના પ્રેમ ખાતર તદ્દન નિઃસ્વાર્થી બન્યું છે, તે ઉચ્ચમાં ઉચ્ચ સુખ મેળવવાને લાયક થયું છે, એટલુંજ નહિ પણ તે હૃદયવાળો અમર બન્યો છે; કારણ કે તેવી વૃત્તિથી હેનો દિવ્ય સ્વભાવ પ્રકટ થાય છે. હમે અત્યાર સુધી કરેલાં કાર્યોનું બારીક અવલોકન કરશો તો હમને જણાશે કે, જે પ્રસંગે હમે દયાનો કે સ્વાર્થરહિત પ્રેમનો એક શબ્દ બોલ્યા કે એક કાર્ય કર્યું, તે પ્રસંગ હમારી જીંદગીમાં ઉત્તમોત્તમ સુખનો હતો.

પુરૂષો અને સ્ત્રીઓ ગાંડાની માફક અહીં તહીં સુખની શોધમાં રખડયાં કરે છે; તે છતાં હેમને તે સુખ જડતું નથી અને જ્યહાં સુધી તેઓને ખાત્રી થાય કે સુખ તો હેમની અંદરજ રહેલું છે તેમજ હેમની આસપાસ ચારે બાજુએ જગતમાં વ્યાપી રહેલું છે અને **ફક્ત હેમના સ્વાર્થી વિચારથી જ તે સુખનાં દ્વાર હેમને વાસ્તે બંધ થયેલાં છે,**—ત્યહાં સુધી હેમને કદાપિ સુખ મળી શકશે નહિ.

આ સંબંધમાં કવિ બર્લે પરમ સુખનું ખરૂં કારણ દર્શાવતો બહુજ સુંદર રીતે જણાવેછે કેઃ—

" હું સુખની શોધમાં ઘરથી નીકળ્યો. ઉંચા વડના ઝાડ પાસે તેમજ લીલા દ્રાક્ષના વેલા પાસે થઇ પસાર થયો; પણ સુખ તો મ્હારાથી દૂર ને દૂર ભાગતુંજ જણાતું.

" હું હેની પાછળ પડયો. પર્વત અને ટેકરીઓ ઉપર, બીડમાં અને ખેતરમાં, દરેક સ્થળે હેને શોધવા મ્હેં ફર્યા કર્યું. ઝડપથી વ્હેતી નદીના પ્રવાહ સાથે અથવા તો જ્યહાં ગરૂડપક્ષી આનંદમાં મ્હાલે છે તેવા ખડકો ઉપર, દરિયા અને જમીન ઉપર મ્હેં ચારે બાજુએ સુખની શોધમાં પ્રવાસ કર્યો; પણ હાય! અફસોસ! સુખ તો મ્હારાથી દૂર જ રહ્યું.

"હું થાકયો, કંટાળી ગયો; સુખની શોધ છોડી દીધી. એક ઝરાના કિનારાપર આરામ લેવાને બેઠો. તેવામાં એક મનુષ્યે આવી મ્હારી પાસે ભોજન માગ્યું. બીજાએ આવી ભિક્ષા માગી. મ્હેં તે ભુખ્યા મનુષ્યને રોટલો આપ્યો અને તે બીજાને થોડા પૈસા આપ્યા. તેવામાં ત્રીજો એક મનુષ્ય દુઃખથી કંટાળી ગયેલો અને જગતની હાડમારીથી ત્રાસ પામેલો હોઇ મ્હારી પાસે દિલસોજી મેળવવા આવ્યો અને એક ચોથો શાન્તિ શોધતો મ્હારી પાસે આવી પહોંચ્યો. મ્હેં મારી શક્તિ પ્રમાણે તન, મન અને ધનથી ત્હેમને દિલસોજી અને શાન્તિ આપી. એટલામાં તો દિવ્ય આકૃતિ ધારણ કરી **સુખની દેવી** મ્હારી સમક્ષ આવી ઉભી અને ધીમેથી મ્હારા કાનમાં બોલીઃ– "**આજથી હું ત્હારી છું. ત્હેં ત્હારાં સુંદર કાર્યોથી મ્હને વશ કરી લીધી છે !**"

અંગત અને ક્ષણિક સુખનો ત્યાગ કરતાં શિખો તો જરૂર ત્હમે સ્થાયી અને સર્વવ્યાપી સુખ મેળવવા ભાગ્યશાળી બનશો. હલકી અને સ્વાર્થી અહંતા જેને લીધે ત્હમે સઘળી વસ્તુઓ પોતાના લાભને સારૂ ઇચ્છો છે, ત્હેનો ત્યાગ કરો; તો અત્યારે ને અત્યારે ત્હમે દેવોના સોબતીઓ થશો અને આ જગતમાં વસવા છતાં સર્વગત (Universal) પ્રેમનો કાંઇક ત્હમને અનુભવ થશે. બીજાઓનાં દુઃખ દૂર કરવામાં અને બીજાઓની તંગીઓ પુરી પાડવામાં ત્હમારા સ્વાર્થને ભૂલી જાઓ તો સ્વર્ગીય સુખ ત્હમને મળશે અને તે ત્હમને સઘળાં દુઃખ અને દિલગીરીથી મુક્ત કરશે.

"શુભ **વિચારો** રૂપી પ્રથમ પગથિયું ભરીને, શુભ **વચનો** રૂપી બીજું પગલું ભરીને, અને શુભ **કાર્યો** રૂપી ત્રીજું પગલું ભરીને હું સ્વર્ગમાં દાખલ થયો." એમ એક મહાત્માનું વચન યાદ આવવાથી

હું ત્હમને કહું છું કે, **ત્હમે પણ** તે માર્ગે ચાલીને સ્વર્ગમાં દાખલ થઈ **શકો.** સ્વર્ગ એ **દૂર** નથી પણ **પાસે** છે. કેવળ નિઃસ્વાર્થી પુરૂષો ત્હેનો સાક્ષાત્કાર કરી શકે. જેઓ હૃદયના પવિત્ર છે, તેઓજ ત્હેનો સંપૂર્ણ અનુભવ કરી શકે.

આ નિઃસીમ સુખનો, કદાપિ ત્હમને અનુભવ ન થયો હોય તો ત્હમારા હૃદય આગળ નિઃસ્વાર્થ પ્રેમની ઉચ્ચ ભાવના રાખવાથી અને તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવાથી ત્હમને ત્હેનો સાક્ષાત્કાર થઈ શકે. આવા પ્રકારની આકાંક્ષા કે પ્રાર્થના એ ઉચ્ચ પદની અભિલાષા છે. તે જીવની, પોતાના દિવ્યસ્થાન (જ્યહાં શાશ્વત સંતોષ વસે છે) પ્રતિ જવાની આ અભિલાષા છે. ઉચ્ચ અભિલાષા અથવા ભાવનાથી હલકી ઇચ્છાઓનું સ્વરૂપ ફરી જાય છે; તે ઇચ્છાઓ રક્ષણ કરનારી શક્તિઓ રૂપે બદલાઇ જાય છે. **ઉચ્ચ અભિલાષા કરવી એ હલકી વાસનાઓના પાશમાથી મુક્ત થવાનો શ્રેષ્ટ માર્ગ છે.**

જેમ એક ઊડાઉ છોકરો દુઃખ અને એકાંત વાસનો કડવો અનુભવ મેળવી ડાહ્યો બની પોતાના પિતાને ઘેર પાછો વળે છે, તેવી રીતે આ જીવ પણ આ સંસારની અનેક ઉપાધિઓમાં વિવિધ પ્રકારનું દુઃખ અનુભવી અંતર્મુખ વળે છે.

હલકી સ્વાર્થવૃત્તિ ઉપર ત્હમે જેમ જેમ જય મેળવતા જાઓ છો, જગતના પદાર્થો સાથે બાંધનારી સાંકળોને જેમ જેમ ત્હમે તોડતા જાઓ છો, તેમ તેમ ત્હમને **આપવાથી** મળતા આનંદનો અનુભવ થતો જશે. કોઇ પણ વસ્તુ **ગ્રહણ કરવા જતાં** અનુભવાતા દુઃખને બદલે ત્હમારી વસ્તુઓ, જ્ઞાન, પ્રેમ અને પ્રકાશ **આપવાથી**

મળતો અપૂર્વ આનંદ ત્હમે ભોગવી શકશો. તે વખતે ત્હમને અનુભવ થશે કે લેવા કરતાં **આપવામાં** વધારે આનંદ રહેલો છે. પણ આ આપવાનું કામ નિઃસ્વાર્થ વૃત્તિથી **ફળની આશા સિવાય** કરવું જોઇએ. **પવિત્ર પ્રેમથી** આપેલી દક્ષિણા સાથે નિરંતર આનંદ માલૂમ પડે છે. ત્હમે સઘળું આપો તે છતાં, ત્હમારો આભાર ન માનવામાં આવે અથવા તો ત્હમારી ખુશામત ન કરવામાં આવે, અથવા તો વર્તમાનપત્રમાં ત્હમારૂં નામ ન આવે, અથવા તો રાવબહાદુર કે ખાનબહાદુરનો ખીતાબ ત્હમને ન મળે તે **વખતે જો ત્હમારૂં દિલ દુભાય તો સમજજો કે ત્હમે આપેલી દક્ષિણા ખરા પ્રેમનું નહિ પણ ખોટી અગરૂરીનું પરિણામ હતું,** અને ત્હમે **મેળવવાને** વાસ્તેજ **આપતા** હતા, અથવા ખરૂં કહીએ તો **આપતા ન હતા** પણ **ગ્રહણ કરતા હતા.** બીજાના કલ્યાણ અર્થે ત્હમારા સ્વાર્થનું બલિદાન આપતાં શિખો. ત્હમે જે જે કાર્ય કરો તેમાંથી અહંતાનો વિચાર દૂર રાખો. **આ સર્વ પરમ સુખનું ઉત્તમ રહસ્ય છે.** સ્વાર્થના વિચારો ત્હમારા હૃદયમાં દાખલ ન થાય તે સારૂ કાળજી રાખો અને અંદરથી–હૃદયથી આત્મભોગ આપવાનો ઉમદા પાઠ શિખો. **આથી ત્હમે સુખના ઉચ્ચમાં ઉચ્ચ શિખર પર પહોંચી શકશો અને વાદળ રહિત આનંદના પ્રકાશમાં ત્હમે રમશો અને ત્હમે અમરપણાનો તેજસ્વી પોશાક ધારણ કરશો.**

પ્રકરણ ૭ મું.

વૈભવનો અધિકારી કોણ?

જે હૃદયમાં પ્રમાણિકપણું, વિશ્વાસ, ઔદાર્ય અને પ્રેમ રહેલાં છે, તે હૃદયવાળો પુરૂષ જ ખરી સમૃદ્ધિ–વૈભવ મેળવવાને લાયક અધિકારી છે. જે હૃદયમાં આવા ગુણો નથી તે હૃદય કદાપિ ખરા વૈભવનો અનુભવ કરી શકે નહિ; કારણ કે **ખરા સુખની માફક ખરા વૈભવનો આધાર આંતર્ગુણોપર રહેલો છે.** લોભી મનુષ્ય ક્રોડાધિપતિ થાય પણ તે હમેશાં દિલગીર અને દુઃખી દેખાશે અને જ્યહાં સુધી ત્હેની પાસે જે ધન છે ત્હેના કરતાં વધારે ધન જગતમાં એક જણ પાસે પણ હોય, ત્યહાં સુધી તે પોતાને ગરીબ જ ગણશે.

પણ જે માણસ પ્રમાણિક ખુલ્લા હૃદયનો અને પ્રેમાળ છે તે મનુષ્ય પોતાની બાહ્ય સમૃદ્ધિ થોડી હોવા છતાં પણ અનંત વૈભવનો અનુભવ કરે છે. "જે અસંતોષી છે, તેજ દુઃખી છે." "પોતાની પાસે જે છે તેથી સંતોષ માને છે તેજ સુખી" અને "**પોતાની પાસે જે હોય તે ઉદાર હાથે જે ખર્ચે છે તેજ ખરો ધનવાન**" છે.

આ જગતમાં ભૌતિક તેમજ આધ્યાત્મિક અનેક શુભ ચીજો ચારે બાજુએ આવી રહેલી છે, તે બાબતનો જ્યહારે આપણે વિ-

ચાર કરીએ છીએ અને ત્હેની સાથે થોડાક સુવર્ણના કડકા મેળવવાને અથવા તો થોડાક એકર જમીન પ્રાપ્ત કરવાને લોકો જે ધડમથલ અને ધમાલ કરે છે તે સરખાવીએ છીએ ત્હારે, બિચારા મનુષ્યો કેટલા બધા અજ્ઞાન છે ત્હેનો આપણને કાંઇક ખ્યાલ આવી શકે છે. તેજ વખતે આપણને અનુભવ થાય છે કે, સ્વાર્થપરાયણતા છે તેજ મ્હોટામાં મ્હોટી **આત્મઘાત** છે. કુદરત તરફ ત્હમે દૃષ્ટિ કરો; ત્હમે જોઇ શકશો કે કુદરત **ખુલ્લા હાથે** પોતાની બક્ષીસો ચારે બાજુએ **આપે** છે તે છતાં કુદરતને કોઇ પણ પ્રકારની **ખામી પડતી નથી.** હવે મનુષ્ય તરફ નજર કરો; ત્હમે જોશો કે તે સર્વ વસ્તુ **મેળવવા** જાય છે અને તે છતાં અંતમાં દરેક વસ્તુ **ખોઈ બેસે છે.** ફુરસદે આ મુકાબલો હૃદયમાં ઉતારો. જો ત્હમારે ખરી ઋદ્ધિ મેળવવાની ખાસ ઇચ્છા હોય તો પ્રથમ તો ઘણા મનુષ્યોએ માની લીધેલો ખોટો વિચાર દૂર કરવો જોઇએ કે, પરમાર્થ કરવાથી ઉલટું આપણને દુઃખ થશે. સ્પર્ધા અને હરીફાઇના તત્વપર શ્રદ્ધા ન રાખો; કારણ કે તે તત્વથી 'છેવટે સત્ય વિજયી થશે' એ બાબતની ત્હમારી શ્રદ્ધા ડગી જશે. લોકોનો આ સ્પર્ધા અથવા હરીફાઇના સંબંધમાં ગમે તેવો વિચાર ભલે હોય પણ તે બાબતમાં તેઓને **શ્રદ્ધા** તો નથીજ. **પ્રેમ અને સદ્ગુણના સનાતન નિયમમાં સંપૂર્ણ વિશ્વાસ રાખો;** કારણ કે આ નિયમ સઘળા હરીફાઇના કાયદાઓને, **અંતે** હડસેલી મૂકશે; અને **હાલ** પણ ધાર્મિક મનુષ્યોના જીવન અને હૃદયમાંથી સ્પર્ધાના કાયદાઓને તો ક્યારનોએ દેશવટો મળ્યો છે. જેને આવી અચળ શ્રદ્ધા હોય છે તે માણસ અપ્રમાણિકપણું જોઇ પોતાના મનની શાન્તિમાં ભંગ થવા દેતો નથી; કારણ કે અપ્રમાણિકપણાનો અંતે નાશ થવાનો છે, એમ તેઓ **ચોક્કસ** માને છે.

ત્હમે ગમે તેવા સંજોગોમાં આવી પડયા હો, છતાં તે દરેક સંજોગમાં ત્હમને જે ન્યાયયુક્ત અને ધર્મશીલ લાગે તેજ પ્રમાણે વર્તો; અને '**નિયમ**'માં શ્રદ્ધા રાખો. પછી જગતમાં વ્યાપી રહેલી દૈવી શક્તિમાં સંપૂર્ણ ભરોસો રાખો; તે ત્હમને કદાપિ તજી દેશે નહિ. સર્વદા ત્હમારૂં તે શક્તિથી રક્ષણ થશે. આવા વિશ્વાસથી સઘળા ગેરલાભ લાભના રૂપમાં ફેરવાઈ જશે અને સઘળી આપત્તિઓ આશિર્વાદ રૂપ થશે. પ્રમાણિકપણું, ઉદારતા અને પ્રેમનો કદાપિ ત્યાગ કરતા નહિ; કારણ કે એ સદ્‌ગુણો સાથે જો ત્હમારામાં ઉદ્યોગ હશે તો ત્હમે જરૂર ખરી ઋદ્ધિના ભોક્તા થશો. "પહેલો **હું** અને પછી બધું ગામ" એવી, લોકોની ખોટા વિચારો ઉપર બંધાયેલી માન્યતાઓને માનતા નહિ; કારણ કે આ ઉક્તિને માન આપવાથી ત્હમે કોઇ પણ મનુષ્યનું કલ્યાણ કરવાને બદલે તદ્દન એકલપેટા થશો.

આવા સાંકડા વિચારના મનુષ્યોને એવો સમય જીંદગીમાં આવી પહોંચે છે કે જ્યારે સઘળા ત્હેમને તજી જાય છે અને જ્યારે **તેઓ** દુઃખમાં **એકલા** હોવાથી બુમ પાડે છે ત્યારે ત્હેમની બુમ કોઇ પણ સાંભળતું નથી અને ત્હેમને કોઈ પણ મદદ કરતું નથી. સર્વને ભૂલી જઇ કેવળ પોતાની જાતનોજ વિચાર કરવાથી દરેક પ્રકારના ઉચ્ચ અને ઉમદા ગુણોની ખીલવટ બંધ પડી જાય છે. જો ત્હમારૂં મન વિશાળ હશે અને ત્હમારૂં હૃદય બીજાઓને પ્રેમથી અને અંતઃકરણથી ભેટતું હશે તો ત્હમને અપૂર્વ અને મહાન આનંદ થશે અને ત્હમને અનંત સમૃદ્ધિ નિઃસંશય મળશે.

જે લોકોએ ધર્મ યા પ્રેમના કાયદાનો ત્યાગ કર્યો છે તેઓને પોતાનો બચાવ કરવા સારૂ 'હરીફાઈના કાયદા'ની જરૂર પડે છે. પણ જે લોકો ધર્મિષ્ટ છે ત્હેમને વાસ્તે આ કાયદાની બીલકુલ જરૂર

નથી. આ બીનપાયાદાર કે ગેરવાજબી દલીલ નથી. હાલ પણ જગતમાં એવા પુરૂષો વિદ્યમાન છે કે જેઓએ પોતાના પ્રમાણિકપણા અને વિશ્વાસના બળથી હરીફાઈના કાયદાઓનો અનાદર કર્યો છે. તેવા પુરૂષો હરીફાઈના પ્રસંગોમાં પણ પોતાના સત્યનિયમોથી જરા પણ ડગ્યા સિવાય ધીમે ધીમે ઋદ્ધિ મેળવવા શક્તિમાન થયા છે; અને જે લોકોએ ત્હેમના પરાભવ માટે યત્ન કર્યો છે તે સર્વ ત્હેમના તે કામમાં નિષ્ફળ નીવડેલા છે.

જે લોકોમાં આવા સદ્‌ગુણો છે, ત્હેમને તે સદ્‌ગુણો રૂપી અમોઘ બખ્તર છે, જેના આગળ કોઇ પણ અશુભ તત્ત્વો ટકી શકતાં નથી. દુઃખના પ્રસંગમાં પણ આ સદ્‌ગુણો બેવડા રક્ષણકર્ત્તા નીવડે છે. જેનામાં આવા સદ્‌ગુણો વાસ કરે છે તેઓ એક એવા પાયા-પર વિજયની ઇમારત ચણે છે કે જે પાયો કદાપિ ડગે નહિ; અને ત્હેનાથી એવી ઋદ્ધિ મળે છે કે જે ઋદ્ધિ સર્વ કાળમાં એક સરખી રીતે ટકી રહે છે.



પ્રકરણ ૮ મું.

ધ્યાનની શક્તિ.

આત્મિક ધ્યાન એ દૈવી માર્ગ છે. પૃથ્વી પરથી સ્વર્ગ લોકમાં, અશુભમાંથી શુભમાં, અને દુ:ખમાંથી સુખમાં તથા અશાન્તિમાંથી શાન્તિ ભણી લેઈ જનારી તે એક ગુપ્ત નિસરણી છે, દરેક મહાત્મા આજ નિસરણીએ ચ્હડયા છે. જેને આપણે હાલ પાપી અથવા અધમ માનીએ છીએ તેવો દરેક માણસ વ્હેલો અથવા મોડો આ નિસરણી ઉપર જ્યહાં સુધી પગ મુકશે નહિ ત્ય્હાં સુધી તે ઉન્નતિ મેળવી શકશે નહિ. જગતથી કંટાળેલો દરેક પંથી અથવા મુસાફર જેણે જગતને મિથ્યા માન્યું છે અને તે તરફથી પોતાની દ્દષ્ટિને પોતાના પરમપિતા તરફ વાળવા માંડી છે, તે સર્વ મુસાફરો આ સુવર્ણ માર્ગનો આશ્રય લે છે. એકાગ્રતા કે ધ્યાનની મદદ સિવાય પવિત્ર ભાવનાઓ, પવિત્ર શાન્તિ, અમરકીર્તિ અને આત્માનો શુદ્ધ આનંદ કદી ખીલી નીકળનાર નથી. હાલ આ સર્વ ઉચ્ચ ભાવનાઓ આપણાથી દૂર નાસતી ફરે છે, પણ ધ્યાનની મદદથી તે સર્વ આપણા વશમાં સત્વર આવી જાય છે. ધ્યાનની વ્યાખ્યા એક અંગ્રેજ તત્ત્વવેત્તા નીચે પ્રમાણે આપે છે:—

"કોઈ પણ વસ્તુ સંબંધી સંપૂર્ણ જ્ઞાન મેળવવાના હેતુથી તે વસ્તુના વિચારમાં **સંપૂર્ણ મગ્ન** થઇ જવું ત્હેનું નામ '**ધ્યાન**' છે. જો કોઈ પણ વસ્તુ કે વિષયપર વારંવાર વિચાર કે ધ્યાન કરવામાં આવે તો તે સંબંધી માત્ર સમજ પડશે એટલુંજ નહિ પણ ત્હમે

ત્હેના જેવા વધારે ને વધારે તદ્રૂપ થતા જશો,–ત્હમે તે વસ્તુરૂપ બની જશો. જો ત્હમે નિરંતર સ્વાર્થીપણાના અને નીચપણાના વિચારમાં મગ્ન રહેશો તો આખરે ત્હમે સ્વાર્થી અને નીચ બનશો. જો ત્હમે પવિત્રતા અને નિઃસ્વાર્થનું વારંવાર ધ્યાન કરતા રહેશો તો ખરેખર ત્હમે પણ પવિત્ર અને નિઃસ્વાર્થી થતા જશો. ”

શાન્તિના સમયમાં જ્યહારે ત્હમારો આત્મા અંતર્મુખ વળે છે, તે વખતે ત્હમે કેવા પ્રકારના વિચારોમાં સંપૂર્ણ ધ્યાનપૂર્વક મગ્ન રહો છો તે વિચારો જો ત્હમે મ્હને જણાવો તો હું કહી શકીશ કે ત્હમે શાન્તિના કે દુઃખના સ્થાનમાં મુસાફરી કરો છો અથવા પવિત્રતામાં કે પશુપણામાં વૃદ્ધિ પામો છો?

જે મનુષ્ય **એક** વસ્તુ વા વિષયપર જ વિચાર કરી શકે છે તે મનુષ્યના ગુણનું વલણ તે વિષયના ગુણને અનુસારે થાય છે. આટલા માટે ધ્યાનનો **વિષય** અધમ નહિ પણ ઉચ્ચ પ્રકારનો રાખવો જોઇએ. આ સાથે ત્હમારા વિચારો પણ ઉત્તમ પ્રકારના રાખવા જોઇએ અને ત્હેમાં સ્વાર્થમાં જરા પણ અંશ ભળવા દેવો જોઇએ નહિ. આમ કરવાથી ત્હમારૂં અંતઃકરણ નિર્મળ થશે અને **પરમતત્વ તરફ તે આકર્ષાશે** અને ત્હમે ભૂલાવા રૂપ ખાઇઓમાં વધારે વાર પડવા પામશો નહિ.

આત્મિક જીવન અને જ્ઞાનની સર્વે ઉન્નતિના રહસ્ય સંબધી ધ્યાન કરવા બાબતનું આ વિવેચન છે. દરેક પયગંબર, મહાત્મા, જીવન્મુક્ત અને જગદુદ્ધારક આ ધ્યાનની શક્તિથી જ ઉચ્ચપદ પામ્યા છે. બુદ્ધે પરમતત્ત્વ ઉપર એટલે સુધી ધ્યાન કર્યું કે ત્હેના મુખમાંથી “ **હું તે પરમતત્ત્વ છું** ” એવું વાક્ય બ્હાર પડ્યું. ઇસુખ્રીસ્ત પણ જ્યહાં સુધી તેણે પોકારીને કહ્યું કે “ હું અને મ્હારો પિતા એકરૂપ

છીએ" ત્હાં સુધી તે પવિત્ર જ્યોતિના ધ્યાનમાં મગ્ન જ રહો. **મહાવીરે** ધ્યાનમાં મગ્ન થઇ એવું સિદ્ધ કર્યું કે "અપ્પા સો પરમપ્પા" અર્થાત્ આત્મા તેજ પરમાત્મા છે. અનેક જીવન્મુક્તોએ તેવાજ ઉદ્ગાર ક્હાડયા છે. **મનસુર** નામના મુસલમાન ભક્ત કવિએ ભક્તિના તાનમાં જાહેર કર્યું કે "અનલ્‌હક" "હું તે ખોદા છું" તેવીજ રીતે હિંદુ યોગીઓના મુખથી "તત્ત્વમસિ"—"તું જ તે છે" એ વાક્યો નીકળેલાં છે.

પવિત્ર સત્ય તત્ત્વોપર કરેલું ધ્યાન એ જ પ્રાર્થનાનું જીવન છે. એ જ ધ્યાન આત્માને પરમાત્મા તરફ લઈ જનાર માર્ગ છે. ધ્યાન વગર કરેલી માત્ર અરજરૂપ પ્રાર્થના કે બંદગી ખાલી જીવ વગરના ખોખા સમાન છે; અને તેવી પ્રાર્થના મન અને હૃદયને પાપ અને દુઃખમાંથી મુક્ત કરી ઉંચે લેઇ જઈ શકતી નથી. ત્હમે જો દરરોજ જ્ઞાન, શાન્તિ અને ઉંચા પ્રકારની શુદ્ધતા અને પરમાત્મપદ-પ્રાપ્તિને માટે પ્રાર્થના કરતા હો અને તે છતાં આ સર્વ ત્હમારી પ્રાર્થનાની વસ્તુઓ ત્હમારાથી દૂર હોય તો ત્હેનો અર્થ એ જ છે કે ત્હમે **એક** બાબત સારૂ ત્હમારા હૃદયમાં **પ્રાર્થના કરો છો** પણ ત્હમારૂં **વર્તન** ત્હમે **બીજા** માર્ગે દોરવો છો. જો ત્હમે આવા પ્રકારના દ્વચુ-પચુપણાનો ત્યાગ કરો અને ત્હમારૂં મન કે જે સ્વાર્થીપણાના બંધનમાં વળગી રહ્યું છે અને જે પરમસત્યો માટેની ત્હમારી પ્રાર્થનામાં વિઘ્નકર્ત્તા છે તે મનને ત્હાંથી પાછું ખેંચી લ્યો; જે ચીજ મેળવવાને ત્હમે પોતાને લાયક ન ગણતા હો તે ચીજ મળવાની પ્રાર્થના જો ત્હમે ન કરો અને જો ત્હમે સત્ય માર્ગનો જ વિચાર કરો અને તે માર્ગે વર્તતા રહો, તો ત્હમે પણ દિન પ્રતિદિન ઉન્નતિક્રમમાં આગળ વધ્યા જશો અને આખરે ત્હમે પરમાત્માની સાથે એકતા પ્રાપ્ત કરી શકશો.

જે માણુસ **સાંસારિક** લાભ મેળવવા ઇચ્છે છે તેણે પણ **ખંતથી** તે પાછળ મંડયા રહેવું પડે છે. જો તે માણુસ બે હાથ જોડી બેસી રહે, માત્ર પ્રાર્થના જ કર્યા કરે અને તે મેળવવાને કાંઇ પણ પ્રયાસ ન આદરે તો ખરેખર તે માણુસને આપણે મૂર્ખ જ કહીએ છીએ. પ્રયત્ન વિના સ્વર્ગીય સુખ આપોઆપ આવી ત્હમને મળશે એવો સ્વપ્ને પણ ખ્યાલ લાવતા નહિ. સત્યના માર્ગે જ્યહારે ત્હમે **દ્રઢતાથી** ચાલવાનો આરંભ કરશો ત્યહારેજ ત્હમે જીવનનાં સત્યો જાણવાને અધિકારી થશો. અને જ્યહારે ત્હમે ધીરજથી અને બબડયા વિના પ્રયત્ન કરીને આધ્યાત્મિક પ્રસાદ મેળવવાની **લાયકાત** પુરવાર કરશો ત્યહારે તે ત્હમને મળ્યા વગર રહેશે જ નહિ.

જો ત્હમે ખરેખર સત્યનેજ શોધતા હો અને ત્હમારી તૃષ્ણાને સંતોપવા માગતા ન હો, જો ત્હમે સત્યને દુનિયાનાં સુખો અને લાભો કરતાં વધારે ઉત્તમ માનતા હો અને **સુખ કરતાં પણ જો ત્હમે સત્યને વધારે ચ્હાતા હો, તો તો તે મેળવા ત્હમે ખુશીથી પ્રયત્ન કરશો જ.**

જો ત્હમે પાપ અને શોકથી મુક્ત થવા ઇચ્છતા હો, જે નિષ્કલંક પવિત્રતાને સારૂ ત્હમે આંસુ પાડો છો અને પ્રાર્થના કરો છો તે પવિત્રતાનો આસ્વાદ લેવા ત્હમારી જીજ્ઞાસા હોય, જો ત્હમારે જ્ઞાન અને અનુભવ મેળવવો હોય અને શાન્તિને સ્થળે જવું હોય, **તો તો ધ્યાનના માર્ગમાં અત્યારે ને અત્યારે દાખલ થાઓ અને ત્હમારા ધ્યાનનો ઉચ્ચમાં ઉચ્ચ હેતુ સત્યને જ ગણો.**

મનસ્વી ફોકટ કલ્પનાઓ અને ધ્યાનમાં શું તફાવત છે, તે આ વિષયના આરંભમાં જ જણાવવાની જરૂર છે. ધ્યાન એ કાંઇ સ્વપ્નનો ખ્યાલ કે અવ્યવહારિક બાબત નથી. તે સત્ય શોધવાનો

ઉત્તમોત્તમ માર્ગ છે અને જ્યહાં સુધી સંપૂર્ણ સત્ય માલૂમ ન પડે ત્યહાં સુધી તે માર્ગે અટકતો નથી. જો આ રીતે ત્હમે સત્યના ઉપાસક થશો તો ત્હમે મતાંધતામાં ખેંચાઈ જશો નહિ, પણ મમત્વભાવ ભૂલી જઈ કેવળ સત્યના શોધક જ થશો. આથી કરીને ત્હમારી આસપાસ એકઠી થવા માંડેલી અને ત્હમે પ્રથમથી પોષેલી ભૂલો એક પછી એક દૂર નાસતી જશે અને છેવટે ધીરજથી તે જ માર્ગે કામ કરતાં ત્હમારી સર્વ ભૂલો અદૃશ્ય થશે અને ત્હમે સત્યનો સંપૂર્ણ પ્રકાશ મેળવવાને લાયક અધિકારી બનશો. કવિ બ્રાઉનીંગ લખે છે કે—

"આપણા સર્વમાં એક અંતર્ગત મધ્યબિન્દુ છે, જ્યહાં સંપૂર્ણ સત્ય પ્રકાશી રહેલું છે. ત્હેની આસપાસ એક પછી એક આચ્છાદનાં પડ આવેલાં છે, તે પડને લીધે તે સત્યનો પ્રકાશ બ્હાર બરાબર પડી શકતો નથી. ત્હેને ઇન્દ્રિયો અને શરીર પૂર્ણપણે પ્રકાશ પામવા દેતાં નથી અને તેથી સર્વ ભૂલો થવા પામે છે. હવે તે ભૂલ દૂર કરવાને બ્હારથી પ્રકાશ આણવાનો નથી, પણ જે પ્રકાશ આપણી અંદર રહેલો છે તે પ્રકાશને **આવરણ કરનારાં કારણો** દૂર કરવામાં જ ખરો પુરૂષાર્થ સમાયલો છે. તે પુરૂષાર્થ જો કરવા માંડો તો આપણો જીવનઉદ્દેશ સફળ થાય."

ધ્યાનને માટે દિવસનો **ચોક્કસ** ભાગ મુકરર કરવો અને તે સમયને પોતાના હેતુ માટે પવિત્ર ગણવો. જ્યહારે કુદરતમાં સર્વ સ્થળે શાન્તિ ફેલાયલી હોય છે તેવો પ્રાતઃકાળનો સમય આખા દિવસમાં ઉત્તમ સમય છે. કુદરતની સ્થિતિઓ તે વખતે વધારે સહાયક થાય છે. તૃષ્ણાઓ અને લાગણીઓ આગલી રાત્રિની ગાઢ ઉંઘ પછી તાબે થઇ શકે છે. આગલા દિવસની ચળવિચળતા અને થાક નાશ પામ્યાં હોય છે અને મનની શાંતતા હોવાથી આધ્યાત્મિક શિ-

ક્ષણુને ગ્રહણુ કરવા યોગ્ય હોય છે. ખરેખરી રીતે આ સમયે જે પ્રથમ પ્રયત્ન ત્હમારે કરવાનો છે તે એ જ છે કે **ત્હમારી સુસ્તી અને આળસને દુર કરવી.** ત્હેનાપર જો અલક્ષ આપવામાં આવશે તો આગળ પગલું કદી ભરી શકાવાનું જ નથી. કારણુ કે આત્માની માગણીઓ આજ્ઞાવાચક (Imparative) છે.

આધ્યાત્મિક જાગૃતિ એજ માનસિક અને શારીરિક જાગૃતિ છે. સુસ્ત અને વિષયભોગવિલાસીઓને કદી પણુ સત્‌નું ભાન કે જ્ઞાન હોતું જ નથી. તંદુરસ્ત અને આરોગ્યતાવાળા પુરૂષો જેઓ આ પ્રાતઃકાળના શાન્ત સમયને ગાઢ નિદ્રામાં કે ભોગવિલાસમાં ગુમાવે છે તેઓ સ્વર્ગની નિસરણીએ ચ્હડવાને કેવળ નાલાયક છે. જેનું સ્વ-ચૈતન્ય ઉચ્ચ સ્થાનના અનુભવ મેળવવા માટે જાગૃત થયું છે અને જેણે અજ્ઞાનરૂપી અંધકારને તોડવા માટે શરૂઆત કરી છે તે તો તારામંડળ દેખાતું બંધ થાય ત્હેની પૂર્વે જાગૃત થઇ જાયછે અને પોતાના અંતર **આત્મા** સાથે આ અંધકારમાં મજબુતીથી બાથ ભીડે છે અને પવિત્ર મહાન્ ઇચ્છાથી તે પરમતત્વનો પૂર્ણ પ્રકાશ જોવાને મથન કરે છે. તે વખતે **અજાગૃત** દુનિયા તો સ્વપ્ન અવસ્થા-ની ઘોર નિદ્રામાં પડી રહેલી હોય છે!

મહાન્ પુરૂષો જે ઉંચે માર્ગે ચ્હડ્યા છે અને ટકી રહ્યા છે તે કંઈ એક ફલંગ કે કુદકો મારી ચ્હડ્યા નથી, પરંતુ જ્ય્હારે ત્હેમના સાથીઓ ઘોર નિદ્રાવસ્થાને આધિન થઇ પડેલા હતા તે વખતે તેઓ ઉચ્ચ માર્ગ તરફ ચ્હડવાને (રાત્રીને વખતે પણુ) પોતાનો પંથ કાપતા રહ્યા હતા.

એવો કોઇ પણુ મહાત્મા કે પવિત્ર પુરૂષ કે સત્યનો ઉપદેશક થયો નથી કે જે વહેલો–પ્રાતઃકાળમાં ઉઠ્યા વગર રહ્યો હોય. ઇસુખ્રિસ્ત

હમેશ પ્રાતઃકાળમાં ઉઠી શાંત એકાંતમય પર્વતપર પવિત્ર ઐક્ય સાધવામાં રોકાતો હતો. બુદ્ધ સૂર્યોદય પહેલાં એક કલાક આગળ ઉઠી ધ્યાનમાં મશગુલ રહેતો અને પોતાના સઘળા શિષ્ય મંડળને પણ એજ પ્રમાણે વર્ત્તન રાખવાની આજ્ઞા કે દિક્ષા આપતો હતો.

પ્રાતઃકાળના આવા ઉત્તમ સમયમાં જો કદાચ ત્હમારે ત્હમારા સંસારવ્યવહારના બંધનરૂપ કાર્યો બજાવવાની ફરજો માથે આવી પડી હોય અને આ પ્રમાણે ત્હમારા ધ્યાન માટેના સાધનમાં ત્હેનો અંતરાય આવી પડતો હોય તો ત્હમારે **રાત્રિનો** એક કલાક ગાળવા પ્રયત્ન કરવો. તેમજ આખા દિવસનાં ત્હમારાં વ્યાવહારિક કાર્યોની ખટપટ અને મહેનત મજુરીને લીધે તે પણ જો ત્હમારાથી બનવું અશક્ય થઈ પડતું હોય તો તેથી પણ નાહિમ્મત કે નાસીપાસ ન થતાં ત્હમારે ત્હમારા સંકલ્પો-વિચારોને ત્હમારા કાર્યોના સમયમાં જે વચ્ચે વચ્ચે ત્હમોને **અવકાશ મળતો રહે તે સમયે** પવિત્ર એકાગ્રતા તરફજ વાળવાનું વલણ રાખવું, કે જેથી કરીને જે ટુંક સમય ત્હમોને મળે છે તે નકામો ન જતાં સદુપયોગમાં ગળાશે. આ પ્રમાણેનું વર્ત્તન કે વળણ રાખવાથી ત્હમોને સ્વતંત્ર ટેવ એક બાજુ કાર્યોમાં ગુંથાવાની અને બીજી બાજુપર ત્હમારી એકાગ્રતાના લક્ષની દૃઢતા કરવાની થતી જશે.

જેકબ બોહીમ નામનો સખસ જોડા સીવવાના સમયમાં પવિત્ર વસ્તુઓપરજ લક્ષ રાખતાં રાખતાં 'મહાત્મા'નો દરજ્જો સંપાદન કરી શકયો હતો. દરેક જીવનમાં વિચાર કરવાનો તો અવકાશ છે, છે ને છેજ. અતિ કામદાર અને ઘણાજ મહેનતુ માણસ પણ આવા સમયમાંથી ઉચ્ચ ભાવના અને એકાગ્રતાથી કદી બાતલ થતા નથી.

આધ્યાત્મિક ધ્યાન અને સ્વાનુભવ એ બે જૂદા પદાર્થ નથી;

તેટલા માટે પોતે પોતાનાજ સ્વરૂપનું ધ્યાન કરવાનું શરૂ કરવું એટલે કે **પોતાને** જાણુવા–ઓળખવાનો પ્રયત્ન કરવો. તેમાં યાદ રાખવું કે હેતુ માત્ર સતને જાણુવા માટે, ભૂલચૂક દૂર કરવાનો રાખવો. પોતાના અંતર્‌માં હેતુઓ, વિચારો અને કર્મ સંબંધી સવાલ કરવો અને તે સર્વને પોતાના મનની **કલ્પનાઓ સાથે સરખાવતા જવું.** તેપર શાંત અને નિષ્પક્ષપાતપણે પ્રયત્નવાન રહેવું. આવા પ્રકારે હમેશ ચાલુ વર્ત્તન રાખવાથી ત્હમારી માનસિક અને આધ્યાત્મિક સમતોલતામાં વધારો થશે. આ વગર મનુષ્યો સંસારસમુદ્રમાં મદદ વગરના તરખલાઓ સમાન છે. જો ત્હમારામાં ધિક્કાર કે આવેશની લાગણી પ્રકટી આવે તો ત્હમે **માયાળુપણા** અને **ક્ષમાના** ગુણો ઉપર એકાગ્રતા કરો, કે જેથી કરીને ત્હમારી મૂર્ખ અને કઠોર વર્ત્તણુક ઉપર ત્હમે તિક્ષ્ણુતાની નજરથી જોવાને હમેશ જાગૃત રહેશો. તેથી ત્હમે પ્રેમ, **દયા** અને **ક્ષમાના સાગરમાં** વસવાની શરૂઆત કરશો. જેમ જેમ નીચ વૃત્તિઓને ઉચ્ચ લાગણીઓથી તાબે કરતા જશો તેમ તેમ ધીમે ધીમે ત્હમારા હૃદયરૂપી ગુફામાં તે પવિત્ર **પ્રેમના** નિયમના જ્ઞાનના અંકુરોનો પ્રકાશ છુપી રીતે પડતો જશે અને જીવન અને ચારિત્રની મુશ્કેલીઓના પડદાની સર્વ સમજ ત્હમને ખુલ્લી પડતી જશે. આવા જ્ઞાનનો સદુપયોગ ત્હમે ત્હમારા કાયિક, **વાચિક** અને **માનસિક** કર્મને લાગુ પાડતા જશો તો ત્હમારી ઉન્નતિ વધારે થતી જશે અને ત્હમે વધારે ને વધારે માયાળુ, વધારે ને વધારે પ્રેમી અને વધારે ને વધારે પવિત્ર બનતા જશો. દરેક ભૂલ, દરેક તૃષ્ણા અને દરેક માનસિક નબળાઈ આ પ્રમાણે ધ્યાનની શક્તિથી તાબે કરી શકાય છે; અને જેમ જેમ દરેક પાપ અને દરેક ભૂલ બહાર નીકળતી જાય છે તેમ તેમ પંચીજીવાત્મા પર સતનો પ્રકાશ સ્વચ્છ અને ખુલ્લો પ્રકાશી રહેછે.

આ પ્રમાણે ધ્યાનની સહાયતાથી ત્હમે ત્હમારી આસપાસ સ્વાર્થિપણા રૂપી શત્રુ સામે બચાવરૂપી કોટ બાંધતા જશો, અને સતના અનાશવંત પવિત્રપણામાં ત્હમે વાસો કરતા રહેશો. **ધ્યાનના મહાવરાનું સીધું ફળ એ મળશે કે શાંત આધ્યાત્મિક બળનો વધારો થઇ જીવનની લડાઇમાં ત્હમોને ઉભા રહેવાને અને ટકાવ કરવાને સ્થાન મળશે.** પવિત્ર વિચારોની શક્તિ મહાન છે અને શાંત ધ્યાનના સમયે જે બળ અને જે જ્ઞાન સંપાદન કર્યાં હોય છે તેથી કરીને જીવાત્માઓ લઢાઇ, ખટપટ, દુઃખ અને ઉશ્કેરણીના સમયમાંથી બચવાને સ્મરણશક્તિથી ભરપુર થાય છે. જેમ જેમ ધ્યાનની શક્તિથી ત્હમારા જ્ઞાનની ઉન્નતિ થતી જાય તેમ તેમ ત્હમે ત્હમારી વધારે ને વધારે સ્વાર્થી તૃષ્ણાઓ (કે જે ચલિત છે અને દુઃખ તથા શોકને ઉત્પન્ન કરે છે) ત્હેનો ત્યાગ કરતા જશો. તેથી કરીને ત્હમે અધિક મક્કમપણા અને અચલિત તત્ત્વોપર સ્થિર ઉભા રહેશો અને સ્વર્ગની શાન્તિ અનુભવશો.

ધ્યાનનું ફળ એ મળે છે કે, તેથી અનંત તત્ત્વોનું જ્ઞાન સંપાદન થાય છે. ધ્યાનની શક્તિથી, તત્ત્વોપર આસ્થા રાખવાથી અને ત્હેના ઉપર નિર્ભયપણે સ્થીત થવાથી કૌશલ્ય વધે છે અને **અનંત** સાથે એકરૂપ થવાય છે.

ત્હમો હાલમાં જે નીતિમય ભૂમિકાપર છો તેથી આગળ ત્હમે ત્હમારૂં ધ્યાન વધારો. યાદ રાખવું કે ત્હમારે તો ત્હમારા સતનું ભાન અસ્થિરપણે વધારવાનું છે. જો ત્હમે ધર્મચુસ્ત જૈન હો તો ત્હમારે શ્રી **મહાવીરના** પવિત્ર અને ડાઘવગરના ચરિત્રપર જ એકાગ્રતા કરવી અને ત્હેના દરેક નિયમને ત્હમારા આંતર્ જીવનમાં ઘટાવી બહારની વર્તણુકપર લાગુ પાડતા રહેવું, કે જેથી કરીને ત્હમે ત્હેની

શુદ્ધતાની વધારે ને વધારે નજદીકમાં આવતા જશો. કેટલાક ધર્માગ્રહીઓ સત્ તરફ અલક્ષ આપે છે અને પોતાના ગુરૂ કે સાંપ્રદાયિકો એ બાંધી આપેલા નિયમોને જ વળગી રહે છે અને બ્હારની પ્રાર્થના પર જ સંતોષ માને છે અને પોતાની જ મર્યાદામાં વર્તે છે. અને તેથી કરી પાપ અને દુઃખરૂપી સાગરમાં વારંવાર ભટક્યા કરે છે; તેમ ત્હમે કરશો નહિ. તેવા **પક્ષપાતી** ઇશ્વરોપદેશથી અને પંથોથી અને સત્યજીવન વગરની તેવી ક્રિયાઓથી આગળ વધવામાં ત્હમને ધ્યાનની શક્તિ બહુ કામ લાગશે. આ પ્રમાણે જ્ઞાનરૂપી ઉચ્ચ માર્ગમાં સત્પર દૃઢ મનથી ચાલતાં સત્નું ભાન થવામાં કદી પણ અટકાવ થશે નહિ.

આતુરતાપૂર્વક અને દૃઢ આગ્રહપૂર્વક નિત્ય ધ્યાનનો અભ્યાસ કરવાથી સત્યનું ભાન થાય છે અને સત્‌ના શબ્દનો પંથી જ સત્‌નાં શાસ્ત્રોને જાણે છે.

ગૌત્તમ બુદ્ધે પોતાના શિષ્યમંડળને પાંચ મહાન્ પ્રકારના ધ્યાન કરવાને જે ખાસ ઉપદેશ આપ્યો હતો તે નીચે પ્રમાણે છેઃ—

(૧) પ્રેમભાવનાઃ—જેમાં અંતઃકરણપૂર્વક પ્રાણી માત્રના ભલાની અને આબાદીની ઇચ્છા રાખવી, એટલુંજ નહિ પણ દુશ્મનોના માટે પણ સુખની ભાવના ભાવવી.

(૨) દયાઃ—જેમાં પ્રાણી માત્રના દુઃખોનો વિચાર કરી પોતાના સંકલ્પોમાં તેઓના શોક અને આશાઓનું ચિત્ર આલેખી, તે તરફ કરૂણારૂપી દયાભાવ જાગૃત કરવો.

(૩) આનંદઃ—જેમાં પરસુખમાં પોતાનું સુખ અનુભવવું.

(૪) સ્વચ્છતાઃ—જેમાં અનાચાર અને અનીતિનાં દુઃખદાયક પરિણામ, અને તેથી ઉત્પન્ન થતાં પાપો અને દુઃખો, તથા પાપથી

મળતાં સુખનું ક્ષણભંગુરપણું એ વગેરે વિચારવું અને તેથી ઉલટું માનસિક **સ્વચ્છતા** નો વિચાર કરવો.

(૫) શાન્તિ—જેમાં સ્વાર્થી પ્રેમ અને ધિક્કાર, ઘાતકીપણું અને જુલમ, આબાદી અને નિર્ધનતા સર્વેની પેલી બાજુ જવાનો વિચાર કરવો. નિષ્પક્ષપાત અને શુદ્ધ શાન્તિથી પોતાના પ્રારબ્ધને ઓળખવું.

જૈન ધર્મમાં ફરમાવેલી અનિત્ય ભાવના, એકત્વ ભાવના આદિ બાર ભાવનાઓ પૈકી હરકોઈ એક અથવા વધારે ભાવનાઓ ભાવવાથી અગર હરકોઇ મહાપુરૂષના જીવનચરિત્ર પર ધ્યાન ધરવાથી પણ એવુંજ પરિણામ લાવી શકાય છે.

પરંતુ જ્યહાં સુધી ત્હમારો હેતુ **સત** છે, જ્યહાં સુધી ત્હમારી આશાતૃષ્ણા પવિત્ર અંતઃકરણ અને શુદ્ધ જીવનવાળી છે, ત્યહાં સુધી ત્હમો જોઇએ તો આ ચોક્કસ ધ્યાન કરો વા નહિ કરો તે સર્વે એકજ છે. ત્હમારા ધ્યાનને, ત્હમારા અંતઃકરણને પ્રેમરૂપી ઝરાથી વિકાસ પામવા દો અને ધિક્કારની લાગણીઓ તથા તુચ્છકારપણાથી મનને વિમુક્ત કરી, દુનિયામાં જેમ પુષ્પો પ્રાતઃકાળના સમયે ખીલવા માટે કિરણો ગ્રહણ કરવા પોતાની ખાંખડીઓ ઉઘાડે છે તેમ, ત્હમારા જીવાત્માને ખુલ્લો કરીને **સત**ના કીર્તિવંત પ્રકાશરૂપી કિરણો વધારે ને વધારે પ્રમાણમાં દાખલ થવા દો.

ઉચ્ચ ભાવના રૂપી પાંખો વડે આનંદસ્વર્ગમાં ઉડો; નિડર બનો; મહાન શક્તિઓની પ્રાપ્તિ સંભવિત છે એમ દૃઢપણે માનો; તદ્દન શાન્ત અને ડાઘ વગરની જીંદગી સંભવીત છે એમ શ્રદ્ધા રાખો; ઊંચામાં ઊંચું સત્ય મળી શકે છે એમ શ્રદ્ધા રાખો. આવી શ્રદ્ધા રાખનાર માણસ સ્વર્ગીય ઊંચાઇ

તરફ ઝપાટાબંધ આગળ વધે છે. જેઓમાં આવી શ્રદ્ધા નથી તેઓ વહેમના ઝાકળમાં ભટક્યાજ કરે છે અને દુઃખ પામ્યાજ કરે છે.

આ પ્રમાણે શ્રદ્ધા રાખવાથી—આ પ્રમાણે ઉચ્ચ ભાવના ભાવવાથી—આ પ્રમાણે 'ધ્યાન'માં મશગુલ થવાથી તહમને અત્યન્ત મધુરો આત્મિક અનુભવ મળશે અને તહમને એવાં એવાં **ગુપ્ત દર્શન થશે** કે જેથી તહમે હર્ષઘેલા જેવા બનશો. જેમ જેમ તહમે સર્વોત્કૃષ્ટ પ્રેમ અને સર્વોત્કૃષ્ટ ભલાઇનો અનુભવ કરતા જશો તેમ તેમ તહમને ઊંડો આનંદ **થતો** જશે, તહમારા હૃદયમાં ઊંડી શાન્તિ બિરાજશે, જૂની પુરાણી ચીજો—ઘણા વખતની માનસિક બલાઓ દૂર થશે અને તહમે તદ્દન નવાજ બની જશો. સ્થૂળ વિશ્વનો પડદો કે જે મૂર્ખ માણસની આંખથી ભેદી શકાય તેમ નથી પણ જે સત્યની આંખથી તો તદ્દન પારદર્શકજ લાગે છે તે પડદો તહમારી દૃષ્ટિ આગળથી વિંટાઇ જશે અને આત્મિક **વિશ્વનાં તહમને દર્શન થશે.** એ પ્રસંગે 'વખત' બંધ થશે અને તહમે આદિ અંત **રહીત** સ્થિતિનો અનુભવ કરશો. સ્થિતિઓનો ફેરફાર અને મૃત્યુ એ તહમને દુઃખ કે ચિંતા ઉપજાવી શકશે નહિ; કારણ કે તહમે તો અચલ, અમર, અવ્યાબાધ સ્થિતિમાં સ્થિત થઈ ચૂક્યા છો.

પ્રથમ ભાગ સમાપ્ત.

છેવટના બે બોલ.

પ્રિય પાઠક ! જે જ્ઞાન, **આદિ વગરના** ભૂતથી જૂદી જૂદી જીભો અને કલમો દ્વારા જૂદા જૂદા રૂપમાં ચાલ્યું આવ્યું છે અને જે જ્ઞાન, **અંત વગરના** ભવિષ્યમાં તેમજ ચાલ્યા કરવાને નિર્માયલું છે તે જ્ઞાનનું એક કિરણ મ્હને જે કોઈ મુખથી—જે કાંઇ સાધનથી—જે કાંઇ સ્ફુરણથી પ્રાપ્ત થયું તેવાજ રૂપમાં તે કિરણ આપની સમક્ષ રજુ કર્યું છે. એની નવિનતા સમ્બન્ધી હું કાંઇ હક્ક કરતો નથી, કે એના ઉત્તમપણા માટે જીદ કરતો નથી; ત્હમને જ જો તે અનુકૂળ લાગે તો ત્હમારા હૃદયમાં ત્હેને પેસવા દેજો, નહિ તો ખુશીથી તે હૃદયનાં દ્વાર તે કિરણ સામે બંધ કરજો. પસંદગી ત્હમને સોંપું છું. પણ જો ત્હમને એ કિરણથી જરા પણ દીલાસો મળે, જો ત્હમારા હૃદયમાં એ કિરણ જરા પણ હુંફ ઉત્પન્ન કરે, જો ત્હમારી ચિંતાનો બોજો એ કિરણના સ્પર્શથી તિલ માત્ર પણ ઓછો થાય, જો ત્હમારા સંજોગો એ કિરણ આગળ નમી જતા જોવામાં આવે, તો, ઓ પ્રિય પાઠક ! તો તું એનો **બીજો ભાગ** કોઇ સ્થળેથી વાંચી લેવા ચૂકતો ના.